દૈનિક
મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 88 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 April 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૧૩ એપ્રિલ ૨૦૨૪ (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૬ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઈડી દ્વારા ₹ ૫૧૫.૬ કરોડની પ્રોપર્ટી જપ્ત

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

ભાજપનો બંધારણ પ્રત્યે આદરભાવઃ મોદી ૨

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી અને રેશનિંગ કૌભાંડમાં કરાયેલી કાર્યવાહી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના શિક્ષક ભરતી અને અનાજની જાહેર વિતરણ વ્યવસ્થા (રેશનિંગ) કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) દ્વારા અત્યાર સુધીમાં અંદાજે રૂપિયા ૫૧૫.૬ કરોડની સંપત્તિ જપ્ત કરાઇ હતી અને તૃણમૂલ કૉંગ્રેસના ત્રણ ધારાસભ્યની ધરપકડ કરાઇ હતી અને વધુ એક નેતાની તેમ જ અન્ય કેટલાક લોકોની સઘન પૂછપરછ કરાઇ રહી છે.

પશ્ચિમ બંગાળના શિક્ષક ભરતી કૌભાંડની તપાસ સીબીઆઇ દ્વારા શરૂ કરાઇ હતી અને ત્યાર બાદ ઇડી દ્વારા પણ કાળાં નાણાં ધોળાં કરવાની પ્રવૃત્તિ-વિરોધી ધારા હેઠળ વધુ કાર્યવાહી કરાઇ રહી છે.

ઇડી દ્વારા અનાજની જાહેર વિતરણ વ્યવસ્થા (રેશનિંગ) કૌભાંડમાં પશ્ચિમ બંગાળનાં ભૂતપૂર્વ પ્રધાન જ્યોતિ પ્રિયા મલિક અને તૃણમૂલ કૉંગ્રેસના નેતા શંકર આઢ્યાની રૂપિયા ૧૫૦ કરોડથી વધુની મિલકતને ટાંચ મરાઇ હતી. અનાજના જાહેર વિતરણને લગતું આ કૌભાંડ રૂપિયા ૧૦,૦૦૦ કરોડથી વધુનું હોવાનું કહેવાય છે. તેના સંદર્ભમાં મલિક, તેમના સહાયક બાકીબુર રહેમાન અને શંકર આઢ્યાની ધરપકડ કરાઇ હતી.

ઇડી દ્વારા જપ્ત કરાયેલી મિલકતમાં મલિકના સોલ્ટ લેક અને બોલપુરમાંના ઘર, રહેમાનની બે હોટેલ, બૅન્કોમાંના વિવિધ ખાતાંમાંની રકમ અને ફિક્સ્ડ ડિપોઝિટ્સનો સમાવેશ થાય છે.

શિક્ષક ભરતી કૌભાંડમાં પ્રસન્નકુમાર રોય અને શાંતિપ્રસાદ સિંહાની જમીન અને ફ્લેટને ટાંચ મારવામાં આવી છે. પ્રસન્નકુમાર આ પ્રકરણમાં વચેટિયાની ભૂમિકા ભજવતા હોવાનું અને ઉમેદવારો પાસેથી પૈસા વસૂલ કરતા હોવાનું કહેવાય છે.

શાંતિપ્રસાદ સિંહા પશ્ચિમ બંગાળના શાળા સેવા આયોગના સલાહકાર હતા.

શિક્ષક ભરતી કૌભાંડના સંબંધમાં ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન પાર્થ ચેટરજી સહિત તૃણમૂલ કૉંગ્રેસના ત્રણ ધારાસભ્યની ધરપકડ કરાઇ છે અને અન્ય કેટલાક નેતા કસ્ટડીમાં છે. તૃણમૂલના સાંસદ અભિષેક બેનરજીની સીબીઆઇ અને ઇડી દ્વારા પૂછપરછ કરાઇ રહી છે. તેઓ મુખ્ય પ્રધાન મમતા (જુઓ પાનું ૨) ▸▸

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 67,950/-
PER 10 GRAMS OF
22KT BIS HALLMARKED
JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

કાશ્મીરને રાજ્યનો દરજ્જો જલદી અપાવીશું: મોદી

વિધાનસભાની ચૂંટણી યોજવાની બાંયધરી

સુરેશ એસ. ડુગ્ગર

ઉધમપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં ચૂંટણીપ્રચાર માટેની જાહેરસભાને સંબોધતા જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો જલદી અપાવવાની સાથે રાજ્ય વિધાનસભાની ચૂંટણી યોજવાની બાંયધરી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ દૂર કરાશે, તો હિંસા ભડકવાની ચીમકી આપનારા વિપક્ષના નેતાઓને સુરક્ષા દળના જવાનોએ 'અરીસો બતાવી દીધો' છે. વિપક્ષના નેતાઓ અફવા ફેલાવી રહ્યા છે અને હવે દાવો કરે છે કે બંધારણની કલમ ૩૭૦ હટાવવાથી દેશને કોઇ લાભ નથી થયો.

ઉધમપુરની જાહેરસભામાં જમ્મુ અને કાશ્મીરના ભાજપ એકમના અધ્યક્ષ રવીન્દ્ર રૈનાએ મોદીને 'ડોગરી પાઘડી' પહેરાવીને તેમનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે ભાજપના નેતાઓ ડૉ. જિતેન્દ્ર સિંહ, જુગલ કિશોર શર્મા, રાજ્યસભાના સાંસદ ગુલમ અલી ખટાના સહિત અન્ય હાજર રહ્યા હતા. મોદીએ જણાવ્યું હતું કે ચૂંટણી દ્વારા માત્ર સાંસદ જ પસંદ નથી કરાતો, પરંતુ દેશને મજબૂત કરવાનું કામ પણ થાય છે. અહીં હવે ત્રાસવાદ, ભાગલાવાદ, સરહદ પરનો (જુઓ પાનું ૨) ▸▸

ભારતનો આર્થિક વિકાસદર ૬.૧ ટકા રહેશેઃ મૂડીઝ

નવી દિલ્હીઃ મૂડીઝ એનાલિટિક્સે ૨૦૨૪માં ભારતનો આર્થિક વિકાસદર ૬.૧ ટકા રહેવાની શુક્રવારે આગાહી કરી હતી. આ દર ૨૦૨૩ના ૭.૭ ટકા વિકાસદરથી ઓછો છે. તેણે ભારતમાં ૨૦૨૪માં ઉત્પાદન (આઉટપુટ)ની સરેરાશ ટકાવારીમાં પણ ઘટાડો થવાની આગાહી કરી હતી. મૂડીઝ એનાલિટિક્સે 'એપીએસી આઉટલુકઃ લિસનિંગ થ્રુ ધ નોઇસ' મથાળા હેઠળના અહેવાલમાં જણાવ્યું હતું કે દક્ષિણ અને અગ્નિ એશિયામાં ચાલુ વર્ષે આર્થિક વિકાસ દુનિયાના અન્ય વિસ્તારની (જુઓ પાનું ૨) ▸▸

સેન્સેક્સના કડાકા સાથે રોકાણકારોના ₹ ૨.૫૨ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિક્રમી તેજી સાથે ૭૫,૦૦૦ની સપાટી વટાવીને એક નવો ઇતિહાસ રચવાની દિશામાં આગળ વધી રહેલા સેન્સેક્સમાં સપ્તાહના અંતિમ દિવસે ૭૯૩.૨૫ પોઇન્ટનો કડાકો બોલી ગયો હોવાથી રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૨.૫૨ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે.

અમેરિકાના ઇન્ફ્લેશનના ડેટા બાદ ફેડરલ વ્યાજદરમાં ઘટાડો કરવાનું વધુ પાછળ ઠેલશે એવી આશંકા વચ્ચે વેચવાલીનું દબાણ વધવાને કારણે સેન્સેક્સ ૭૯૩.૨૫ પોઈન્ટ અથવા ૧.૦૬ ટકા ઘટીને ૭૪,૨૪૪.૯૦ પોઇન્ટની સપાટી પર અને નિફ્ટી ૫૦ ૨૩૪.૪૦ પોઈન્ટ અથવા ૧.૦૩ ટકા ઘટીને ૨૨,૫૧૯.૪૦ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો.

સેન્સેક્સ અને નિફ્ટીએ ૧૨ એપ્રિલે વ્યાપક જોરદાર અને એકધારી વેચવાલીના દબાણને કારણે એક ટકાના નોંધપાત્ર ધોવાણનો ફટકો ખાધો છે. તમામ સેકટરલ ઇન્ડેક્સમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. કુલ ટ્રેડેડ શેરોમાં લગભગ ૧,૨૮૦ શેર વધ્યા, ૨,૦૧૭ શેર ઘટ્યા અને ૬૪ શેર યથાવત રહ્યા હતા.

સન ફાર્મા, મારુતિ, પાવર ગ્રીડ, ટાઇટન, જેએસડબલ્યુ સ્ટીલ, ટેક મહિન્દ્રા, લાર્સન એન્ડ ટૂબ્રો અને સ્ટેટ બેન્ક ટોપ લુઝર્સની યાદીમાં હતા. જ્યારે ટાટા મોટર્સ, ટીસીએસ અને નેસ્લે ટોપ ગેઇનર્સ હતા. ભારતી હેક્સાકોમનો શેર શેરબજારની નબળી સ્થિતિ વચ્ચે ૩૨.૪૫ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા બાદ તેના રૂ. ૫૭૦ના ઇશ્યૂ ભાવ સામે ૪૩ ટકાના ઉછાળા સાથે રૂ. ૭૫૫.૨૦ની સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટીમાં ડિવિસ લેબોરેટરીઝ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, નેસ્લે અને ટીસીએસ (જુઓ પાનું ૨) ▸▸

પ્રીમીયમ પેકેજ
ચારધામ
લેહ-લદાખ
કાશ્મીર
ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી,
મુંબઈ ફાસ્ટ ફુડ, પ્યોર વેજ. રસોડું.
Hazel Tours
Khar (W), Since 2003
PANKAJ CHHEDA
©9869559938

ગુજરાતનું પાણી રોકશે રાજસ્થાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત અને રાજસ્થાન વચ્ચે પાણી માટે વિખવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. બજાજ સાગર ડેમ કડાણા ડેમ પાસે બાકી નીકળતા પૈસા માંગ્યા છે. જો ગુજરાત સરકાર નાણાં નહિ ચૂકવે તો રાજસ્થાન સરકાર પાણી બંધ કરશે. કડાણા ડેમની ઉપર આવેલા બાંસવાડા ડેમમાંથી પાણી બંધ કરવાની ચીમકી આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પાણી મુદ્દે ગુજરાત અને રાજસ્થાન વચ્ચે ટકરાવ ચાલી રહ્યો છે. ગુજરાત સરકારે ૩૧ કરોડ રૂપિયા રાજસ્થાન સરકારને આપવાના બાકી છે. રાજસ્થાનના ચીફ એન્જિનિયરનો દાવો છે કે ૩૧ કરોડ રૂપિયાનું પેમેન્ટ બાકી છે. તેથી ગમે ત્યારે રાજસ્થાન સરકાર ગુજરાતને પાણી ન આપવાનો નિર્ણય કરી શકે છે. કડાણા સિંચાઈ વિભાગનો દાવો છે કે કોન્ટ્રાક્ટેડ પાણી મળતું નથી. જેમાં બાંસવાડા ડેમમાંથી કડાણા ડેમમાં પાણી આવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહીસાગરમાં પાણી માટે યુદ્ધ શરૂ થયું છે. જો ગુજરાત સરકાર પૈસા નહીં આપે તો રાજસ્થાન સરકાર પાણી બંધ કરશે. કડાણા ડેમ ઉપરના બાસવાડા ડેમમાંથી (જુઓ પાનું ૨) ▸▸

ઉ. ગુજરાત અને દાહોદમાં વાવાઝોડાં સાથે વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. દાહોદના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. દાહોદ જિલ્લાના દાહોદ , ઝાલોદ, ગરબાડા પંથકમાં આકરા તાપ વચ્ચે ભારે પવન અને કરા સાથે વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી વહેતાં થયાં હતાં. ભારે પવન ફૂંકાતા દુકાન પાસેના શેડના છાપરાં ઉડતાં જોવાં મળ્યાં હતાં. પંથકમાં ધોધમાર વરસાદના પગલે વીજળી ડુલ થવા પામી હતી. ખુલ્લામાં મૂકેલું અનાજ પણ પલળી ગયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ શહેરમાં આકરી ગરમી વચ્ચે જ કરા સાથે ધોધમાર કમોસમી વરસાદ પડ્યો હતો. શહેરના રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. દાહોદ શહેર ઉપરાંત જિલ્લાના ઝાલોદના લીમડી, વરોડ, મિરાખેડી, કચુંબર સહિતના ગામોમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. મિરાખેડી આસપાસ કરા સાથે વરસાદ વરસતા ધરતીપુત્રો ચિંતિત બન્યા હતા. દાહોદમાં તોફાની વરસાદમાં માંડવ રોડ સબરાડા ગામમાં બે વ્યક્તિ પર આકાશી વીજળી પડતા (જુઓ પાનું ૨) ▸▸

કે. કવિતા સોમવાર સુધી સીબીઆઇની કસ્ટડીમાં

નવી દિલ્હીઃ દિલ્હીની એક કોર્ટે શુક્રવારે (બીઆરએસ) નેતા કે કવિતાને કથિત દિલ્હી એક્સાઇઝ પોલિસી કૌભાંડમાં ૧૫ એપ્રિલ સુધી સીબીઆઇની કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો હતો.

વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) તેમજ કવિતાના વકીલની દલીલો સાંભળ્યા બાદ આ આદેશ આપ્યો હતો. કે. કવિતાની સીબીઆઈ દ્વારા તિહાર જેલમાં ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ કવિતાની ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૪૭૭-એ (ખાતાઓનું ખોટાકરણ) અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૭ (જાહેર કર્મચારીને લાંચ આપવા સંબંધિત ગુનો) સાથે વાંચેલી કલમ ૧૨૦-બી (ગુનાહિત કાવતરું) હેઠળ ધરપકડ કરી હતી. ■

ઈરાન, ઈઝરાયલ હાલમાં નહિ જવા ભારતની નાગરિકોને સલાહ

નવી દિલ્હીઃ ભારતે પોતાના નાગરિકોને ઇરાન અને ઇઝરાયલની વચ્ચે વધેલી તંગદિલીને ધ્યાનમાં રાખીને આ બે દેશમાં હાલમાં નહિ જવાની સલાહ શુક્રવારે આપી હતી.

સિરિયામાંની ઇરાનની એલચી કચેરી પર તાજેતરમાં ઇઝરાયલે કરેલા હોવાનું કહેવાતા હુમલાને લીધે બન્ને દેશના સંબંધ વધુ વણસ્યા છે.

ઇરાને એલચી કચેરી પરના હુમલા માટે ઇઝરાયલને જવાબદાર ગણાવ્યું હતું અને બદલો લેવાની ધમકી આપી હતી.

ભારતના વિદેશ મંત્રાલયે ઇરાન અને ઇઝરાયલમાં રહેતા ભારતીયોને સલામતીનું ધ્યાન રાખવાની અને ઘરની બહાર બહુ ઓછા નીકળવાની પણ સલાહ આપી હતી.

તેણે ઇઝરાયલ અને ઇરાનમાં રહેતા ભારતીયોને ત્યાંની ભારતીય એલચી કચેરીના સંપર્કમાં રહેવાની અને ત્યાં પોતાના નામ, સરનામાની નોંધણી કરાવવાની પણ સૂચના આપી હતી. (એજન્સી)■

સ્મૃતિ ઈરાનીએ રાહુલ પર પંદર વર્ષથી અમેઠીના વિકાસની અવગણના કરવાનો આરોપ લગાવ્યો

અમેઠીઃ કેન્દ્રીય પ્રધાન અને અમેઠીથી ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાનીએ શુક્રવારે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને કૉંગ્રેસ પર અમેઠીના વિકાસની અવગણના કરવાનો આરોપ લગાવ્યો હતો.

યાદવ સમુદાયના લોકો સાથે વાત કરતા ઈરાનીએ કહ્યું કે, ''કેન્દ્રમાં સરકાર તેમની 'માતાજી' (સોનિયા ગાંધી)ની હતી અને યુપીમાં તેમનું સમર્થન હતું, પરંતુ રાહુલ ગાંધીએ ક્યારેય અમેઠીના વિકાસ વિશે વિચાર્યું ન હતું.''

ઈરાનીએ કહ્યું કે ગાંધી પરિવાર ખાસ કરીને રાહુલ ગાંધી ઈચ્છે છે કે અમેઠીના લોકો ગરીબ રહે. તેથી જ જ્યારે ગરીબ માણસનો પુત્ર ભારતનો મુખ્ય સેવક બને છે ત્યારે તેઓ તેને પચાવી શકતા નથી.

કૉંગ્રેસ કે ગાંધી પરિવાર નરેન્દ્ર મોદીને સ્વીકારવા સક્ષમ નથી, જેઓ ગરીબીનો સામનો કરીને, તેમની સખત મહેનત, પ્રામાણિકતા, સમર્પણ (જુઓ પાનું ૨) ▸▸

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

કૉંગ્રેસ-સીપીએમ લવ જેહાદનો ઉકેલ કેમ નથી લાવતા?

કેરળમાં લોકસભાની ૨૦ બેઠકો માટે ૨૬ એપ્રિલે એક તબક્કામાં મતદાન થવાનું છે પણ એ પહેલાં ધ કેરલ સ્ટોરી' ફિલ્મનો વિવાદ ચગ્યો છે. સરકારી ટીવી ચેનલ દૂરદર્શન પર ગયા અઠવાડિયે 'ધ કેરલ સ્ટોરી' ફિલ્મ બતાવાઈ તેની સામે કૉંગ્રેસ અને સીપીએમ વાંધો ઉઠાવીને ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી. દૂરદર્શને ધ કેરલ સ્ટોરી' ફિલ્મનું પ્રસારણ પાંચમી એપ્રિલે રાત્રે આઠ વાગ્યે કર્યું હતું.

પિનારાયીએ ચાર એપ્રિલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ મૂકેલી કે, લોકસભાની ચૂંટણી પહેલાં 'ધ કેરલ સ્ટોરી' બતાવવાથી સાંપ્રદાયિક તણાવ વધશે. પિનારાયીએ દૂરદર્શનને ભાજપ અને સંઘનું પ્રચાર મશીન નહીં બનવા પણ કહ્યું હતું. ભાજપ દૂરદર્શનનો ઉપયોગ લોકોમાં ધિક્કાર ફેલાવવા કરી રહ્યો છે એવો આક્ષેપ કરીને કેરળના મુખ્ય પ્રધાન પિનારાયી વિજયને તો કોર્ટમાં જવાની ધમકી પણ આપેલી.

દૂરદર્શન કૉંગ્રેસ કે સીપીએમના બાપની જાગીર નથી તેથી ધરાર આ ફિલ્મ બતાવાઈ. તેના કારણે ઊભો થયેલો ડખો પત્યો નથી ત્યાં હવે કેરળમાં ભારે પ્રભાવ ધરાવતા સાયરો માલાબારે ચર્ચમાં ધ કેરલ સ્ટોરી' ફિલ્મ બતાવવાનું એલાન કરતાં નવો ટ્વિસ્ટ આવ્યો છે.

લોકસભાની ચૂંટણી માટે મતદાનના માત્ર ૧૬ દિવસ પહેલાં કેરળમાં સૌથી મોટા કેથોલિક સંગઠન મનાતા સાયરો માલાબાર સીરિયન કેથોલિક ચર્ચે આગામી બે અઠવાડિયા દરમિયાન ૧૪ થી ૧૯ વર્ષની વયના ખ્રિસ્તી કિશોરોને 'ધ કેરલ સ્ટોરી' ફિલ્મ બતાવવાની જાહેરાત કરી છે. હવે પછીના બે રવિવારે સન્ડે પ્રેયર એટલે કે રવિવારની પ્રાર્થના પછી ૫૦૦ ચર્ચમાં 'ધ કેરલ સ્ટોરી' ફિલ્મ બતાવવામાં આવશે.

સાયરો માલાબાર ચર્ચે 'ધ કેરલ સ્ટોરી' ફિલ્મ બે, ત્રણ અને ચાર એપ્રિલે લગભગ ૩૦ જેટલાં થિયેટરોમાં બતાવેલી. કેરળની સ્કૂલોમાં ભણતા ધોરણ ૧૦,૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને ફ્રી ટિકિટ આપીને થિયેટરમાં મોકલાયેલાં. સાયરો માલાબાર ચર્ચે બે થી ચાર એપ્રિલ દરમિયાન ઇડુક્કીમાં ૩૦ સ્થળે ફિલ્મ દર્શાવી ત્યારે પણ કૉંગ્રેસ અને સીપીએમ વિરોધમાં કૂદી પડેલાં.

હવે સાયરો માલાબાર ચર્ચ એક કદમ આગળ વધ્યો છે. રવિવારની પ્રાર્થના પછી ૫૦૦ ચર્ચમાં તેનું સ્ક્રીનિંગ કરવામાં આવે એ પહેલાં ખ્રિસ્તી સમુદાયનાં ટીનેજર્સના ટ્રેનિંગ ક્લાસ લેવાશે. ટ્રેનિંગ ક્લાસમાં ફિલ્મના સ્ક્રીનિંગ પહેલા ટીનેજર્સને લવ જેહાદના ગેરફાયદા જણાવવામાં આવશે. લવ જેહાદ જેવા ષડયંત્રથી બચવાના ઉપાયો સમજાવતી પુસ્તિકા પણ આપવામાં આવશે કે જેથી બાળકો આ મુદ્દાને વધુ સારી રીતે સમજી શકે. સાયરો માલાબાર ચર્ચના મીડિયા ઇન્ચાર્જ ફાધર જીન્સ કરકકટે સ્પષ્ટ રીતે કહ્યું છે કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય લવ જેહાદને રોકવાનો છે અને એટલા માટે જ 'ધ કેરલ સ્ટોરી'નું સ્ક્રીનિંગ ગોઠવવામાં આવ્યું છે.

સાયરો માલાબાર ચર્ચની જાહેરાતથી કૉંગ્રેસ અને સીપીએમ ફફડી ગયાં છે કેમ કે કેરળની ૨૦ લોકસભા બેઠરોમાંથી આઠ બેઠકો પર સાયરો ચર્ચનો પ્રભાવ છે. કૉંગ્રેસ અને સીપીએમને લાગે છે કે, આ આખો ખેલ ભાજપના લાભાર્થે કરવામાં આવી રહ્યો છે.

સાયરો માલાબાર ચર્ચનું મુખ્ય મથક કોચીમાં છે અને તે દેશની સૌથી મોટી અને સૌથી જૂની ખ્રિસ્તી સંસ્થા છે. તેના ૪૬ લાખથી વધુ સભ્યો છે. આ ચર્ચ ૪,૮૬૦ શૈક્ષણિક, ૨૬૨ ધાર્મિક અને ૨,૬૧૪ આરોગ્ય અને સખાવતી સંસ્થાઓ ચલાવે છે. કેરળમાં ૧૯ ટકા વસતી ખ્રિસ્તીઓની છે. તેમાંથી બહુમતી સાયરો માલાબાર ચર્ચ સાથે સંકળાયેલા છે.

કૉંગ્રેસ અને સીપીએમના ફફડાટના કારણ એ છે કે, ભાજપ છેલ્લા ત્રણ વર્ષથી સાયરો ચર્ચને પોતાની તરફેણમાં લાવવા મથી રહ્યો છે. ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચર્ચના બિશપ સાથે અનેક વખત વાતચીત કરી હતી અને તેના કારણે ચર્ચ ભાજપ તરફ ઢળ્યો હતો. મણિપુર હિંસાને કારણે દેશભરનાં ચર્ચે ભાજપી પોતાને દૂર કરી લીધા ત્યારે સાયરો માલાબાર ચર્ચ પણ ભાજપથી દૂર થઈ ગયેલું. હવે લવ જેહાદનો વિરોધ કરવા માટે ભાજપે મદદ માહતાં ચર્ચ ભાજપ સાથે હાથ મિલાવી રહ્યો છે.

કૉંગ્રેસ અને સીપીએમ સહિતના પક્ષો કેવા દંભી છે તેનો આ પુરાવો છે. કેરળમાં લવ જિહાદનો મુદ્દો લાંબા સમયથી ગાજી રહ્યો છે અને હિંદુવાદી સંગઠનોની સાથે સાથે ખ્રિસ્તી સંગઠનો પણ આ મુદ્દાને ઉઠાવી રહ્યાં છે કેમ કે મુસ્લિમ કટ્ટરવાદીઓ હિંદુઓની છોકરીઓની સાથે સાથે ખ્રિસ્તી છોકરીઓને પણ નિશાન બનાવી રહ્યા છે. ખ્રિસ્તી સંગઠનોએ આ મુદ્દે રજૂઆત કરી ત્યારે કૉંગ્રેસે સીપીએમની સરકાર કશું કરતી નથી એમ કહીને દોષનો ટોપલો તેમના પર ઢોળી દીધેલો અને સાયરો માલાબાર ચર્ચને કોઈ મદદ કરી નહોતી. હવે સાયરો માલાબાર ચર્ચ પોતાની રીતે રસ્તો શોધી રહ્યો છે તો તેમને તકલીફ પડી રહી છે.

સાયરો માલાબાર ચર્ચ અત્યાર લગી કૉંગ્રેસના પડખે રહેતું હતું. કૉંગ્રેસે વરસો સુધી તેનો રાજકીય ફાયદો લીધો પણ ખ્રિસ્તી વર્સીસ મુસ્લિમોના જંગમાં કૉંગ્રેસ મુસ્લિમોની તરફદાર બની ગઈ પછી સાયરો ચર્ચ ભાજપ તરફ ઢળે તેમાં કશું ખોટું નથી.

કૉંગ્રેસ અને સીપીએમને ડર છે કે, આ રીતે ભાજપ કેરળમાં ઘૂસી જશે. કેરળમાં ૧૯ ટકા વસતી ખ્રિસ્તીઓની છે જ્યારે ૨૫ ટકા મુસ્લિમો છે, બાકીના ૫૬ ટકા હિંદુ છે. હિંદુ અને ખ્રિસ્તી એક થઈ જાય તો કૉંગ્રેસ અને સીપીએમ બંનેની ખટિયા ખડી થઈ જાય તેથી બંને ઉધામા કરી રહ્યાં છે.

તકલીફ એ છે કે, બંને લવ જિહાદની સમસ્યાવા ઉકેલ માટે કશું કરવાના બદલે વાહિયાત વાતો કરી રહ્યાં છે. સીપીએમનું કહેવું છે કે, લોકસભાની ચૂંટણીઓ નજીક હોવાથી ભાજપે વિવાદાસ્પદ ફિલ્મ દર્શાવીને તેના રાજકીય એજન્ડાને આગળ ધપાવવાનાં ફાંફાં મારી રહ્યાં છે. ભાજપ કેરળના સમાજમાં સ્વીકૃત બનવા અસમર્થ છે તેથી આ બધા દાવપેચ કરે છે. સવાલ એ છે કે, ભાજપ કેરળમાં ઘૂસી શકે તેમ જ નથી તો પછી એક ફિલ્મથી શું કરવા ડરી રહ્યા છો?

આ ફિલ્મ કેરળને બદનામ કરતી હોવાનો દાવો પણ કરાય છે. કેરળની ૩૨ હજાર મહિલાઓનું ધર્મ પરિવર્તન કરીને મુસ્લિમ બનાવાઈ હોવાની વાત ખોટી હોવાનો દાવો કરાઈ રહ્યો છે. આ દાવો ખોટો હોઈ શકે કેમ કે આ ફિલ્મ છે, ડોક્યુમેન્ટરી નથી.

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), શનિવાર, તા. ૧૩-૪-૨૦૨૪ મેષ સંક્રાંતિ

- ભારતીય દિનાંક ૨૪, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર મૃગશીર્ષ મધ્યરાત્રે ક. ૨૪-૪૮ સુધી, પછી આર્દ્રા
- ચંદ્ર વૃષભમાં ક. ૧૨-૪૩ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી :બપોરે ક.૧૫-૩૩,મધ્યરાત્રિ પછી ક.૦૩-૦૭(તા.૧૪)
- ઓટઃ સવારે ક.૦૮-૨૩,રાત્રે ક.૨૧-૨૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - પંચમી. મેષ સંક્રાંતિ, સૂર્ય અશ્વિની નક્ષત્ર ,મેષ રાશિ પ્રવેશ ક. ૨૧-૦૩, પુણ્યકાળ બપોરે ક. ૧૨-૪૦ થી સાંજે ૧૮-૫૯. શ્રી પંચમી, હયવ્રત, કલ્પાદિ, કમુહૂર્તા સમાપ્ત.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.બપોરે ક. ૧૨-૪૦ થી સાંજે ૧૮-૫૯માં શુભ માંગલિક કાર્યો વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ તર્પણ, શ્રાદ્ધ, શનિ-છંદ્ર દેવતાનું પૂજન, ખેરનું વૃક્ષ વાવવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, હનુમાનજીનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, બી વાવવું.
- નવરાત્રિ મહિમાઃ આજે માતા સ્કન્દમાતા દેવીની પૂજા - અર્ચના - ભક્તિ કરવામાં આવે છે. મોક્ષના દ્વાર ખોલવાવાળી પરમ સુખદાયી મા સ્કન્દમાતા છે. મા પોતાનાં બાળકોની સર્વ ઈચ્છાઓ પૂર્ણ કરે છે. આત્મશક્તિના ત્રિગુણાત્મક ત્રણ રૂપ છે. સાત્ત્વિક રૂપ સરસ્વતી છે. રાજસી રૂપમાં લક્ષ્મી છે. તામસી રૂપમાં મા દુર્ગા છે. સરસ્વતી બુદ્ધિ દેવી છે. બુદ્ધિને શકિત અને અધર્મથી પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે. જૈ વૈભવથી પ્રભાવિત નથી થતી, રજોમય, લક્ષ્મી શ્રમ, ઊર્જા અને વૈભવ દાયિની છે. ઊર્જા, શ્રમ અને શ્રી લક્ષ્મીની સંપન્નતાથી રાષ્ટ્ર ભૌતિક, આધ્યાત્મિક આરોગ્ય રૂપે પરમવિકાસ પ્રાપ્ત કરે છે.
- આચમનઃચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ કારોબારમાં સફળતા મેળવે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ.
- ગોચરગ્રહોઃગ્રહગોચરઃ સૂર્ય-મીન /મેષ , મંગળ-કુંભ,વક્રી બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે માર્યો ટોણો, કહ્યું- ડાયનોસોરની જેમ વિલુપ્ત થઇ જશે કૉંગ્રેસ

ગૌચર (ઉત્તરાખંડ): રક્ષા પ્રધાન રાજનાથ સિંહ લોકસભા ચૂંટણી પ્રચારને વેગ આપવા માટે ઉત્તરાખંડના ગૌચર પહોંચ્યા હતા. અહીં તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસ પાર્ટી થોડા વર્ષો પછી ડાયનાસોરની જેમ ગાયબ થઈ જશે. તે બિલકુલ દેખાશે નહીં. ભાજપના નેતાએ કૉંગ્રેસની અંદરની લડાઈની તુલના ટેલિવિઝન રિયાલિટી શો બિગ બોસના ઘર સાથે કરી હતી.

કૉંગ્રેસ પર નિશાન સાધતા કેન્દ્રીય રક્ષા પ્રધાન રાજનાથ સિંહે કહ્યું હતું કે કૉંગ્રેસમાંથી નેતાઓનું પલાયન ચાલુ છે. તેઓ એક પછી એક પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ રહ્યા છે. મને ડર છે કે હવેથી થોડા વર્ષોમાં કૉંગ્રેસ ડાયનાસોરની જેમ અદૃશ્ય થઈ જશે. તેમણે કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી બાળકો પણ પાર્ટીને ઓળખશે નહીં.

રાજનાથ સિંહે કહ્યું હતું કે કૉંગ્રેસના નેતાઓ રોજ એકબીજા સાથે લડી રહ્યા છે. પાર્ટી કંઈક અંશે ટેલિવિઝન પર બિગ બોસના ઘર જેવી બની ગઈ છે. તેઓ દરરોજ એકબીજાના કપડા ફાડી રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનામાં કૉંગ્રેસના મોટી સંખ્યામાં નેતાઓ પાર્ટી છોડીને એનડીએમાં જોડાયા બાદ તેમનું નિવેદન આવ્યું છે.

સંરક્ષણ પ્રધાને કહ્યું કે હું તમને બધાને એક વાત કહેવા માંગુ છું કે મેં ક્યારેય કોઈ વડા પ્રધાનની ટીકા કરી નથી. કૉંગ્રેસ પાર્ટી હોય કે અન્ય કોઈ પાર્ટીના વડા પ્રધાન હોય. કૉંગ્રેસ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે કૉંગ્રેસના શાસનમાં ભ્રષ્ટાચાર ખૂબ જ વકર્યો હતો. વડા પ્રધાન મોદીએ જનધન ખાતા ખોલીને ભ્રષ્ટાચારને ખતમ કરવાનું કામ કર્યું છે.

દિલ્હી કેબિનેટમાંથી રાજીનામું આપનારા રાજ કુમાર આનંદના ઘર બહાર આપનું વિરોધ પ્રદર્શન

નવી દિલ્હીઃ દિલ્હી કેબિનેટ અને આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપનારા રાજ કુમાર આનંદના ઘર બહાર આપના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આપ કાર્યકરોએ શુક્રવારે પટેલ નગરમાં તેમના નિવાસસ્થાનની બહાર વિરોધ નોંધાવ્યો હતો. આપ કાર્યકર અંકુશ નારંગે કહ્યું હતું કે આનંદ છેલ્લા ચાર વર્ષથી આપ માટે કામ કરી રહ્યા છે. તેમણે તેમને વોટ આપનારાઓને વિકાસના અનેક પ્રોજેક્ટનું વચન આપ્યું હતું. તેમના મત વિસ્તારના લોકો છેતરપિંડી થયાનો અનુભવ કરી રહ્યા છે.

નોંધનીય છે કે આનંદ પટેલ નગર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય છે. આનંદે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રવેશ રત્નને હરાવીને ૨૦૨૦ની દિલ્હી વિધાનસભાની ચૂંટણી જીતી હતી. આનંદે બુધવારે કેબિનેટમાંથી રાજીનામું આપ્યું હતું અને ભ્રષ્ટાચાર અને દલિતોને પક્ષમાં પ્રતિનિધિત્વ ન આપવાનો આરોપ લગાવીને પાર્ટી છોડી દીધી હતી.

પાર્ટીના કાર્યકરોએ દાવો કર્યો હતો કે કેટલાક દેખાવકારોની પોલીસે અટકાયત પણ કરી છે. નારંગે કહ્યું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના દરોડાથી ડરીને આનંદે પાર્ટી છોડવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું હતું કે 'ઘણા આપ કાર્યકરો અને પટેલ નગરના રહેવાસીઓએ તેમનો વિરોધ કર્યો, જેમાં અમારા કેટલાક કાર્યકરોની પોલીસે અટકાયત પણ કરી છે.'

કૉંગ્રેસે કલમ ૩૭૦ને બાળકની જેમ પોષી છેઃ અમિત શાહ

મુરાદાબાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગને કલમ ૩૭૦ નાબૂદ કરવા અંગેની તેમની તાજેતરની ટિપ્પણી મામલે આડે હાથ લેતા આકરા પ્રહાર કર્યા હતા. મુરાદાબાદમાં એક ચૂંટણી સભાને સંબોધતા શાહે કહ્યું હતું કે કૉંગ્રેસના ખડગેજી પૂછે છે કે રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના લોકોને કાશ્મીર સાથે શું લેવાદેવા છે. હું તેમને કહેવા માંગુ છું કે મુરાદાબાદનું દરેક બાળક કાશ્મીર માટે પોતાનો જીવ આપવા તૈયાર છે. તેમણે કહ્યું કે ૭૦ વર્ષથી કૉંગ્રેસે અનુચ્છેદ ૩૭૦ને પોતાના બાળકની જેમ પોષ્યું છે. શાહે ઉમેર્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કાશ્મીર કાયમ માટે ભારત સાથે એક થઇ ગયું છે.

ભાજપ બંધારણ પ્રત્યે ઉચ્ચ આદરભાવ ધરાવે છેઃ મોદી

જયપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જણાવ્યું હતું કે અમારી સરકાર દેશના બંધારણ પ્રત્યે ઉચ્ચ આદરભાવ ધરાવે છે અને બાબાસાહેબ આંબેડકર પણ અત્યારે આવે તો તેઓ પણ તેને નાબૂદ કરી ન શકે.

વિપક્ષના નેતાઓ ભાજપ પર દેશના બંધારણને નુકસાન પહોંચાડવાનો અને દેશને નબળો પાડવાનો આક્ષેપ કરી રહ્યા છે.

મોદીએ બાડમેરમાં ચૂંટણીપ્રચાર માટેની જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે ભાજપ સરકાર માટે દેશનું બંધારણ સર્વોપરી છે. કૉંગ્રેસે પોતાના શાસન વખતે દેશમાં કટોકટી લાદીને બંધારણને નુકસાન પહોંચાડવાના દરેક પ્રયાસ કર્યા હતા.

ભાજપના સાંસદ અનંતકુમાર હેગડેએ તાજેતરમાં જણાવ્યું હતું કે દેશના બંધારણમાં સુધારા કરવા માટે અમારા પક્ષને લોકસભાની ચૂંટણીમાં બે-તૃતીયાંશ બહુમતીની જરૂર છે. તેમના આ નિવેદન બાદ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપનું લક્ષ્ય બાબાસાહેબ આંબેડકરના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા દેશના બંધારણને નુકસાન પહોંચાડવાનું છે.

મોદીએ જણાવ્યું હતું કે વિપક્ષોની યુતિના ચૂંટણીઢંઢેરામાં અણુશસ્ત્રો નાબૂદ કરવાનો ઉલ્લેખ છે. શું અણુશસ્ત્રોવાળા પાડોશીઓ ધરાવતા ભારત જેવા દેશ માટે પોતાના અણુશસ્ત્રો નાબૂદ કરવાની વાત યોગ્ય છે? વિપક્ષોની યુતિ દેશને 'શક્તિહીન' બનાવવા માગે છે.

વડા પ્રધાને આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસ પક્ષ રાષ્ટ્ર-વિરોધી પરિબળોની સાથે છે અને તેણે પોતાના શાસનકાળમાં વિકાસના મોટા કાર્ય નહોતા કર્યા, જ્યારે અમારી સરકાર દેશને વધુ શક્તિશાળી બનાવી રહી છે અને ઝડપથી વિકાસ કરાવી રહી છે. (એજન્સી)

માલદીવ આયાત માટે સ્થાનિક ચલણમાં ચુકવણી કરવા ભારત સાથે ચર્ચા કરી રહ્યું છેઃ પ્રધાન

માલેઃ માલદીવ હાલમાં તેના ચલણ રુફિયામાં આયાત માટે ચૂકવણી કરવા માટે ભારત સાથે ચર્ચા કરી રહ્યું હોવાનું એક વરિષ્ઠ પ્રધાને જણાવ્યું હતું.

આર્થિક વિકાસ પ્રધાન મોહમ્મદ સઇદે જણાવ્યું કે ચીનથી સામાનની આયાત અંગે પણ આ જ ચર્ચા ચાલી રહી છે. માલદીવ દર વર્ષે ભારત અને ચીન પાસેથી અનુક્રમે ૭૮૦ મિલિયન અમેરિકન ડૉલર અને ૭૨૦ મિલિયન અમેરિકન ડૉલર માલની આયાત કરે છે. સમાચાર પોર્ટલ એડિશનડોટએમવી અનુસાર ૨૧ એપ્રિલે સંસદીય ચૂંટણી પહેલા રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુની લામુ એટોલની મુલાકાત દરમિયાન માવા ટાપુ પર આયોજિત એક કાર્યક્રમમાં સઇદે આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે જો શાસક પક્ષ સંસદમાં બહુમતીથી જીતે છે તો તેઓ લગભગ બે વર્ષની અંદર ડૉલરના દરને સત્તાવાર બજાર કિંમતો પર પાછા લાવવામાં સક્ષમ હશે.

સઇદે કહ્યું કે તેનો ઉદ્દેશ્ય એ છે કે ભારતમાંથી આયાત કરવામાં આવતા માલની ચૂકવણી માલદીવના ચલણ રૂફિયામાં થઇ શકે. તેમણે કહ્યું કે માલદીવ અન્ય કોઇ રાષ્ટ્ર સાથે સંબંધો તોડી નાખે એવો દેશ નહોતો અને અમે વેપાર માટે ખુલ્લો દેશ છીએ. પ્રધાને પણ ખુલાસો કર્યો કે માલદીવે ચીનની સેન્ટ્રલ બૅન્કના ગવર્નરને માલદીવની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું છે. બન્ને દેશો વચ્ચે કરન્સી સ્વેપ એગ્રિમેન્ટ પર હસ્તાક્ષર કરવાના પ્રયાસો પણ ચાલી રહ્યા છે.

અમેરિકામાં બિહાર દિવસ ઉજવાયો

વોશિંગ્ટનઃ અમેરિકામાં બિહારી સમુદાયના સભ્યોએ ભારતમાં તેમના ગૃહ રાજ્યના વિકાસ માટે કામ કરવાની પ્રતિબદ્ધતા સાથે બિહાર દિવસની ઉજવણી કરી હતી.

આ પ્રસંગે ઉદ્યોગસાહસિક અને પરોપકારી સત્યમ સિન્હાએ 'એડોપ્ટ એ વિલેજ' કાર્યક્રમ હેઠળ ૧૫ ગામોને સમર્થન આપવા ૨૦,૦૦૦ ડૉલરનું દાન આપવાની જાહેરાત કરી હતી. બિહાર રાજ્યના સ્થાપના દિવસે બિહાર ફાઉન્ડેશન ઓફ યુએસએ-વેસ્ટ કોસ્ટ ચેપ્ટર સંસ્થા દ્વારા અહીં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

બિહાર ફાઉન્ડેશન ઓફ યુએસએ-વેસ્ટ કોસ્ટ ચેપ્ટર સાથે સંકળાયેલા રાજીવ સિંહાએ જણાવ્યું હતું કે આજે અમે અહીં પ્રતિજ્ઞા લેતા આનંદ અનુભવીએ છીએ કે બિહારના લોકોના જીવનને સુધારવા માટે અમે જે યોગદાન આપી શકીએ તે આપીશું.

બેંગલૂરુ બ્લાસ્ટ કેસમાં બે આતંકવાદીની ધરપકડ મામલે ભાજપ અને ટીએમસી આમને-સામને

કોલકાતાઃ બેંગલૂરુંના રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસમાં પશ્ચિમ બંગાળમાંથી બે આરોપીઓની ધરપકડથી રાજ્યમાં રાજકીય ગરમાવો આવ્યો છે. ટીએમસી શાસને રાજ્યને આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બનાવી દીધું હોવાનો વિરોધ પક્ષ ભાજપે દાવો કર્યો હતો.

પશ્ચિમ બંગાળમાં ભાજપના સહ-પ્રભારી અમિલ માલવિયાએ એક્સ પર જણાવ્યું હતું કે એનઆઇએએ રામેશ્વરમ કાફે વિસ્ફોટના બે મુખ્ય શકમંદો, બોમ્બર મુસાવીર હુસૈન શાઝીબ અને સાથી અબ્દુલ મતીન અહેમદ તાહાને કોલકાતાથી અટકાયતમાં લીધા છે. બન્ને સંભવતઃ કર્ણાટકના શિવમોગામાં આઇએસઆઇએસ સેલ સાથે સંકળાયેલા છે. કમનસીબે મમતા બેનજીર્ના નેતૃત્વમાં પશ્ચિમ બંગાળ આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયું છે.

માલવિયાની પોસ્ટની થોડી જ મિનિટોમાં ટીએમસી નેતા કુણાલ ઘોષે પલટવાર કરતા કહ્યું કે એનઆઇએ દ્વારા પશ્ચિમ બંગાળ પોલીસની મદદથી આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બેંગલૂરું કાફે બ્લાસ્ટની ધરપકડના સંબંધમાં પશ્ચિમ બંગાળ પોલીસે ઉમદા કામ કર્યું છે. તેમણે વધુમાં કહ્યું કે ભાજપ અને તેના નેતાઓને પૂછવું જોઇએ કે આ ધરપકડ ક્યાં થઇ છે- કાંથી. આપણે સૌ જાણીએ છીએ કે ક્યો પરિવાર અને ભાજપનો મુખ્ય નેતા ત્યાંથી ગેરકાયદેસર પ્રવૃતિઓ ચલાવે છે.

નોંધનીય છે કે કાંથીને કોંટાઇ પણ કહેવામાં આવે છે. જેને ભાજપના નેતા સુવેન્દુ અધિકારી અને તેમના પરિવારનો ગઢ માનવામાં આવે છે. ટીએમસી નેતાએ રાજ્ય એજન્સીઓને આ ઘટનામાં ભાજપના નેતાના પરિવારની કથિત ભૂમિકાની તપાસ કરવા વિનંતી કરી છે.

પહેલા પાનાનું ચાલુ

ઇડી

બેનરજીના ભત્રીજા છે. તેમના પિતા અમિત અને માતા લતા બેનરજીને પણ ઇડી દ્વારા પૂછપરછ માટે બોલાવાયા હતા, પરંતુ તેઓ નાદુરસ્ત તબિયતનું કારણ આપીને ગેરહાજર રહે છે.

અભિષેક બેનરજી મુખ્ય પ્રધાન મમતા બેનરજીના સૌથી નાના ભાઇ અમિતના પુત્ર છે અને તૃણમૂલ કૉંગ્રેસમાં બીજા ક્રમના નેતા ગણાય છે. અભિષેક ઉપરાંત, તેમના પત્ની રૂજીરાની પણ પૂછપરછ કરાઇ રહી છે.

ઇડી દ્વારા ગયા માર્ચમાં પશ્ચિમ બંગાળના કાપડ પ્રધાન ચંદ્રનાથ સિંહાની પણ આ પ્રકરણમાં પૂછપરછ શરૂ કરાઇ હતી. (એજન્સી)

કાશ્મીર

ગોળીબાર, હડતાળ, બંધ, પથ્થરમારો જેવા મુદ્દા ચૂંટણીમાં આગળ નથી કરાતા. વડા પ્રધાને જણાવ્યું હતું કે અગાઉ અમરનાથયાત્રા અને માતા વૈષ્ણોદેવીની યાત્રાના સંબંધમાં સલામતીને લગતી ઘણી ચિંતા રહેતી હતી, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે.

તેમણે જણાવ્યું હતું કે અગાઉ રાવી નદીમાંનું ભારતના હકનું પાણી પાકિસ્તાન વહી જતું હતું અને અહીંના ખેતરોને પાણી નહોતું મળતું, પરંતુ હવે પરિસ્થિતિમાં પરિવર્તન આવી રહ્યું છે. (એજન્સી)

ભારતનો આર્થિક વિકાસદર

સરખામણીમાં સારો રહેશે. આ પ્રદેશનો આર્થિક વિકાસ હાલમાં શેષ વિશ્વની સરખામણીમાં ઘણો સારો થઇ રહ્યો છે.

તેણે જણાવ્યું હતું કે એપીએસી (એશિયા પ્રશાંત વિસ્તાર)માં ચાલુ વર્ષે સરેરાશ આર્થિક વિકાસદર ૩.૮ ટકા રહેશે, જ્યારે વિશ્વમાં આ દર સરેરાશ ૨.૫ ટકા રહેવાની આશા છે.

મૂડીઝ એનાલિટિક્સે ફુગાવા અંગે જણાવ્યું હતું કે ભારતમાં અને ચીનમાં ફુગાવાના સંબંધમાં અનિશ્ચિતતા જોવાઇ રહી છે. ભારતમાં કન્ઝ્યુમર પ્રાઇસ પર આધારિત ફુગાવાનો દર હાલમાં અંદાજે પાંચ ટકા જેટલો છે.

ભારતીય રિઝર્વ બૅન્કે ચાલુ મહિનાની શરૂઆતમાં કરેલી આગાહી મુજબ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં છૂટક ફુગાવાનો દર ૪.૫ ટકા રહેવાની ધારણા છે. આ ઉપરાંત, ખાદ્ય સામગ્રીના ભાવ પણ ઊંચા રહેવાની ભીતિ વ્યક્ત કરાઇ હતી. ડિસેમ્બરના ત્રિમાસિકગાળા દરમિયાન ફુગાવાનો દર ૪.૬ ટકા અને માર્ચના ત્રિમાસિકગાળામાં ૪.૭ ટકા રહેવાની ધારણા છે. (એજન્સી)

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ શેરોની યાદીમાં રહ્યાં હતાં, જ્યારે સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝ, મારૂતિ સુઝુકી, પાવર ગ્રીડ કોર્પ અને ટાઇટન કંપની સૌથી વધુ ઘટનારા મુખ્ય શેરોની યાદીમં હતાં.

તમામ ક્ષેત્રીય બેન્માચર્ક નેગેટીવ ઝોનમાં બંધ થયા હતા. નિફ્ટી ફાર્મા અને નિફ્ટી હેલ્થકેરને સૌથી વધુ નુકસાન થયું હતું કારણ કે તેમાં અનુક્રમે ૧.૮ ટકા અને ૧.૫ ટકાનો કડાકો હતો.

મહારાષ્ટ્રમાં કમોસમી વરસાદ ૧૫ એપ્રિલ સુધી

મુંબઈઃ રાજ્યમાં ગયા સપ્તાહના અંતથી શરૂ થયેલો કમોસમી વરસાદ હજુ પણ ચાલુ છે. રાજ્યમાં અતિવૃષ્ટિને કારણે ભારે નુકસાન થયું છે ત્યારે હવામાન વિભાગે ચેતવણી આપી છે કે કમોસમી હવામાનનો દોર ફરી શરૂ થશે અને કમોસમી વરસાદનું સંકટ ૧૫ એપ્રિલ સુધી ચાલુ રહેશે.

દરમિયાન, હવામાન વિભાગે શુક્રવારે પૂર્વ વિદર્ભમાં તોફાની વરસાદ અને કરા પડવાની ચેતવણી જાહેર કરી છે, જ્યારે મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રમાં તોફાની વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગે શુક્રવારે પણ મહારાષ્ટ્રમાં વરસાદની ચેતવણી જારી કરવામાં આવી. આગામી ૨૪ કલાકમાં વિદર્ભ, મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વિદર્ભના ત્રણ જિલ્લા ચંદ્રપુર, ગોંદિયા અને ગઢચિરોલીને વરસાદ માટે 'ઓરેન્જ એલર્ટ' આપવામાં આવ્યું છે. તેમ જ બીડ, લાતુર, ધારાશિવ, સાંગલી, પરભણી, યવતમાળ, વાશિમ, છત્રપતિ સંભાજી નગર અને સોલાપુરમાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ જિલ્લામાં વરસાદનું 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે. કેટલાક સ્થળોએ હળવા વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. દરમિયાન રાજ્યમાં ૩૦ થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. ■

સીએસએમટી સ્ટેશન પર પ્રવાસીઓની દુર્દશા

અપૂરતા શૌચાલયોને કારણે પુરુષો અને સ્ત્રીઓને હાલાકી

મુંબઈઃ એક તરફ મધ્ય રેલવે પ્રશાસન રેલવે સ્ટેશનોમાં મહિલાઓ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા શૌચાલયો તૈયાર કરાવી રહ્યું છે, તો બીજી તરફ સીએસએમટી સ્ટેશન પરના શૌચાલય બંધ કરવામાં આવી રહ્યા છે. દૂર ગીચ સ્થળોએ મહિલાઓ માટે વૈકલ્પિક શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી છે પણ મહિલાઓએ ત્યાં જઈને શૌચાલય માટે લાઈનમાં ઊભા રહેવું પડે છે. જેના કારણે મહિલા મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

પુરુષોના શૌચાલય બંધ કરી દેવામાં આવ્યા છે અને વાતાનુકૂલિત શૌચાલય શરૂ કરવામાં આવ્યા છે. જોકે, સીએસએમટી પર મુસાફરોના ધસારાની સરખામણીમાં આ શૌચાલય અપૂરતા પડી રહ્યા છે. પરિણામે મુસાફરોને શૌચાલય જવા માટે ૧૦ થી ૧૫ મિનિટ સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે. જેના કારણે ડાયાબિટીસ, કિડનીની બીમારીથી પીડાતા મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

ઉપનગરીય ટ્રેનમાં મુસાફરી કરતી મહિલાઓ માટે સીએસએમટીના પ્લેટફોર્મ નંબર ૫-૬ પર શૌચાલયની સુવિધા હતી. જોકે મહિલાઓને કોઈ પણ પ્રકારની આગોતરી સૂચના આપ્યા વિના એ અચાનક બંધ કરી તેના પુનઃ નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી છે અને ત્યાં મહિલાઓ અને પુરુષો માટે શૌચાલય બનાવવામાં આવી રહ્યા છે. એટલે ત્યાં બોર્ડ લગાવવામાં આવ્યા છે કે મહિલાઓએ સીએસએમટીના પ્લેટફોર્મ નંબર ૧૪-૧૫ પર શૌચાલયનો ઉપયોગ કરવો. ■

મહાયુતિમાં મુશ્કેલી! નાશિક અને માઢા બેઠકનો વિવાદ

શિંદે જૂથની માગણી પર અજિત પવારે બેઠકમાં શું કહ્યું?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સત્તાધારી ગઠબંધનમાં સીટની વહેંચણી અંગે હજુ ઔપચારિક જાહેરાત થવાની બાકી છે. દરમિયાન રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે એક બેઠક યોજી હતી. લગભગ બે કલાક સુધી ચાલેલી બેઠકમાં અજિત પવારે કહ્યું કે તમામ ઘટક પક્ષોએ યુતિ ધર્મનું પાલન કરવું જોઈએ.

અજિત પવારે બેઠકમાં નાશિક અને માઢા લોકસભા બેઠકો અંગે ચર્ચા કરી હતી. વાસ્તવમાં એનસીપી મહારાષ્ટ્રની નાશિક સીટ પર દાવો કરી રહી છે. જ્યારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પાર્ટી શિવસેના આ સીટ છોડવાના મૂડમાં નથી. આ જ કારણ છે કે અત્યાર સુધી મહાયુતિમાં સીટોની વહેંચણી અંગે કોઈ ઔપચારિક જાહેરાત કરવામાં આવી નથી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં શિવસેનાએ નાશિક બેઠક પર જીત મેળવી હતી. હેમંત ગોડસેએ ત્યારે એનસીપીના ઉમેદવાર સમીર ભુજબળને હરાવ્યા હતા. તે સમયે શિવસેના અને એનસીપી બંને પક્ષો અવિભાજિત હતા. અત્યારે બંને પક્ષોમાં ઊભી ફાટ પડી છે અને આ બેઠક પરથી લડનારા બંને ઉમેદવારો સત્તાધારી મહાયુતિના ઘટક પક્ષોમાં છે. ■

નાશિકમાં કોણ છે દાવેદાર?

અજય બોરાસ્તેનું નામ છગન ભુજબળ (એનસીપી) અને હેમંત ગોડસે (શિવસેના) સાથે નાશિક લોકસભા બેઠક પરથી ઉમેદવારની રેસમાં સામેલ છે. અજય બોરાસ્તે શિવસેના શિંદે જૂથના જિલ્લા પ્રમુખ છે. તેઓ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નજીકના લોકોમાંના એક માનવામાં આવે છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ છગન ભુજબળ અને હેમંત ગોડસેના વિકલ્પ તરીકે બોરાસ્તેનું નામ વિચારવામાં આવી રહ્યું છે.

માઢા પર શું થયું?

ભાજપમાંથી ધૈર્યશીલ મોહિતે-પાટીલના રાજીનામા બાદ આ બેઠક ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. પાટીલ શરદ પવારના જૂથમાં જોડાશે. શરદ પવારની પાર્ટી એનસીપી (એસપી) તેમને માઢા લોકસભા સીટ પરથી ઉમેદવાર બનાવી શકે છે. અજિત પવારે બેઠકમાં માઢા લોકસભા બેઠક પર પણ ચર્ચા કરી હતી.

અજિત પવારના નિવાસસ્થાને મળેલી બેઠકમાં પ્રફૂલ્લ પટેલ, સુનિલ તટકરે અને રામરાજે નિમ્બાલકર હાજર રહ્યા હતા. ■

મ્યુ. કાઉન્સિલ મરાઠી સાથે બીજી કોઈ પણ ભાષામાં સાઈન બોર્ડ લગાવી શકશેઃ હાઈ કોર્ટ

મુંબઈઃ રાજ્યની સત્તાવાર ભાષા મરાઠી સાથે અન્ય કોઈપણ ભાષામાં મ્યુનિસિપલ કાઉન્સિલ માટે સાઈન બોર્ડ લગાવવા પર કોઈ પ્રતિબંધ નથી એવી સ્પષ્ટતા બોમ્બે હાઇ કોર્ટની નાગપુર ખંડપીઠ દ્વારા કરવામાં આવી છે.

જસ્ટિસ અવિનાશ ઘરોટે અને એમ.એસ. જવાલકરની ખંડપીઠે પાતુર મ્યુનિસિપલ કાઉન્સિલના સાઈનબોર્ડને મરાઠીની સાથે ઉર્દૂમાં દર્શાવતું સાઈનબોર્ડ હટાવવાની માગ કરતી અરજીને ૧૦ એપ્રિલે ફગાવી દીધી હતી. ''અધિકૃત ભાષા ઉપરાંત કોઈપણ ભાષાના ઉપયોગ પર કોઈ પ્રતિબંધ નથી,'' કોર્ટે જણાવ્યું હતું.

વર્ષા બાગડે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં અકોલા જિલ્લા મરાઠી ભાષા સમિતિના અધ્યક્ષને પાતુર મ્યુનિસિપલ કાઉન્સિલના સાઇનબોર્ડ પર ઉર્દૂના ઉપયોગ સામે તાત્કાલિક પગલાં લેવા માટે કોર્ટના નિર્દેશની માગણી કરવામાં આવી હતી.

બાગડેએ દલીલ કરી હતી કે નાગરિક સત્તાવાળાઓના સાઇનબોર્ડ પર મરાઠી સિવાયની કોઈપણ ભાષા મહારાષ્ટ્ર સ્થાનિક સત્તાધિકારીઓ (સત્તાવાર ભાષા) અધિનિયમ, ૨૦૨૨ હેઠળ પ્રતિબંધિત છે. કાયદાની જોગવાઈઓનો અર્થ એવો થાય છે કે માત્ર મરાઠી જ સત્તાવાર ભાષા રહેશે અને અન્ય કોઈ ભાષાના વપરાશને મંજૂરી નથી, એમ શ્રીમતી બાગડેએ જણાવ્યું હતું. કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે કાયદાની જોગવાઈઓ ફક્ત એ સુનિશ્ચિત કરે છે કે કાઉન્સિલના કામકાજ મરાઠીમાં થાય છે. મ્યુનિસિપલ કાઉન્સિલનું નામ મરાઠી ઉપરાંત અન્ય કોઈ પણ ભાષામાં વાપરવા સામે પ્રતિબંધ નથી. (પીટીઆઈ)■

એમબીબીએસના વિદ્યાર્થીએ ગળાફાંસો ખાધો

મુંબઈઃ કાંદિવલીના ચારકોપ વિસ્તારમાં એમબીબીએસના ૨૨ વર્ષના વિદ્યાર્થીએ પોતાના નિવાસે ગળાફાંસો ખાઇ જીવનનો અંત આણ્યો હતો. ચારકોપ પોલીસે વિદ્યાર્થીના પરિવારજનોનાં નિવેદન નોંધ્યાં બાદ આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો.

ચારકોપના સેક્ટર-૩માં આવેલી ઍસ્ટર પેલેસ ઇમારતના એ વિંગમાં પરિવાર સાથે રહેનારા અજય જોંગીડ (૨૨) નામના વિદ્યાર્થીએ શુક્રવારે સવારના ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ઘરમાં પંખા સાથે ઓઢણી બાંધીને ગળાફાંસો ખાધો હતો. અજયને તેના પરિવારજનો તાત્કાલિક હોસ્પિટલમાં લઇ ગયા હતા, જ્યાં ડોક્ટરોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં ચારકોપ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અજયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ ચારકોપ પોલીસે તપાસ આદરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર અજય લાતુરની કોલેજમાં એમબીબીએસનો કોર્સ કરી રહ્યો હતો. તેને એમબીબીએસના પહેલા વર્ષની પરીક્ષામાં ઓછા માર્ક્સ આવ્યા હતા, જેને કારણે તે હતાશ થયો હતો. તે છેલ્લા બે વર્ષથી ઘરમાં હતો અને તેની સારવાર ચાલી રહી હતી. અજયે હતાશામાં અંતિમ પગલું ભર્યું હોવાનું પોલીસને લાગી રહ્યું છે. ■

સુરક્ષા ગ્રૂપે સુરક્ષા સ્મ્રાર્ટ સિટી - વસઈમાં ''PMAY યોજના હેઠળ મકાનોની સૂચિ''જાહેર કરી

મુંબઈ મેટ્રોપોલિટન રિજનના અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપર સુરક્ષા ગ્રૂપે વસઈ (પૂર્વ)માં તેના પ્રોજેક્ટ-સુરક્ષા સ્મ્રાર્ટ સિટી માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) યોજના હેઠળ ઘરોની ફાળવણીની જાહેરાત કરી હતી. સુરક્ષા સ્મ્રાર્ટ સિટીની આ ટાઉનશિપ વસઈ રેલવે સ્ટેશનથી ચાલવાના અંતરે વિકસાવવામાં આવી છે, જે રહેવાસીઓને મુખ્ય પરિવહન નેટવર્ક સાથે અજોડ જોડાણ પ્રદાન કરે છે. જે નિવાસીઓ માટે સુલભતા અને સગવડતામાં વધારો કરે છે, મુંબઈ મેટ્રોપોલિટન રિજનની અંદર અને બહારના વિવિધ સ્થળોની સીમલેસ મુસાફરી સુનિશ્ચિત કરે છે. આ પ્રોજેક્ટમાં અત્યંત આકર્ષક કિંમતના એપાર્ટમેન્ટ્સની ચુસ્ત સૂચિનો સમાવેશ થાય છે, જેનાથી વસ્તીની વિશાળ શ્રેણી માટે ઘરની માલિકી સુલભ બનાવે છે. ૧ BHK માટે કિંમતો રૂ. ૧૯,૯૯,૯૯૯/- (રૂ. ૨.૫ લાખની સીધી સરકારી સબસિડી પછી અસરકારક કિંમત)થી શરૂ થાય છે, જેમાં વૈધાનિક શુલ્ક પણ ઉમેરવામાં આવશે. આ તે ઘર ખરીદવા માંગતા લોકો માટે એક શ્રેષ્ઠ મૂલ્ય પ્રસ્તાવ બનાવે છે. આ એપાર્ટમેન્ટ રૂા. ૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારો માટે ઉપલબ્ધ છે. સુરક્ષા ગ્રૂપ અમારા પ્રોજેક્ટ સુરક્ષા સ્મ્રાર્ટ સિટી દ્વારા ગુણવત્તાયુક્ત અને બજેટ ફ્રેન્ડલી હાઉસિંગ સોલ્યુશન્સ પૂરા પાડીને સૌનું જીવન સરળ બનાવવા પ્રતિબદ્ધ છે. ''સુરક્ષા ગ્રૂપના મેનેજિંગ શ્રી જશ પંચમિયા કહે છે.'' તેઓ વધુમાં ઉમેરે છે, ''ભારત સરકારના વિઝન પ્રત્યે અમારું સમર્પણ પ્રધાનમંત્રી આવાસ યોજના સુધી ફેલાયેલું છે. જ્યાં સબસિડીના લાભો ઉપરાંત, સુરક્ષા સ્મ્રાર્ટ સિટી PMAY એપાર્ટમેન્ટ પસંદ કરવાથી, સુંદર રીતે ડિઝાઇન કરાયેલ, ઘરોની ખાતરીપૂર્વકની ઉપલબ્ધતા, જીવનશૈલીની ઘણી સુવિધાઓ પ્રદાન કરે છે.

ભારત સરકારના વિઝનને અનુરૂપ, PMAY અને સુરક્ષા સ્મ્રાર્ટ સિટીનો હેતુ લાભાર્થીઓને માત્ર શ્રેષ્ઠ કિંમતે ઘરના માલિકો બનાવવાનો જ નહીં પરંતુ તેમને એન્ટ્રી લેવલના ભાવે જીવનશૈલીની વિવિધ સુખ-સુવિધાઓ પણ પૂરી પાડવાનો છે.

મરાઠવાડામાં ૭૦૦થી વધુ ગામમાં ટેન્કરથી પાણીપુરવઠો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં હજી ઉનાળો ચાલુ થયો છે અને મોટાભાગના જિલ્લામાં પાણીનું સંકટ દિવસેને દિવસે ગંભીર બની રહ્યું છે. રાજ્યના મરાઠવાડા જિલ્લામાં પાણીની ભયંકર કટોકટી સર્જાઈ છે. મરાઠવાડાના સાત જિલ્લામાં પાણીપુરવઠા માટે ટેન્કર પર આધાર રાખવો પડી રહ્યો છે. હાલ પરિસ્થિતિ એટલી ગંભીર છે કે ૭૧૪ જેટલા ગામમાં ટેન્કરથી પાણીપુરવઠો કરવો પડી રહ્યો છે, જેમાં છત્રપતિ સંભાજી નગરના ૩૧૧ ગામનો સમાવેશ થાય છે. મરાઠવાડા રિજનમાં આઠ જિલ્લાઓ આવે છે, તેમાંથી માત્ર હિંગોલીમાં જ અત્યાર સુધી પરિસ્થિતિ થોડી નિયંત્રણમાં છે. હજી સુધી આ જિલ્લામાં ટેન્કરથી પાણીપુરવઠો કરવાની પરિસ્થિતિ નિર્માણ થઈ નથી. છત્રપતિ સંભાજી નગરમાં ૩૧૧ ગામ અને ૪૮ વસતી માટે ૪૭૩ ટેન્કર તહેનાત કરવામા આવ્યા છે. જાલનામાં ૨૧૩ ગામ અને વસતી સંપૂર્ણરીતે ટેન્કર પર આધાર રાખી રહી હોવાનું મહેસૂલ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. બીડમાં ૧૪૦ ગામ અને ૧૦૫ વસતીઓમાં ૧૭૧ ટેન્કર મારફત પાણીપુરવઠો કરવામાં આવી રહ્યો છે, જ્યારે લાતુરમાં આઠ અને નાંદેડમાં ત્રણ ટેન્કર મારફત પાણીપુરવઠો થઈ રહ્યો છે. મરાઠવાડામાં પાણીપુરવઠો કરવા માટે ૧,૪૮૭ કૂવાઓને પણ હસ્તગત કરવામાં આવ્યા છે.■

₹ ૪૦૦ કરોડનો બેન્ક ફ્રોડ કેસ

કોક્સ એન્ડ કિંગ્સના માલિકના નિકટવર્તી સાથીની ધરપકડ

મુંબઈઃ યસ બેન્કને સંડોવતા રૂ. ૪૦૦ કરોડની છેતરપિંડીના કેસમાં મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ ટૂર એન્ડ ટ્રાવેલ કંપની કોક્સ એન્ડ કિંગ્સના માલિકના નિકટવર્તી સાથીની ધરપકડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

બ્રિટિશ નાગરિક અજિત મેનન (૬૭) મંગળવારે લંડનથી કેરળના કોચિન એરપોર્ટ પર આવ્યા બાદ મુંબઈ પોલીસની ટીમે તેને તાબામાં લીધો હતો. અજિત વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર જારી કરવામાં આવ્યું હતું, એમ પોલીસે કહ્યું હતું.

દરમિયાન અજિતને ગુરુવારે સવારે મુંબઈ લાવવામાં આવ્યા બાદ સ્થાનિક કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને ૧૫ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

પોલીસ અધિકારીના કહેવા અનુસાર કોક્સ એન્ડ કિંગ્સના માલિક અજય પીટર કેરકરનો અજિત નિકટવર્તી સાથી હતો.

આ કેસમાં બેન્કમાંથી લોન લીધા બાદ તે નાણાં અન્ય કામો માટે ફેરવવામાં આવ્યાં હતાં. રૂ. ૪૦૦ કરોડની છેતરપિંડીની તપાસ દરમિયાન અજિત આર્થિક ગુના શાખાના રડાર પર આવ્યો હતો. યસ બેન્ક પાસેથી જે હેતુથી લોન લેવામાં આવી હતી, જેને માટે બેન્ક દ્વારા આપવામાં આવેલાં નાણાંનો ઉપયોગ કરાયો નહોતો.

તપાસ દરમિયાન આર્થિક ગુના શાખાને જાણવા મળ્યું હતું કે અજિત યુરોપમાં કંપનીની કામગીરીનું ધ્યાન રાખતો હતો. તેણે લોનની રકમમાંથી રૂ. ૫૬ કરોડ યુકે સ્થિત કંપનીમાં વાળ્યા હતા. આર્થિક ગુના શાખાએ રૂ. ૪૦૦ કરોડની યેસ બેન્ક સાથે છેતરપિંડી માટે કોક્સ એન્ડ કિંગ્સની ભગિની કંપની કોક્સ એન્ડ કિંગ્સ ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ વિરુદ્ધ ૨૦૧૧માં ગુનો દાખલ કર્યો હતો.

કોક્સ એન્ડ કિંગ્સ ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ ફોરેન એક્સચેન્જ બિઝનેસ, હોલીડે ફાઇનાન્સિંગ, સ્ટુડન્ટ લોન અને અન્ય નોન-બેન્કિંગ નાણાકીય સેવા પૂરી પાડવામાં સંકળાયેલી હતી. આર્થિક ગુના શાખા દ્વારા કંપની માલિક કેરકર, તેની પત્ની, અજિત મેનન તથા અન્યોનાં નામ એફઆઇઆરમાં નોંધવામાં આવ્યાં છે. (પીટીઆઇ)■

Deepak Somaiya

Deepak Somaiya

Deepak Somaiya

KAAJAL ADS

Theatrix

PARAS

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સંસ્થા સમાચાર

કલાગુર્જરી દ્વારા રામનવમી નિમિત્તે વિશેષ ઉત્સવનું આયોજન

બુધવાર, તા. ૧૭-૪-૨૪ના રોજ સવારે ૧૦ થી ૧૨.૩૦ સુધી. કાર્યક્રમમાં 'આર્ક એન્ટરપ્રાઈસ'ના કલાકારો રામભક્તિનાં ગીતો તથા ભજન પ્રસ્તુત કરી સર્વેને ભક્તિનો આસ્વાદ કરાવશે. બપોરે ૧૨.૦૦ વાગે રામ જન્મોત્સવ ઉજવાશે. સ્થળ: કલાગુર્જરી કાર્યાલય, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૬. ■

મરાઠવાડામાં કમોસમી વરસાદ

છત્રપતિ સંભાજી નગર: મહારાષ્ટ્રના મરાઠવાડાના કેટલાક વિસ્તારમાં છેલ્લા બે દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો હોવાની માહિતી રાજ્ય સરકારના અધિકારીએ શુક્રવારે આપી હતી.

બુધવારે અને ગુરુવારે સૌથી વધુ વરસાદ પરભણીમાં (૩૩.૪ મિલીમીટર) પડ્યો હતો.

૧૪.૩ મિલીમીટર સાથે લાતુર બીજા ક્રમે હતું.

આ બે જિલ્લા ઉપરાંત સંભાજી નગરમાં ૧.૬ મિલીમીટર, જાલનામાં ૩.૩ મિલીમીટર, બીડમાં સાત મિલીમીટર, નાંદેડમાં ૮.૯ મિલીમીટર અને હિંગોળીમાં ૭.૨ મિલીમીટર વરસાદ નોંધાયો હોવાની જાણકારી પણ અધિકારીએ આપી હતી. (પીટીઆઇ) ■

નાલાસોપારામાં ₹ ૫૭.૫ લાખના ડ્રગ્સ સાથે નાઇજીરિયનની ધરપકડ

પાલઘર: પાલઘર જિલ્લાના નાલાસોપારામાં રૂ. ૫૭.૫ લાખની કિંમતના કોકેઇન અને મેફેડ્રોન ડ્રગ્સ સાથે ૪૪ વર્ષના નાઇજીરિયનની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીઓએ મળેલી માહિતીને આધારે નાલાસોપારાના પ્રગતિ નગર વિસ્તારમાં આવેલી રહેણાક ઇમારતમાં શુક્રવારે રેઇડ પાડી હતી અને ઇઝે ફ્રાન્સિસ ઍના નામના નાઇજીરિયનને પકડી પાડ્યો હતો, એમ તુલિંજ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

આરોપી પાસેથી રૂ. ૧૩.૩ લાખની કિંમતનું ૧૩૩ ગ્રામ કોકેઇન અને રૂ. ૪૪.૨ લાખની કિંમતનું ૪૪૨ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કર્યું હતું.

આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ આ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવાનો હતો, તેની તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

મેકઅપ આર્ટિસ્ટને ઘેનયુક્ત પીણું પીવડાવી બે જણે ગુજાર્યો બળાત્કાર: એકની ધરપકડ

થાણે: મેકઅપ આર્ટિસ્ટને ઘેનયુક્ત પીણું પીવડાવીને બે જણે તેના પર બળાત્કાર ગુજાર્યો હોવાનો આરોપ ફરિયાદમાં કરાયા બાદ નવી મુંબઈ પોલીસે એકની ધરપકડ કરી હતી.

૩૧ વર્ષની પીડિતાએ એપીએમસી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે બે વર્ષ અગાઉ આ ઘટના બની હતી.

ખારઘર વિસ્તારમાં રહેતી પીડિતા જૂન, ૨૦૨૨માં તુર્ભે વિસ્તારમાં આવેલી હોટેલમાં વિજય ચૌધરી ઉર્ફે વીરજીભાઇ મહિઅલ અને સદ્દામ નામના શખસોને મળી હતી. બંનેએ બાદમાં તેને ઘેનયુક્ત પીણું પીવડાવી તેના પર કથિત બળાત્કાર ગુજાર્યો હતો, એવો આરોપ કરાયો હતો.

પોલીસે પીડિતાની ફરિયાદને આધારે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને બનાસકાંઠા જિલ્લાના રહેવાસી વિજય ચૌધરીની ધરપકડ કરી હતી, જ્યારે સદ્દામની શોધ ચલાવવામાં આવી રહી છે. પીડિતાએ આ પ્રકરણે મોડેથી પોલીસનો સંપર્ક સાધવા માટે કોઇ કારણ આપ્યું નહોતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

૨૦૦૬ના હત્યાનો પ્રયાસ, ખંડણીના કેસમાં કોર્ટે રવિ પૂજારી ગેન્ગના છ સાગરીતને નિર્દોષ છોડ્યા

થાણે: સંગઠિત ગુનાખોરી તેમ જ હત્યાનો પ્રયાસ અને ખંડણીના કેસમાં ૧૬ વર્ષથી વધુ ટ્રાયલ બાદ ગેન્ગસ્ટર રવિ પૂજારીની ટોળકીના છ સાગરીતને થાણેની વિશેષ એમસીઓસીએ કોર્ટે નિર્દોષ છોડ્યા હતા. એમસીઓસીએ (મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ) હેઠળના કેસ હાથ ધરનારી વિશેષ કોર્ટના એડિશનલ સ્પેશિયલ જજ એ.એન. સિરસિકરે ૧ એપ્રિલે પોતાના આદેશમાં કહ્યું હતું કે આરોપીઓ સામે ફરિયાદ પક્ષ આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો હતો. કોર્ટે આ જ કેસના અન્ય બે જણને પણ છોડી મૂક્યા હતા.

વિશેષ સરકારી વકીલ સંજય મોરેએ કોર્ટેને જણાવ્યું હતું કે સપ્ટેમ્બર, ૨૦૦૬માં આરોપીઓ નવી મુંબઈમાં બિલ્ડરની ઓફિસમાં ઘૂસ્યા હતા અને રૂપિયાની માગણી કરી હતી. તેમણે એકાઉન્ટન્ટને મારી નાખવાનો પ્રયાસ પણ કર્યો હતો. બચાવપક્ષના વકીલ રામરાવ એસ. જગતાપ, પૂનિત માહિમકર અને પ્રિયંકા ભોસલેએ આરોપ નકારી કાઢ્યા હતા. જજે ફરિયાદ પક્ષના કેસમાં ખામીઓ શોધી કાઢી હતી. ખાસ કરી આરોપીઓની ઓળખ અને સ્પષ્ટ હેતુના અભાવ તરફ આંગળી ચીંધી હતી. કોર્ટે જણાવ્યું હતું કે આરોપીઓ સંગઠિત ગુનાખોર ટોળકીના છે એવું સિદ્ધ કરાયું નથી. ગુનાખોરીમાંથી મેળવેલાં નાણાંમાથી તેમણે મિલકતો ખરીદી કરી હોવાનું દર્શાવતા પણ કોઇ પુરાવા નથી. જજ સિરસિકરે નોંધ્યું હતું કે લગભગ ૧૮ વર્ષ પૂર્વે નોંધાયેલા આ કેસમાં બે આરોપી સામે આરોપ હજી ઘડવાના બાકી છે. (પીટીઆઇ) ■

ઇલેક્ટ્રિસિટી બિલ સ્કૅમમાં મહિલાએ પાંચ લાખ ગુમાવ્યા

થાણે: થાણેમાં મહિલાએ ઇલેક્ટ્રિસિટી બિલ સ્કૅમમાં રૂ. પાંચ લાખ ગુમાવ્યા બાદ નૌપાડા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.ખોપટ વિસ્તારમાં રહેતી મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે ૧૯ માર્ચે તેને કૉલ આવ્યો હતો અને કૉલ કરનારી વ્યક્તિએ પોતાની ઓળખ વીજ વિતરણ કંપનીના કર્મચારી તરીકે આપી હતી, એમ પોલીસે કહ્યું હતું. એ વ્યક્તિએ મહિલાને કહ્યું હતું કે તેના વીજબિલની અમુક રકમ ભરવાની બાકી છે. મહિલાને મદદ કરવાને બહાને એ વ્યક્તિએ તેના વ્હૉટ્સઍપ પર લિંક મોકલી હતી અને તેના પર ક્લિક કરવાનું કહ્યું હતું. મહિલાએ એ લિંક પર ક્લિક કર્યાના થોડા સમય બાદ તેના મોબાઇલ પર મેસેજ આવ્યો હતો, જેમાં તેના બેન્ક ખાતામાંથી રૂ. પાંચ લાખ ઉપાડી લેવાયા હોવાનું જણાવવામાં આવ્યું હતું.(પીટીઆઇ) ■

રાષ્ટ્રીયકૃત બેન્કમાં નોકરીને બહાને ૨૭ લોકો સાથે ₹ ૨.૨૪ કરોડની ઠગાઇ

થાણે: રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયામાં નોકરી અપાવવાને બહાને ૩૭ લોકો સાથે રૂ. ૨.૨૪ કરોડની છેતરપિંડી આચરવામાં આવતાં નવી મુંબઈ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. ઐરોલીના રહેવાસી સદાનંદ ભોસલે (૪૧)એ લોકોને આરબીઆઇમાં સિક્યુરિટી ગાર્ડની નોકરી અપાવવાનું આશ્વાસન આપ્યું હતું. ભોસલેએ સપ્ટેમ્બર, ૨૦૨૦થી સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમિયાન તેમની પાસેથી રૂ. ૨.૨૪ કરોડ લીધા હતા. જોકે રૂપિયા આપવા છતાં લોકોને ન તો નોકરી મળી હતી, ન તો તેમના પૈસા પાછા મળ્યા હતા. આથી તેમણે ખારઘર પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી.પોલીસે આ ફરિયાદને આધારે ભોસલે વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો હતો. ■

છેલ્લા પાનાનું ચાલુ

સુનેત્રા પવારના

નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની સાથે મનસેના વડા રાજ ઠાકરેની તસવીર પણ પ્રસિદ્ધ કરવામાં આવી રહી છે.

સુનેત્રા પવારના પ્રચારમાં રાજ ઠાકરે

મનસેના વડા રાજ ઠાકરેના ફોટા બાદ બારામતીના ઉમેદવાર સુનેત્રા પવારની પ્રચાર સામગ્રીમાં મહાદેવ જાનકર અને રામદાસ આઠવલેના ફોટા પણ જોવા મળ્યા છે. આ પ્રચાર પત્રક અત્યારે સમાચારોમાં છે. દૈનિક પ્રવાસ માટે પ્રચાર પત્રિકા જાહેર કરવામાં આવી છે. સુનેત્રા પવાર ક્યા ગામની મુલાકાતે છે? આ પત્રિકા તેમના પ્રવાસ યોજનાઓ વિશે માહિતી આપે છે.

રાજ ઠાકરેએ બિનશરતી સમર્થન આપ્યું છે

મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા ઘણા મહિનાઓથી ચર્ચા ચાલી રહી હતી કે રાજ ઠાકરે મહાયુતિ સાથે ગઠબંધન કરશે. આ ચર્ચાઓ મનસે પ્રમુખ રાજ ઠાકરેની ગૃહમંત્રી અમિત શાહ સાથેની મુલાકાત બાદ વધુ જોરમાં આવી હતી. તેથી બધાનું ધ્યાન રાજ ઠાકરેની ભૂમિકા પર ગયું. જે બાદ ગુડી પડવાની રેલીમાં રાજ ઠાકરેએ મહાયુતિને બિનશરતી સમર્થન આપવાની જાહેરાત કરી હતી. રાજ ઠાકરેએ એમ પણ કહ્યું હતું કે તેમના કાર્યકરોએ વિધાનસભાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

બિનશરતી ટેકો આપ્યા બાદ મનસે પ્રમુખ રાજ ઠાકરેના વલણ પર મિશ્ર પ્રતિક્રિયાઓ આવી રહી છે. જો કે રાજ ઠાકરેના વલણ પરથી એવું લાગે છે કે તેમનું ધ્યાન લોકસભાની ચૂંટણી કરતાં આગામી વિધાનસભા ચૂંટણી પર વધુ છે.

સુનેત્રા પવારનો પ્રચાર પૂરજોશમાં

બારામતી લોકસભા બેઠકના ઉમેદવાર સુનેત્રા પવાર હાલમાં જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. જેમાં સુનેત્રા પવાર અલગ-અલગ ગામોની મુલાકાત લેતા જોવા મળે છે. આ ઉપરાંત વિજય શિવતારે પણ પોતાના પ્રચાર માટે મેદાનમાં ઉતર્યા છે. તેમણે ગઈકાલે સાસવડમાં સભાનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં મુખ્યમંત્રી એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પણ સામેલ થયા હતા. ત્રણેય લોકોએ સુનેત્રા પવારને મત આપવાની અપીલ કરી છે.

તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે તેમની પત્ની સુનેત્રા પવારને બારામતીથી મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે એનસીપી (એસપી)ના વડા શરદ પવારે આ બેઠક પરથી પુત્રી સુપ્રિયા સુળેને ટિકિટ આપી છે. આ રીતે બારામતી બેઠક પર ભાભી અને નણંદ વચ્ચે ચૂંટણી જંગ છે. ■

હાઈ કોર્ટ

સરકારી ઠરાવો હેઠળ ભૂતપૂર્વ સૈનિકો માટે લાભ (નાણાકીય)ની માંગણી કરતી સ્વર્ગસ્થ મેજર અનુજ સૂદની પત્ની આકૃતિ સૂદ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી.શુક્રવારે, સરકારી વકીલ પી.પી. કાકડેએ ખંડપીઠને જાણ કરી હતી કે સુદ રાજ્યના રહીશ ન હોવાથી તેમને લાભ આપી શકે એમ નથી. અદાલતનું કહેવું હતું કે 'કોઈએ દેશ માટે જીવ ન્યોચ્છાવર કર્યો છે એવા કેસમાં તમારે નિર્ણય લેવાનો છે. તમારું વલણ વ્યથિત કરનારું છે. તમે જો નિર્ણય ન લઈ શકતા હો તો અમને જણાવો. અમે ઘટતું કરીશું. અમે સરકાર પાસેથી વધુ અપેક્ષા રાખી હતી.'

હાફકિન

વર્ષે (૨૦૨૩માં) હાફકિન દ્વારા પોલિયોની રસીના એક કરોડ ૩૦ લાખ ૮૩ હજાર ૫૩૬ ડોઝ તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ છે સર્પદંશની રસી જેના એક લાખ ૬૪ હજાર ૭૨૮ અને વીંછી કરડવાના બનાવ માટે છ હજાર ૮૩૩ ડોઝ તૈયાર કરવામાં આવ્યા હતા. દેશને સારું વિદેશી ચલણ મેળવી આપવા બદલ ૨૦૨૨માં હાફકિનને ઉત્કૃષ્ટ નિકાસકારનો પુરસ્કાર પણ મળ્યો હતો. ■

મહાયુતિમાં

થઈ રહ્યા છે. મોટા ભાગના સમીક્ષકોનું માનવું છે કે રાજ ઠાકરેનો મહાયુતિમાં સમાવેશ એકનાથ શિંદે માટે લાભદાયક પૂરવાર થઈ શકે છે.

એક રાજકીય સમીક્ષકે મુંબઈ સમાચારને કહ્યું હતું કે ભાજપના મતદારોમાં એક મોટો વર્ગ બિનમરાઠી મતદારોનો છે, જેમાં ગુજરાતીઓ અને ઉત્તરભારતીયોનો સમાવેશ થાય છે. રાજ ઠાકરેની મનસેને આ મતદારો ધિક્કારે છે અને આ મતદારો ક્યારેય રાજ ઠાકરેની પાર્ટીને મતદાન કરશે નહીં.

લોકસભામાં તો રાજ ઠાકરેની પાર્ટીએ કોઈ ઉમેદવાર આપ્યા નથી એટલે તેમના ટેકેદારો ત્રણ પાર્ટીની મહાયુતિમાં અત્યારે સ્વાભાવિક રીતે જ એકનાથ શિંદેની શિવસેનાને અને ભાજપને મતદાન કરશે. અજિત પવારની પાર્ટી જે બેઠક પર લડી રહી છે, ત્યાં તેમને રાજ ઠાકરેની પાર્ટીના સમર્થનનો ખાસ કોઈ ફાયદો થવાનો નથી. એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદેની કલ્યાણ બેઠક સહિત શિવસેનાને ફાળે આવેલી અનેક બેઠકો પર રાજ ઠાકરેના સમર્થનનો ખાસ્સો લાભ મળવાની શક્યતા જોવાઈ રહી છે.

આટલું જ નહીં, આગામી વિધાનસભાની ચૂંટણીમાં પણ જ્યારે મહાયુતિના ઘટક પક્ષ તરીકે એકનાથ શિંદેની સેના અને રાજ ઠાકરેની સેના જંગમાં હશે ત્યારે બિનમરાઠી મતદારો જાણી જોઈને એકનાથ શિંદેની સેનાને મતદાન કરશે, રાજ ઠાકરને કરશે નહીં. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેની સેનાથી આમેય બિનમરાઠી મતદારો નારાજ છે અને તેમને મતદાન કરતા નથી, બીજી તરફ એકનાથ શિંદેની સેના સાથે ગુજરાતીઓને કે પછી ઉત્તરભારતીયોને ખાસ કોઈ વાંધો નથી. તેમના કાર્યકર્તાઓમાં બધી જ ભાષા બોલનારા લોકોનો સરખા પ્રમાણમાં સમાવેશ થાય છે અને તેથી જ થાણે-કલ્યાણ જેવી પંચરંગી પ્રજા ધરાવતી બેઠકો પર તેમનું વર્ચસ્વ જોવા મળે છે. આગામી દિવસોમાં તેમના આ જ સ્વભાવનો ફાયદો શિવસેનાને મળશે, એમ વિશ્લેષકો માની રહ્યા છે. ■

શું શરદ પવાર

છે. પ્રફુલ્લ પટેલથી એક ડગલું આગળ વધીને ભુજબળે કહ્યું હતું કે તેમણે (શરદ પવારે) ૨૦૧૪ની ચૂંટણીમાં પણ પ્રયાસો કર્યા હતા. એક ઈન્ટરવ્યુમાં પ્રફુલ્લ પટેલે કહ્યું હતું કે બીજી જુલાઈ, ૨૦૨૩ના રોજ અજિત પવાર અને અમારા પ્રધાનોએ મહારાષ્ટ્ર સરકાર સાથે શપથ લીધા હતા. આ પછી ૧૫-૧૬ જુલાઈએ અમે શરદ પવારને મળ્યા અને તેમને અમારી સાથે જોડાવા વિનંતી કરી. આ પછી અજિત પવાર અને શરદ પવાર પુણેમાં મળ્યા હતા. તેમણે કહ્યું કે શરદ પવાર પણ ૫૦ ટકા જેટલા તૈયાર હતા પરંતુ તેઓ હંમેશા છેલ્લી ઘડીએ અચકાવા લાગે છે.

૨૦૧૪માં પણ પ્રયાસ કર્યો હતો

પ્રફુલ્લ પટેલના નિવેદનથી આગળ વધીને છગન ભુજબળે કહ્યું છે કે તેઓ (શરદ પવાર) ૨૦૨૩માં ૫૦ ટકા તૈયાર હતા. આ પહેલા પણ તેમણે એનડીએમાં જોડાવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે ૨૦૧૪માં પણ આ પ્રયાસ કર્યો હતો. ભુજબળે કહ્યું હતું કે તેમણે પૂરો પ્રયાસ કર્યો હતો.

ભુજબળે કહ્યું કે ૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપના ઓછા વિધાનસભ્યો ચૂંટાયા હતા અને અમે તેમને બહારથી સમર્થન આપ્યું હતું. ત્યારથી આવું ચાલતું હતું. પ્રફુલ્લ પટેલના દાવા બાદ હવે છગન ભુજબળે આ દાવો એવા સમયે કર્યો છે જ્યારે શરદ પવાર મહારાષ્ટ્રમાં તેમના બારામતી ગઢને બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. તેઓ તેમના ભત્રીજાના નેતૃત્વમાં એનસીપી તરફથી બારામતીની સાથે શિરુર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. જો મહાયુતિમાં અજિત પવારને સાતારા બેઠક પણ મળશે તો ત્રણેય લોકસભા બેઠકો પર પવાર વિરુદ્ધ પવાર વચ્ચેનો જંગ જોવા મળશે. ■

જૈન મરણ

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

મોખડકા નિવાસી હાલ પ્રભાદેવી ભુપતરાય લાલચંદ શાહ (ઉં.વ. ૮૯) તા. ૧૦-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સવિતાબેનના પતિ. નિલેશ, પરેશ, ચેતનના પિતા. ફાલ્ગુની, પ્રિયા, નેહલના સસરા. ઈશાની, કૃશાલી, શૌનક, આશવી, દ્રિશા, ક્રિશાના દાદા. સ્વ. દલીચંદભાઈ, સ્વ. મનસુખભાઈ, સ્વ. પુનમચંદભાઈ, સ્વ. ચંદનબેન, સ્વ. ચંદ્રાબેનના ભાઈ. ભાવયાત્રા તા. ૧૪-૪-૨૪, રવિવારે ૧૦ થી ૧૨.૩૦. સ્થળ: રામવાડી, ચંદ્રાવરકર રોડ (રામ આશ્રય હોટલની લેન), માટુંગા (સેન્ટ્રલ રેલવે), મુંબઈ-૧૯.

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

મોટી વાવડી નિવાસી હાલ ભાયંદર સ્વ. ભાઈચંદભાઈ કાનજીભાઈ શાહના પુત્ર સ્વ. જીતેન્દ્રભાઈ (ઉં.વ. ૬૨) તા. ૧૧-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્મિતાબેનના પતિ. પ. પૂ. સમરસવર્ષાશ્રીજી મ.સા., ખુશ્બુના પિતા. સ્વ. હર્ષદભાઈ, દિનેશભાઈ, સ્વ. રમીલાબેન વીરેન્દ્રકુમાર, સ્વ. પ્રફુલાબેન વિજયકુમાર, નીતાબેન વિજયકુમારના ભાઈ. રિતેશ, હીપેનના કાકા. તે (રતનપર ગાયકવાડ નિવાસી) સ્વ. શાંતિલાલ પરસોત્તમદાસ સંઘવીના જમાઈ. નિવાસસ્થાન: પાર્શ્વનગર નં. ૨, બી-૩૦૨, દેવચંદ નગર રોડ, ભાયંદર (વેસ્ટ). સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન

નાંગલપુરના હેમલતા (ચંદ્રીકા) હરખચંદ મોતા (ઉં. વ. ૬૬) તા. ૧૧-૪ના અવસાન પામેલ છે. માતુશ્રી મમીબાઇ માલશી વીધુના પુત્રવધૂ. સ્વ. હરખચંદના ધર્મપત્ની. અલ્પા, ભાવિની, અશ્વિનીના માતા. મઠાબાઇ લાલજી ગંગરના પુત્રી. દિનેશ, શશીકાંત, હરેશ, ઇંદીરા/ભારતી નેમચંદ, ભોરારા વિમળા રામજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. એ્ડ્રેસ : ભાવિની દેઢીયા, ૭૦૩, શ્રધ્ધા રાજ મયુર, સેવારામ લાલવાની રોડ, મુલુંડ (વે.), મું.નં. ૪૦૦૦૮૦.

કોટડા રોહાના નિર્મળાબેન લાલજી હરીઆ (ઉં. વ. ૬૯) તા.૧૧-૪-૨૦૨૪ના દેશમાં અવસાન પામેલ છે. ગુમીબાઇ દેવજી હરીઆના પુત્રવધૂ. લાલજી દેવજીના ધર્મપત્ની. હિરેન, રાજેશ, દક્ષાના માતાજી. કોટડા (રોહા)ના પુરબાઇ ભાણજી લીલાધર ગાલાની પુત્રી. કેશવજીભાઇ, વિશનજી, મોથાળાના ઝવેરબેન વિશનજી, ગઢશીશાના કસ્તુર ભવાનજી, નારાણપરના નયના નવીનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. લાલજી હરીઆ, વેસ્ટર્ન સીટી, એલ.પી.સવાણી સ્કુલની પાછળ, સુરત.

મોટા આસંબીયાના માતુશ્રી મણીબેન આણંદજી વેલજી સાવલા (ઉં. વ. ૮૦) તા. ૧૧-૪-૨૪ના અવસાન પામેલ છે. આણંદજી વેલજી સાવલાના ધર્મપત્ની. મમીબાઇ વેલજી ઘેલાના પુત્રવધૂ. લાયજાના કેસરબેન વેલજી હીરજી ગાલાના સુપુત્રી. નાંગલપુરના ખેતબાઇ, જેઠાલાલ, ભવાનજી, પ્રેમચંદના બેન. રાજેશ, લતા (દર્શના), સ્વ. જયેશ, કિશોરના માતુશ્રી. પ્રાર્થના રાખેલ નથી. એ્ડ્રેસ : કિશોર આણંદજી સાવલા, ૧૦૪, સી-વિંગ, અંબાજી દર્શન, એન.ઇ.એસ. રોડ, ભાંડુપ (વે.), મુંબઇ-૭૮.

દશા શ્રીમાળી જૈન

જૂનાગઢ (છત્રાસા) નિવાસી હાલ હૈદ્રાબાદ, સ્વ. જયાબેન પ્રભુદાસભાઈ અવલાણીના પુત્ર હસમુખભાઈ અવલાણી (ઉં. વ. ૭૫), તે માલતીબેનના પતિ. પૂર્વી, ભુમિકાના પિતા. રામકૃષ્ણ મલેલા, ગૌરવ મહેતાના સસરા. શશીકાન્તભાઈ, સુરેશભાઈ, નિતીનભાઈ, સ્વ.પ્રદિપભાઈ, સ્વ.કિરીટભાઈ, હિતેશભાઈ, મુકેશભાઈ, સ્વ.ચંદ્રિકાબેન શેઠ, ભાનુબેન મોદી, અરુણાબેન સંઘરાજકા, મીનાબેન પારેખ, નયનાબેન ગાંધીના ભાઈ. સ્વ. ચીમનભાઈ વિરાણી (અહમદનગર)ના જમાઈ, પ્રાર્થનાસભા તા. ૧૪-૪-૨૦૨૪ના પરમ કેશવ બાગ, ઘાટકોપર, ૪.૩૦ થી ૬.૦૦.

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

કામરોળ નિવાસી હાલ મીરારોડ સુરેશચંદ્ર દલિચંદ શાહના ધર્મપત્ની પ્રભાબેન શાહ (ઉં. વ. ૮૨) તે ૯/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે અશોક, રાજેશના માતુશ્રી. તેજલ તથા રૂપલના સાસુ. ભાવિક, દર્શિત, વિરતી તથા રાજવીના દાદી. પિયરપક્ષે સ્વ. અમૃતલાલ ત્રિભોવનદાસ શાહના દીકરી ભાવયાત્રા ૧૪/૪/૨૪ના ૧૦ થી ૧૨. સેન્ટ્રલ પ્લાઝા હોલ, બેન્ક ઓફ ઇન્ડિયાની ઉપર, શાંતિપાર્ક મીરારોડ ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

રાયદેશ દશા હુમ્મડ દિગંબર જૈન

ભિલોડા નિવાસી હાલ કાંદિવલી રમણલાલ જીવરાજ શાહ (ઉં. વ. ૮૮)તે શારદાબેનના પતિ. જયેશભાઇ, પિયુષભાઇ, જ્યોતિબેન તથા ઇલાબેનના પિતા. પિન્કાબેન, કેનાબેન, સુનિલકુમાર અને નરેશકુમારના સસરા. જીનાલી, મેશ્વા, જૈનમ અને સ્નેહીના દાદા. મંજુલાબેન, લીલાબેન અને પ્રેમિલાબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૩-૪-૨૪ના ૩ થી ૪:૩૦. સ્થળ.. શ્રી વર્ધમાન સ્થાનક વાસી જૈન સંઘ, ડાયમંડ સિનેમાની સામે. એલ ટી રોડ બોરીવલી વેસ્ટ.

દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જસવંતીબેન તથા સ્વ. હરસુખલાલ ઓધવજી સંઘવીના સુપુત્ર દિલીપભાઇ સંઘવી (ઉં. વ. ૭૭) તે કુમુદબેનના પતિ. હિરેન-હિરલ તથા જોલી-કેતકભાઇ બાટવીયાના પિતાશ્રી. તે ગજેન્દ્રભાઇ, સ્વ. વજેન્દ્રભાઇ, સુરેશભાઇ, નયનાબેન, રજનીકાંત મોદી, સાધનાબેન ભરતભાઇ વોરા તથા ઇલાબેન (આશાબેન) અશોકભાઇ શેઠના ભાઇ. શ્વસુર પક્ષે સ્વ. દલીચંદભાઇ ન્યાલચંદ દોશીના જમાઇ તા. ૧૨-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

હિન્દુ મરણ

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર (મુંબઇ) જયંતીભાઇ ગિરધરલાલ શેઠ (ઉં.વ. ૮૪) તા. ૧૧-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હસુમતીના પતિ. ધર્મેશભાઇના પિતા. દર્શનાના સસરા. કુંજ અને હર્ષદાના દાદા. સ્વ. પ્રાણલાલભાઇ, સ્વ. લક્ષ્મીચંદભાઇ, બીપીનભાઇ, સ્વ. કાતાબેન કઢી, સ્વ. મંછાબેન કાચલિયા, સ્વ. મીનાબેન ધીયા, હીરાબેન શાહના ભાઇ. સાદડી અને લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

મોઢ ત્રિવેદી બ્રાહ્મણ

જામનગર નિવાસી હાલ મુંબઇ સ્વ. શિવકુમાર (શિવુભાઇ) દવેના ધર્મપત્ની ચંદ્રકલાબેન (ઉં. વ. ૯૩) તે શિરીષભાઇ, વીરુભાઇ તથા યોગેશભાઇના માતુશ્રી. પૂર્ણિમાબેન, દેવદત્તાબેન તથા વર્ષાબેનના સાસુ. ગુરુવાર તા. ૧૧-૪-૨૪ના કૈલાસવાસ (સ્વર્ગવાસ) થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

મોઢ વણિક

રાજકોટ નિવાસી હાલ કાંદિવલી (વેસ્ટ), ગં. સ્વ.સુધાબેન અંબાણી (ઉં. વ. ૬૯) તે તા. ૬-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હર્ષદરાય કાંતિલાલ અંબાણીના ધર્મપત્ની. મમતા, એકતા, કૃતિકાના માતુશ્રી. જિજ્ઞેશકુમાર પારેખ, જયદીપકુમાર પારેખ અને કેયુરકુમાર વોરાના સાસુ. સુરેશચંદ્ર કાંતિલાલ અંબાણીના ભાભી. હેતલ અને પ્રતીકના ભાભુ. સ્વ. તારાબેન ઇંદુલાલ પારેખ તથા સ્વ. ઇંદુલાલ ફૂલચંદ પારેખના દિકરી.

ઘોઘારી દશા દિશાવળ વણિક

રોહિસાવાળા હાલ મુંબઈ માલતીબેન જાટકીયા (ઉં.વ. ૭૮) તે ચંદ્રકાન્ત ભીખાલાલ જાટકીયાના પત્ની. પ્રગ્નેશ, સમીર, શીતલ, હેતલના માતા. હેમાલી, કોમલ કમલેશ સીરોદરીયા, રણજીત નાયરના સાસુ. વત્સલ, માનવ, રાશીના દાદી. દીતી, શ્રુષ્ટી, સાક્ષીના નાની તા. ૧૧-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૩-૪-૨૪ના ૫ થી ૭. સ્થળ: વિશ્વેશ્વર ભવન, ૧લે માળે, સન્યાસ આશ્રમ કંપાઉન્ડ, વિલેપાર્લા વેસ્ટ.

કચ્છી લોહાણા

સ્વ. હંસાબેન ઠક્કર (રાઈચના) (ઉં.વ. ૮૪) ગામ મઉ, હાલ ઘાટકોપર નિવાસી તા. ૧૧-૪-૨૪, ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે બચૂબેન મંગળદાસ ઠક્કર (અનમ)ના દિકરી, ગામ વિંજણ. સ્વ. ચંદ્રકાંત હરિરામ ઠક્કરના પત્ની. કિશોરભાઈ, રાજેન્દ્રભાઈ, કલ્પેશભાઈના માતુશ્રી. સ્વ. કવિતાબેન, કલ્પનાબેન, પૂર્ણાબેનના સાસુ. મીનલ, નીરવ, હાર્દિક, પ્રિયંકા, માન્યુના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૪-૨૪, શનિવારના સ્વામિનારાયણ મંદિર હોલ, લવંડર બાગની બાજુમાં, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઈ.), ૪ થી ૬. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

દશા મેવાડા અમદાવાદી વણિક

પાદર નિવાસી હાલ ગોરેગાંવ નવીનચંદ્ર (ગોપાલભાઈ) શાહ (ઉં.વ. ૮૪) તા. ૧૦-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સાંકળચંદ માણેકલાલ શાહના પુત્ર. સ્વ. નટવરલાલ મોહનલાલ શાહના જમાઈ. ઉષાબેનના પતિ. રવિન, જયોતિના પિતા. હિરલ, મહિમાના દા

રણસંગ્રામ IPL-2024

મૅરી કૉમનું ઓચિંતું રાજીનામું

નવી દિલ્હીઃ પૅરિસ ઑલિમ્પિક્સને ગણતરીના મહિના બાકી છે ત્યારે છ વખત મહિલા બૉક્સિંગમાં વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલી એમ. સી. મૅરી કૉમે આ ઑલિમ્પિક ગેમ્સ માટેના ભારતીય સંઘના ઇન્ચાર્જના સ્થાનેથી હટી જઈને ભારતીય ખેલકૂદ ક્ષેત્રે સૌ કોઈને આશ્ચર્યમાં મૂકી દીધા છે.

૪૧ વર્ષની મૅરી કૉમની નિયુક્તિ શેફ દ મિશન તરીકે થઈ હતી. તેણે ભારતીય ઍથ્લેટિક્સનાં લેજન્ડ અને ઇન્ડિયન ઑલિમ્પિક અસોસિએશન (આઇઓએ)ના પી. ટી. ઉષાને પત્રમાં લખ્યું છે કે 'હું અંગત કારણસર પૅરિસ ઑલિમ્પિક્સ માટેના ભારતીય સંઘના શેફ દ મિશનના હોદ્દેથી છૂટી થવા માગું છું. મારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી એટલે આ નિર્ણય લઈ રહી છું.'

મૅરી કૉમે પત્રમાં વિગતમાં લખ્યું હતું કે 'દેશ વતી મોખરાના સ્થાને પ્રતિનિધિત્વ કરવું એ બહુ મોટું ગૌરવ કહેવાય. એ માટે હું માનસિક રીતે તૈયાર પણ હતી, પરંતુ ખેદ સાથે કહેવું પડી રહ્યું છે કે હું આ પદ પર નહીં રહી શકું એટલે રાજીનામું આપી રહી છું. હું ક્યારેય કમિટમેન્ટ પૂરું કરવાનું ટાળતી નથી, પણ આ કિસ્સામાં હું શરમ અનુભવી રહી છું. રાજીનામું આપ્યા સિવાય મારી પાસે બીજો કોઈ જ વિકલ્પ નહોતો. હું પૅરિસ ઑલિમ્પિક્સમાં મારા દેશને તેમ જ મારા દેશના ઍથ્લીટોને ચિયર-અપ કરતી રહીશ.'

ફ્રાન્સના પાટનગર પૅરિસમાં ૨૬મી જુલાઈએ ઑલિમ્પિક ગેમ્સ શરૂ થશે. મૅરી કૉમ ૨૦૨૧ની લંડન ઑલિમ્પિક્સમાં બૉક્સિંગનો બ્રૉન્ઝ મેડલ જીતી હતી. આઇઓએ દ્વારા ૨૧મી માર્ચે મૅરી કૉમની નિયુક્તિ કરી હતી. પી. ટી. ઉષાએ પીટીઆઇને જણાવ્યું, 'હું મૅરી કૉમના નિર્ણયનું સન્માન કરું છું. થોડા જ દિવસમાં તેના સ્થાને કોની નિયુક્તિ થશે એની જાહેરાત કરાશે.'

પૅરિસ ઑલિમ્પિક્સ માટે ભારતના ૪૦થી પણ વધુ ઍથ્લીટો ક્વૉલિફાય થયા છે. છ વખત વિન્ટર ઑલિમ્પિક્સમાં ભાગ લઈ ચૂકેલા લ્યૂજ (એક પ્રકારની રમત)ના ભારતીય ચૅમ્પિયન શિવા કેશવનની આઇઓએ દ્વારા ડેપ્યૂટી શેફ દ મિશન તરીકે નિયુક્ત થઈ છે. ■

હાર્દિક પંડ્યા ઈજા છુપાવી રહ્યો છે?

ન્યૂ ઝીલૅન્ડના ભૂતપૂર્વ ક્રિકેટરે ગંભીર શંકા વ્યક્ત કરી

ગુરુવારે વાનખેડેમાં હાર્દિક પંડ્યા. (iplt20.com)

મુંબઈઃ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા દિલ્હી કૅપિટલ્સ સામેની રવિવારની મૅચ પહેલાં પ્રભાસ પાટણ જઈને સોમનાથદાદાના દર્શન કરી આવ્યો ત્યાર પછી તે સૌભાગ્યનો અનુભવ કરી રહ્યો છે. તેનો જે રીતે હુરિયો બોલાવવામાં આવતો હતો એનું પ્રમાણ હવે નહીંવત થઈ ગયું છે અને તેના સુકાનમાં મુંબઈ ઇન્ડિયન્સની ટીમ સતત બીજી મૅચ (રવિવારે દિલ્હી સામે અને ગુરુવારે બેન્ગલૂરુ સામે) જીતી છે. હાર્દિકે બૅટિંગમાં પણ ફૉર્મ લગભગ પાછું મેળવી લીધું છે.

જોકે હાર્દિકની બોલિંગ વિશે થોડીઘણી શંકા હતી એમાં વળી ન્યૂ ઝીલૅન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર સાયમન ડૉલે વ્યક્ત કરેલું મંતવ્ય ભારતીય ટીમ માટે ચિંતા જગાડનારું છે.

હાર્દિકે ગુરુવારે વાનખેડેમાં બેન્ગલૂરુ સામે એક જ ઓવર બોલિંગ કરી જેમાં ૧૩ રન બન્યા હતા. દિલ્હી અને રાજસ્થાન સામેની મૅચમાં તેણે બોલિંગ નહોતી કરી. એ પહેલાં હૈદરાબાદ સામે તેણે ચાર અને ગુજરાત સામે ત્રણ ઓવર બોલિંગ કરી હતી.

સાયમન ડૉલે એવી શંકા વ્યક્ત કરી છે કે હાર્દિક તેની કોઈક પ્રકારની ઈજાની બાબતમાં કંઈક છુપાવી રહ્યો છે.

આ જોતાં હાર્દિક જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં રમશે કે કેમ એના પર ચર્ચા શરૂ થઈ છે. સાયમન ડૉલને શંકા છે કે આઇપીએલ દરમ્યાન હાર્દિકને ઈજા થઈ છે અને એટલે જ તે દરેક મૅચમાં બોલિંગ નથી કરતો અને કરે છે તો ક્વોટા પૂરો નથી કરતો. હાર્દિક પગની ઘૂંટીની ઈજાને લીધે ઑક્ટોબર, ૨૦૨૩થી ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી નહોતો રમ્યો. એ અરસામાં તેણે ઘણી ઇન્ટરનૅશનલ તેમ જ ડોમેસ્ટિક મૅચો ગુમાવી હતી. ■

કુલદીપની કમબૅકમાં કમાલ, પણ બદોની અને અર્શદની ઐતિહાસિક ભાગીદારી

ગઈ કાલે વિકેટ લીધા પછી કુલદીપ યાદવ (iplt20.com)

લખનઊઃ ત્રીજા નંબરની ટીમ લખનઊ સુપર જાયન્ટ્સે હોમ ગ્રાઉન્ડ પર તળિયાની દિલ્હી કૅપિટલ્સ સામે શરૂઆતના અને મિડલ-ઑર્ડરના ધબડકા બાદ છેલ્લી સાત ઓવરમાં થોડીઘણી ફટકાબાજીથી ૧૬૭/૭નો સન્માનજનક સ્કોર મેળવ્યો હતો. આયુષ બદોની (પંચાવન અણનમ, ૩૫ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) આ સીઝનમાં પહેલી વાર સારું પર્ફૉર્મ કરી શક્યો હતો. તેની અને અર્શદ ખાન (૧૬ બૉલમાં બે ફોર સાથે અણનમ ૨૦) વચ્ચે આઠમી વિકેટ માટે ૭૩ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. આઇપીએલના ઇતિહાસમાં આઠમી વિકેટ માટેની આ સૌથી મોટી ભાગીદારી છે. ૯૪મા રને કૃણાલ પંડ્યાની સાતમી વિકેટ પડી ત્યાર પછી બન્ને બૅટર ટીમના સ્કોરને ૧૬૭/૭ સુધી લઈ ગયા હતા.

દિલ્હીનો સ્પિનર કુલદીપ યાદવ ઈજા પામ્યા બાદ ૧૫ દિવસે પાછો રમવા આવ્યો હતો અને છવાઈ ગયો હતો. તેણે ૨૦ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. તેની ત્રણેય વિકેટ ખૂબ મહત્ત્વની હતી. તેણે રાહુલ (બાવીસ બૉલમાં ૩૯ રન), માર્કસ સ્ટોઇનિસ (૧૦ બૉલમાં આઠ રન) અને નિકોલસ પૂરન (પહેલા બૉલે આઉટ)ની વિકેટ લીધી હતી. બે વિકેટ રાજસ્થાનમાં જન્મેલા ફાસ્ટ બોલર ખલીલ અહમદે લીધી હતી. ઇશાંત અને મુકેશ કુમારને એક-એક વિકેટ મળી હતી, પરંતુ અક્ષર પટેલ આ વખતે વિકેટ લેવામાં સફળ નહોતો થયો.

લખનઊના સુકાની રાહુલે ટૉસ જીતીને બૅટિંગ પસંદ તો કરી, પરંતુ તેની ટીમે શરૂઆતથી જ સમયાંતરે એની વિકેટ પડી હતી. ૬૬ રનમાં લખનઊની ચાર વિકેટ પડી ગઈ હતી અને ૭૭મા રને ખુદ રાહુલ આઉટ થયો હતો. દર ૧૦-૧૨ રને વિકેટ પડવાનો સિલસિલો ચાલુ જ રહ્યો હતો.

લખનઊની ટીમ આ મૅચ પહેલાંની ત્રણેય મૅચ જીતી હતી. ■

વાનખેડેમાં મુંબઈ ઇન્ડિયન્સની અનોખી હાફ સેન્ચુરી

બુમરાહના અનેક વિક્રમઃ ઓપનિંગમાં રોહિતની પહેલી સેન્ચુરી પાર્ટનરશિપ, સૂર્યકુમાર સેકન્ડ ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરિયન



ગુરુવારનો મૅન ઑફ ધ મૅચ બુમરાહ (ડાબે). સૂર્યકુમાર યાદવે કમબૅક પછી બીજી જ મૅચમાં અસલ ટચ બતાવી દીધો. (iplt20.com)

મુંબઈઃ કોઈ બૅટર હાફ સેન્ચુરીઓનો નવો કીર્તિમાન સ્થાપિત કરે કે કોઈ બોલર સૌથી ઝડપે (સૌથી ઓછી મૅચમાં) ૫૦ વિકેટ લે એ ઘણી વાર સાંભળ્યું છે, પરંતુ કોઈ ટીમની પણ હાફ સેન્ચુરી હોય અને એ નવું સીમાચિહ્ન બની જાય એ પહેલી વાર જાણ્યું.

વાત એવી છે કે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઇન્ડિયન્સે આઇપીએલમાં ૫૦મી જીત મેળવી અને આ ટૂર્નામેન્ટમાં એક જ સ્થળે ૫૦ મૅચમાં વિજય મેળવનાર મુંબઈ ઇન્ડિયન્સ પ્રથમ ટીમ બની છે. આ મૅચોની જીતમાં સુપર ઓવરમાં મેળવેલા વિજયની ગણતરી નથી કરાઈ તો પણ આ અનોખો વિક્રમ સૌથી પહેલાં મુંબઈ ઇન્ડિયન્સના નામે લખાયો છે.

મુંબઈ ઇન્ડિયન્સે નવમી વખત ૧૯૦-પ્લસનો ટાર્ગેટ ચેઝ કર્યો. એ રીતે મુંબઈની ટીમે પંજાબ કિંગ્સની બરાબરી કરી હતી. બીજું, બૅન્ગલૂરુની ટીમ સામે અગિયારમી વાર ૧૯૦-પ્લસનો લક્ષ્યાંક સફળતાપૂર્વક ચેઝ થયો છે અને એ પણ પંજાબ કિંગ્સ જેવો અનોખો રેકૉર્ડ છે.

ગુરુવારે બેન્ગલૂરુએ બૅટિંગ મળ્યા બાદ વિરાટ કોહલી (૩)ની સાવ સસ્તામાં વિકેટ ગુમાવ્યા બાદ આઠ વિકેટે ૧૯૬ રન બનાવ્યા હતા જેમાં કૅપ્ટન ફાફ ડુ પ્લેસીના ૬૧ રન, વિકેટકીપર દિનેશ કાર્તિકના અણનમ ૫૩ રન અને રજત પાટીદારના ૫૦ રન હતા. જસપ્રીત બુમરાહે માત્ર ૨૧ રનમાં કોહલી અને ડુ પ્લેસી સહિત પાંચ બૅટરની વિકેટ લીધી હતી. જેરાલ્ડ કૉએટ્ઝી, આકાશ મઢવાલ અને શ્રેયસ ગોપાલને એક-એક વિકેટ મળી હતી. મુંબઈએ ૧૫.૩ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે ૧૯૯ રન બનાવીને શાનદાર વિજય મેળવ્યો હતો. ઇશાન કિશન (૬૯ રન, ૩૪ બૉલ, પાંચ સિક્સર, સાત ફોર)નું ૧૯૯ રનમાં સૌથી મોટું યોગદાન હતું. જોકે સૂર્યકુમાર યાદવ (બાવન રન, ૧૯ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર) અસલ મિજાજમાં ધમાકેદાર ઇનિંગ્સ રમ્યો હતો. તેણે ૧૭ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા અને એ રીતે તે મુંબઈ ઇન્ડિયન્સનો સેકન્ડ ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરિયન બન્યો છે. ઇશાન કિશને ૨૦૨૧માં સનરાઇઝર્સ સામે ૧૬ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા. સૂર્યકુમાર ટી-૨૦ ઇન્ટરનૅશનલનો નંબર વન બૅટર છે અને ૧૭ બૉલમાં હાફ સેન્ચુરી તેના તમામ ફિફ્ટીમાં ફાસ્ટેસ્ટ છે.

રોહિત શર્મા (૩૮ રન, ૨૪ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)નું પણ ૧૯૯ રનમાં ઉપયોગી યોગદાન હતું. રોહિતના સુકાનમાં મુંબઈ પાંચ ટાઇટલ જીત્યું છે અને તે મુંબઈ વતી ૨૦૩ મૅચ રમ્યો છે, પરંતુ પહેલી જ વાર તેણે સાથી બૅટર સાથે સેન્ચુરીની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હોવાનો કિસ્સો નોંધાયો છે. ગુરુવારે તેની અને કિશન વચ્ચે ૧૦૧ રનની ભાગીદારી થઈ હતી.

ગુરુવારે હાર્દિક પંડ્યા (૨૧ અણનમ, છ બૉલ, ત્રણ સિક્સર)એ અસરદાર પર્ફૉર્મ કર્યું હતું. તેની સાથે તિલક વર્મા (૧૬ અણનમ, ૧૦ બૉલ, ત્રણ ફોર) છેક સુધી ક્રીઝ પર રહ્યો હતો. રીસ ટૉપ્લી, મોહમ્મદ સિરાજ અને મૅક્સવેલને વિકેટ નહોતી મળી. આકાશ દીપ, વિજયકુમાર વૈશાક અને નવા ઑલરાઉન્ડર ઇંગ્લૅન્ડના વિલ જૅક્સને એક-એક વિકેટ મળી હતી.

બુમરાહને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. તે બેન્ગલૂરુની ટીમ વિરુદ્ધ મૅચમાં પાંચ વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો છે. તેણે ચેન્નઈ સુપર કિંગ્સ વતી રમનાર આશિષ નેહરા (૪/૧૦)નો વિક્રમ તોડ્યો છે.

બુમરાહે ગુરુવારે વધુ એક વિક્રમની બરાબરી પણ કરી હતી. તે આઇપીએલની એક મૅચમાં પાંચ વિકેટની સિદ્ધિ બે વખત મેળવનારો ચોથો બોલર છે. આ પહેલાં જેમ્સ ફૉકનર, જયદેવ ઉનડકટ અને ભુવનેશ્વર કુમારે બે વાર મૅચમાં પાંચ વિકેટ લીધી હતી. બુમરાહે ગુરુવારે ૨૧મી વાર મૅચમાં ત્રણ કે વધુ વિકેટની સિદ્ધિ મેળવી અને આવું કરનાર તે આઇપીએલનો પહેલો જ બોલર છે. ■

રોહિત શર્માએ નિવૃત્તિની રાહ જોઈ રહેલા ટીકાકારોને મોટા નિવેદનમાં ખુલાસો કરી દીધો

નવી દિલ્હીઃ રોહિત શર્માને મુંબઈ ઇન્ડિયન્સના સુકાનીપદેથી હટાવાયો એ તો તેના અસંખ્ય ચાહકોને નથી ગમ્યું, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે રોહિત વિશેની માન્યતા થોડી જુદી છે.

કેટલાકને મનમાં પ્રશ્ન થઈ રહ્યો છે કે રોહિત જૂન મહિનામાં અમેરિકા તથા વેસ્ટ ઇન્ડિઝમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ટીમમાં હશે કે નહીં? અમુકનું એવું માનવું છે કે ૩૬ વર્ષનો રોહિત હવે ક્યાં સુધી રમશે એ જ મોટો સવાલ છે. કેટલાકને એવું લાગી રહ્યું છે કે જૂનના ટી-૨૦ વર્લ્ડ કપની ટીમમાં રોહિતના સ્થાને કદાચ હાર્દિક પંડ્યા કૅપ્ટનપદે હશે.

જોકે પીટીઆઇના અહેવાલ મુજબ રોહિતે 'બ્રેકફાસ્ટ વિથ ચૅમ્પિયન્સ' નામના યુટ્યૂબ ચૅટ શોમાં કહ્યું છે, 'ખરું કહું તો મેં રિટાયરમેન્ટ વિશે હજી કંઈ વિચાર્યું જ નથી. મારા ભાવિમાં શું વળાંક આવશે એ જ મને નથી ખબર. હું તો એટલું જ જાણું છું કે અત્યારે હું સારું રમી રહ્યો છું અને હજી થોડા વર્ષ તો રમવું જ છે.'

રોહિત ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપની ટીમમાં હતો. ભારતે એ સૌપ્રથમ ટી-૨૦ વિશ્વકપ જીતી લીધો હતો. રોહિતે ચૅટ શોમાં વધુમાં કહ્યું, 'મારી દૃષ્ટિએ વન-ડેનો વર્લ્ડ કપ ખરો વર્લ્ડ કપ કહેવાય. એ ફૉર્મેટના વર્લ્ડ કપને જોઈને જ આપણે બધા મોટા થયા છીએ. ૨૦૨૫માં લૉર્ડ્સમાં ટેસ્ટની વર્લ્ડ ચૅમ્પિયનશિપની ફાઇનલ રમાશે અને મને ખાતરી છે કે ભારત પહેલી બે ફાઇનલ બાદ આ ત્રીજી ફાઇનલમાં પણ પહોંચશે. હું તો કહું છું કે મારે ૨૦૨૭ના વન-ડેના વર્લ્ડ કપ સુધી રમતા રહેવું છે અને એ વિશ્વકપ જિતાડવો છે.'

રોહિતે ૨૦૨૩માં ભારતમાં રમાયેલા વન-ડે વર્લ્ડ કપની ફાઇનલની હાર વિશેના સવાલના જવાબમાં કહ્યું, 'સેમિ ફાઇનલ જીત્યા પછી અમે બધા માનતા હતા કે હવે આપણે ટ્રોફીથી એક જ ડગલું દૂર છીએ. જોકે ૧૯મી નવેમ્બરનો એ દિવસ ભારતીય ટીમ માટે ખરાબ દિવસ હતો. જોકે ત્યાર પછી આપણે ઘરઆંગણે ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝ ૪-૧થી જીત્યા એનાથી અમને બધાને ખૂબ આનંદ થયો હતો.'

આરસીબીને મોટો ઝટકો, ૧૧ કરોડ રૂપિયાવાળો મૅક્સવેલ ઈજાને લીધે કદાચ થોડી મૅચ નહીં રમે



બેન્ગલૂરુઃ રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ની ટીમમાં એક એકથી ચડિયાતા સ્ટાર ખેલાડીઆ છે, આ ટીમના ખેલાડીઓના ટી-શર્ટનો રંગ અને ડિઝાઇન પણ ફ્રૅન્ચાઇઝીના માલિકોએ બદલ્યા છે, ટીમનો લોગો પણ થોડો બદલાયો છે, ટીમના કૅપ્ટનપદે વિશ્વવિખ્યાત ખેલાડી ફાફ ડુ પ્લેસી છે અને હેડ-કોચ ઍન્ડી ફ્લાવર છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે કોચિંગ માટે ખ્યાતનામ છે એમ છતાં ટીમના ભાગ્યમાં કોઈ જ સુધારો નથી દેખાતો.

વિરાટ કોહલી છમાંથી એક મૅચમાં સેન્ચુરી અને બે મૅચમાં ૭૫-પ્લસ રન બનાવી ચૂક્યો છે છતાં આ ટીમ પૉઇન્ટ્સ-ટેબલમાં નીચલા સ્તરેથી ઉપર નથી આવી શકી. છમાંથી પાંચ મુકાબલા હારી ચૂકેલી આરસીબી પહેલી મૅચ હારી અને પછી એક જીતી, પરંતુ ત્યાર બાદ લાગલગાટ ચાર જંગમાં પરાજિત થઈ છે.

અધૂરામાં પૂરું, હવે એવી જાણ થઈ છે કે આ ટીમનો આ વખતનો ફ્લૉપ ઑલરાઉન્ડર ગ્લેન મૅક્સવેલ ઈજા પામ્યો છે. ૨૦૨૧ની સીઝનમાં આરસીબીના માલિકોએ તેને ૧૧ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ત્યારથી તેને રીટેન કર્યો છે અને જે સીઝનમાં જેટલી મૅચ તે રમે એ પ્રમાણે તેને પૈસા મળે છે. ટૂંકમાં, ૧૧ કરોડ રૂપિયાવાળા આ ખેલાડી આ વખતે છ મૅચ રમ્યો એટલે એટલી મૅચના તેના પૈસા તો પાકી ગયા.

તેનો આ વખતનો પર્ફૉર્મન્સ તો જુઓ કેવો આંચકાજનક છે! તે છ મૅચમાં આવું રમ્યો છેઃ ૦, ૩, ૨૮, ૦, ૧ અને મૅક્સવેલે કુલ ચાર વિકેટ લીધી છે, પરંતુ તેનું બૅટ સાવ ખામોશ છે. તેને ગુરુવારે ફીલ્ડિંગ દરમ્યાન અંગૂઠામાં ઈજા થઈ હતી. ■

મજાકિયા રોહિતે મૅચ દરમ્યાન કાર્તિક વિશે ટકોર કરી અને કિશન હસી પડ્યો

મુંબઇઃ મુંબઇ ઇન્ડિયન્સનો ભૂતપૂર્વ કૅપ્ટન રોહિત શર્મા રમૂજી સ્વભાવનો છે. મૅચ દરમિયાન ઘણી વાર તેની કમેન્ટ સ્ટમ્પ માઇકમાં સાંભળવા મળતી હોય છે. ગુરુવારે વાનખેડેમાં બેન્ગલૂરુ સામેની મેચ દરમ્યાન તેની મઝેદાર કમેન્ટ સ્ટમ્પ માઇકમાં કેદ થઇ ગઇ હતી. આવો આપણે એ મજેદાર કિસ્સો જાણીએ...

મુંબઇ ઇન્ડિયન્સે ટોસ જીતીને રોયલ ચેલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ને પ્રથમ બેટિંગ કરવા કહ્યું હતું. આરસીબી તરફથી છઠ્ઠા નંબર પર બેટિંગ કરવા માટે એના વિકેટકીપર દિનેશ કાર્તિક આવ્યો હતો. કાર્તિક આવતાની સાથે જ ફટકાબાજી શરૂ કરી દીધી હતી. તેણે ૨૨ બોલમાં ૫૦ રન ઝૂડી કાઢ્યા હતા, જેમાં તેના ચાર છગ્ગા અને પાંચ ચોક્કા સામેલ હતા. તેની ઇનિંગ્સ દરમ્યાન રોહિત શર્મા સ્લિપમાં ફીલ્ડિંગ કરી રહ્યો હતો. કાર્તિક બોલને ઉપરાઉપરી ઝૂડી રહ્યો હતો. તેના એક શૉટ બાદ રોહિત તેની તરફ જોઈને તાળી પાડતો આવ્યો અને બોલ્યો, 'વર્લ્ડ કપ કે સિલેક્શન કે લિયે પુશ કરના હૈ ઇસકો, શાબાશ! દિમાગ મેં ચલ રહા હૈ ઉસકે વર્લ્ડ કપ. (ભાઇ એને વર્લ્ડ કપ માટે સિલેક્ટ થવું છે. એના મગજમાં વર્લ્ડ કપ ચાલી રહ્યો છે).'

કાર્તિક માટે રોહિત આવી કમેન્ટ કરીને તાળીઓ પાડતો રહ્યો અને તેને ચીડવતો રહ્યો ત્યારે વિકેટકીપિંગ કરી રહેલો ઈશાન કિશન હસવા લાગ્યો હતો.

આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થઇ રહ્યો છે અને લોકો એને માણી રહ્યા છે.

નોંધનીય છે કે રોહિત શર્માને ભારતની ટી-૨૦ વર્લ્ડ કપ ટીમનો કેપ્ટન જાહેર કરવામાં આવ્યો છે, જ્યારે હાર્દિક પંડ્યા તેના ડેપ્યુટી હશે. ■

ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

A	B
ચાનક	તમાચો
ચાતક	ઉમંગ
ચારપાઈ	ઓછાડ
ચાપટ	ખાટલો
ચારસો	એક પક્ષી

ઓળખાણ પડી?



ઉત્તર પ્રદેશના ઈમાનદાર મુખ્ય પ્રધાન તરીકે ઓળખાયેલા રાજનેતાની ઓળખાણ પડી? સરકારી મૂડીથી અંગત કામ કરવાના તેઓ કાયમ વિરોધી રહ્યા હતા.

અ) રાજા રાજગોપાલાચારી બ) ગોવિંદ વલ્લભ પંત
ક) ચંદ્રભાનુ ગુપ્તા ડ) એન. ડી. તિવારી

ગુજરાત મોરી મોરી રે

કચ્છના ભચાઉ તાલુકાના ખદીર બેટ વિસ્તારમાં આવેલા પાંચ હજાર વર્ષ જૂના નગરનું નામ જણાવો. ૨૭ જુલાઈ ૨૦૨૧ના રોજ નગરને યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ જાહેર કરવામાં આવ્યું હતું.

અ) અબડાસા બ) લખપત ક) ધોળાવીરા ડ) રાપર

જાણવા જેવું

જૈનો શરીરના પાંચ પ્રકાર માને છે: (૧) ઔદારિક શરીર એટલે બાહ્યસ્થૂલ શરીર, (૨) કાર્મણ શરીર એટલે પ્રાણીનાં વિવિધ કર્મોરૂપી શરીર, (૩) તૈજસ શરીર એટલે સ્થૂળ શરીરમાં પાચનક્રિયા વગેરે કરનાર શરીર, (૪) આહારક શરીર એટલે કે એક પ્રકારનું સૂક્ષ્મ શરીર જે અમુક વિશિષ્ટ જીવો પોતાને સંશય પડે ત્યારે કેવળી ભગવાન જ્યાં હોય ત્યાં જમવા માટે ધારણ કરે અને (૫) વૈક્રિય શરીર એટલે યોગસિદ્ધિથી પ્રાપ્ત થતું, નાનું મોટું કરી શકાય તેવું શરીર.

ચતુર આપો જવાબ

ભારતની લાંબી નદીમાં ગણના ધરાવતી કઈ નદી દેશના મહારાષ્ટ્રથી પ્રારંભ થઈ કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાંથી પણ વહે છે એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

માથું ખંજવાળો

અ) ચંબલ નદી
બ) કાવેરી નદી
ક) ગંડક નદી
ડ) કૃષ્ણા નદી

નોંધી રાખો

ધુમ્મસમાંથી એક સારી વાત શીખવા મળે છે કે જીવનમાં જ્યારે રસ્તો દેખાતો નથી ત્યારે દૂર જોવાની કોશિશ કરવી વ્યર્થ છે. ધીરે ધીરે, પગથિયાં ચડશો તો રસ્તો ખૂલતો જશે.

માઈન્ડ ગેમ

વિદ્યાભ્યાસ સાથે સંબંધ ધરાવતી અનેકવિધ શાખાઓ ઉપલબ્ધ છે. Ornithology તરીકે જાણીતી શાખા શેના અભ્યાસ સાથે સંબંધ ધરાવે છે એ કહી શકશો?

અ) ધરેણાં બ) મેદાન
ક) પક્ષી ડ) પાણી

ગયા વખતનો ઉકેલ

૧ અ	ન	૨ શ	ન		૩ અ	ના	૪ મ	ત	
ક્ક		મ		૫ ઉ	ર		તુ		૬ સં
૭ લ	૮ મ	ણું		૯ મે	મા	ન		૧૦ હ	તો
૧૧ ગ	જા		૧૨ વા	દ	ન			૧૩ જો	ષ
રો		૧૪ ૫	ર	વા		૧૫ ખ	૧૬ ત		કા
	૧૭ ભ	થ	વા	રી		૧૮ મા	હ	વા	ર
૧૯ અ		રા			૨૦ સુ		સ		ક
૨૧ ફ	રા	ળ		૨૨ આ	મ	જ	ન	૨૩ તા	
સો			૨૪ વિ	ર	તિ		૨૫ હ	તા	૨૬ શા
૨૭ સ	હા	નુ	ભૂ	તિ		૨૮ લ	સ	ર	ક

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧		૨			૩		૪		
		૫		૬					૭
૮	૯			૧૦			૧૧		
૧૨			૧૩			૧૪			
૧૫		૧૬		૧૭	૧૮			૧૯	
૨૦					૨૧		૨૨		
				૨૩			૨૪		
૨૫			૨૬					૨૭	૨૮
		૨૯		૩૦			૩૧		
૩૨						૩૩			

આડી ચાવી

૧. વીતક, પ્રત્યક્ષ જ્ઞાન (૪)
૩. જમીનદોસ્ત થવું તે (૪)
૫. મલમ-હિંદીમાં (૪)
૮. --- આવો સુંદરવર શામળિયા (૩)
૧૦. તંગી, કસર (૨)
૧૧. હવા, વાયુ (૩)
૧૨. --- ઉઘાડવા એટલે ચેતવવું (૨)
૧૩. ---ની આગમાં પરવાના જલે (૨)
૧૪. ખૂણો (૨)
૧૫. મોકલવું તે (૩)
૧૭. ઢીલું, પોચું (૩)
૧૯. પોપટની પત્ની (૨)
૨૦. પાસું, પડખું (૪)
૨૧. ગભરાટ, ક્ષોભ, કોલાહલ (૫)
૨૩. -- બેસવી એટલે મેળ ખાવો (૨)
૨૪. અવાજ (૨)
૨૫. અવાજ ન કરવો તે (૨)
૨૬. ગામઠી, દેશી (૪)
૨૭. વૃદ્ધ માટે વપરાતો શબ્દ (૨)
૩૦. ગડગુમડ પર લગાડવાનો નાનો ટુકડો (૨)
૩૨. માથે દોષ ચડાવવો તે (૫)
૩૩. આહ્વાન, લલકાર (૪)

ઊભી ચાવી

૧. અસર કરે તેવું (૬)
૨. ભોમિયા વિના મારે ---- તા ડુંગરા (૩)
૩. પવન, ફૂંકવાનું સાધન (૩)
૪. ડહાપણ, સમજ (૪)
૬. હવાનો વરતારો (૪)
૭. જુસ્સો, તાન, ઉત્સાહ (૫)
૯. લશ્કરી, વહાણ (૪)
૧૪. પોચું, સ્નિગ્ધ, હલકું, નરમ (૩)
૧૬. હોડી (૩)
૧૮. બિનજરૂરી રખડવું તે (૫)
૧૯. સભા, મિજલસ, પરિષદ (૪)
૨૨. દિવસ-એટલે આખો દિવસ (૨)
૨૩. મીઠું, ગળ્યો સ્વાદ (૪)
૨૫. નિર્ણય, ફેંસલો (૩)
૨૮. આભાર સાથે (૩)
૨૯. આકાશમાં ચમકે (૨)
૩૧. લાંબુ, ઊંચુ, ઝાડ (૨)

સુડોકુ-૫૦૬૧

૩			૪	૬				
	૬				૭			૯
					૫		૪	૩
	૩	૮		૭		૪		
૭				૪				૨
		૫		૨		૮	૬	
૬	૯		૭					
૫			૯				૮	
				૩	૪			૫

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૫૦૬૦

૪	૭	૫	૩	૨	૬	૧	૮	૯
૨	૧	૯	૭	૫	૮	૬	૪	૩
૬	૩	૮	૪	૧	૯	૨	૭	૫
૧	૪	૬	૮	૯	૩	૫	૨	૭
૯	૫	૩	૬	૭	૨	૮	૧	૪
૮	૨	૭	૧	૪	૫	૩	૯	૬
૫	૯	૧	૨	૩	૭	૪	૬	૮
૩	૮	૪	૯	૬	૧	૭	૫	૨
૭	૬	૨	૫	૮	૪	૯	૩	૧

ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

A	B
નિવેડો	ફેંસલો
નિશા	રાત્રિ
નિશ્ચય	સંકલ્પ
નિષિદ્ધ	પ્રતિબંધિત
નિસ્બત	નાતો

ગુજરાત મોરી મોરી રે
કચ્છ

ઓળખાણ પડી
પંજરી

માઈન્ડ ગેમ
ગુનેગારી

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
બાબા આમટે

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) પ્રતીમા પમાની (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદ્દેશી (૯) ડૉ. પ્રકાશ કટકિયા (૧૦) ભારતી પ્રકાશ કટકિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ભારતી બુચ (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિભા મહેશ્વરી (૧૫) લજીતા ખોના (૧૬) મહેશ સંઘવી (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જ્યોતી ખાંડવાલા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિતીન જે. બજેરીયા (૨૩) વીણા સંપટ (૨૪) દિલીપ પરીખ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ભાવના કર્વે (૨૮) જગદીશ વલ્લભ ઠક્કર (૨૯) કલ્પના આશર (૩૦) સુનીતા પટવા (૩૧) રજનીકાંત પટવા (૩૨) અંજુ ટોલીયા (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હીના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) રસીક જુઠાણી (ટોરન્ટો- કેનેડા) (૩૯) પુષ્પા ખોના (૪૦) પ્રવીણ વોરા (૪૧) કિશોર બી. સંઘરાજકા (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) નયન ગિરીશ મિસ્ત્રી (૪૬) મહેન્દ્ર લોઢાવીયા (૪૭) નિખીલ બંગાળી મિસ્ત્રી (૪૮) એમીષી બંગાળી (૪૯) અલકા વાણી (૫૦) સુરેખ દેસાઈ (૫૧) નંદકિશોર સંજાણવાળા

ટૂંકી વાર્તા (નવમા પાનાનું ચાલુ)

રાખ્યું.

'અલ્યા કશના! આ શું મોંડ્યું સે, હવારહવારમોં?' મુખીએ મોટેથી બરાડા પાડીને કહ્યું. એનું નામ કૃષ્ણકાંત હતું, પણ એ હલકી વણયનો હતો, આથી કૃષ્ણ ભગવાનનું નામ એને ના હોય, એને શોભતું નથી, મનથી મુખી એવું માનતા હતા, આથી એને 'કશનો' કહી બોલાવતા. મુખીના બરાડાથી એ હબકી ગયો, મુખી સામે જોઈ રહ્યો. મુખીએ હાથોલિયું કરી એને બોલાવ્યો. ઝડપથી એ, મુખી પાસે ગયો. 'લ્યા શોના ઓંટા મારતોતો, ડોંગેર નેંઘલમોં આયી, એ જોતોતો?'

'ના... કાકા!' નરમ અવાજે એ બોલ્યો.

'તાર! તાર શું જોતોતો, ચાહેચાહે ફરીન?' મુખીએ વ્યંગમાં પૂછ્યું.

'મારી માએ કહ્યું છે કે, ડાંગરને પાણીની જરૂર હોય તો, જોજે, જરૂર હોય તો, મુખીકાકાને પાણીનું કહેજે.' એણે કહ્યું એ સાથે મુખી ખડખડાટ હસ્યા, એમને, હસતા જોઈને એમની છોકરી પણ હસવાએ ચઢી ગઈ, એ ભોંઠો પડી ગયો.

'જમીનની વરાપ પારખતાં શીખો, પછી ખેતી કરો. પાકને ક્યારે પાણીની જરૂર છે, એની ગતાગમ પડતી નથી, અને ખેતી કરવા નીકળી પડ્યા.' મુખી રોષમાં બોલ્યા. પછી કૃષ્ણકાંતને સમજાવતા હોય, એમ ધીમા અને મીઠા અવાજે બોલ્યા 'જો ભાઈ, ખેતી હવે, પહેલાં જેવી રહી નથી, ઊપજ કરતાં ખર્ચ બમણો થાય છે, આથી મારી તો તમને સલાહ કે, બે પૈસા મળતા હોય તો, વેચી દો, જમીન. તારી માને પૂછજે બજારભાવ કરતાં હું પાંચપચ્ચી વધારે આપીશ.' કૃષ્ણકાંત કંઈ બોલ્યો નહીં, મુખીની છોકરી એને જોઈ રહી હતી, એ છોકરી સામે હળવું હસ્યો, છોકરી પણ હસી. 'તારું નામ શું છે?' છોકરીએ પૂછ્યું, 'કૃષ્ણકાંત.' એ બોલ્યો. પછી છોકરીને પૂછ્યું 'તારું નામ શું છે?'

છોકરી નામ કહેવાના બદલે એના બાપ સામે જોઈ રહી, પછી બોલી 'બાપુ આને મારું નામ કહું?'

'ના! શું કામ છે, તારે આનું નામ જાણીને?' મુખી કૃષ્ણકાંત સામે જોઈ, ગુસ્સામાં બોલ્યા. કૃષ્ણકાંત શિયાંવિયાં થઈ ગયો. એના ખેતર તરફ ચાલ્યો.

મુખીની છોકરી સાથે વાત કરવાની એને ખૂબ ઈચ્છા હતી, પણ એની ઈચ્છા બર ના આવી, વાત કરવાની તો, ઠીક એનું નામ જાણવામાંય સફળતા ના મળી. ઘેર જઈ, એની માને મુખીએ જે વાત કરી એ કહી. 'બેટા, મુખીની દાનત આપણું ખેતર પડાવી લેવાની છે.' મા માત્ર એટલું જ બોલી અને ઊંડો નિઃસાસો નાખ્યો. એણે તરત પૂછ્યું 'મા! મુખીની પેલી છોકરીનું નામ શું?'

'એ ગાંડીનું નામ જાણીને તારે શું કામ છે? લીલા એનું નામ. કેમ કશું થયું, એની સાથે?'

'ના, ના.! કંઈ થયું નથી, પણ તું કહે છે, છોકરી ગાંડી છે, પણ ગાંડી નથી લાગતી, સરસ વાતો કરે છે, અને'

'કેમ ગાંડાના માથે શિંગડા ઉગે છે ભાઈ, એના મા-બાપ, અને આખું ગામ એને ગાંડી કહે છે, પછી તારા કહેવાથી એ ડાહી થઈ જશે?' મા અકળામણ કાઢતાં બોલી. એ ચૂપ થઈ ગયો.

એ પછીના એક દિવસે, કૃષ્ણકાંત એની મા સાથે ખેતરમાં કામ કરતો હતો, કામ કરતાં, એની નજર મુખીના ખેતર તરફ ગઈ, એના આશ્ચર્ય વચ્ચે, મુખીની છોકરીને હાથમાં વામ લાંબી, સોટી આમતેમ વીંઝતી, એની તરફ આવતી જોઈ, કૃષ્ણકાંત મનમાં હરખાયો, છોકરી, એની પાસે આવી, ડાંગરના છોડ પર સોટી વીંઝવા લાગી. ડાંગર પર કણસલાં આવ્યાં હતાં, સોટીના પ્રહારથી, કણસલાંના દાણા ખરી પડવા લાગ્યા, ગંગાનો જીવ બળી જતો હતો, એણે ધીમેથી છોકરીને કહ્યું, 'લીલા બેન, છોડવાને સોટી ના મારશો, દાણા ખરી પડે છે.' 'સારું બા, હવે નહીં મારું બસ!' બોલતી લીલા કૃષ્ણકાંત પાસે ગઈ, એની સામે હસી. કૃષ્ણકાંત પણ હસ્યો, 'કેમ લીલા, આજે એકલી આવી? તારા બાપુજી ક્યાં, નથી આવ્યા?' લીલા જવાબ આપવાના બદલે હસી, એવું હસી કે, કૃષ્ણકાંતને અંદર શુંનું શુંય થઈ ગયું. 'તારું નામ શું છે?'

લીલાએ હાથમાંની સોટી, કૃષ્ણકાંતના બરડે થપથપાવતાં પૂછ્યું. કૃષ્ણકાંત હબકી ગયો, 'ઝાપટી દેશે?' ના ભયમાં થરકતી આંખે લીલા સામે તાકી રહ્યો. બોલને! નામ શું છે તારું?' લીલાએ ફરી સોટી કૃષ્ણકાંતના બરડે ઘસતાં પૂછ્યું. 'લ્યા! એ ગાંડીને નામ કહી લપ ટાળને?' ગંગા અકળાતી બોલી.

'બા! હું તમને ગાંડી લાગુ છું?' લીલા ગંગા સામે જોઈ, લાચારીમાં બોલી. ગંગા ગળગળી થઈ ગઈ, 'ના બેન, તમે તો, ડાહ્યાં છો, લોકો ખોટા છે, તમારાં ઘરવાળાં જ તમને ગાંડાં કહે છે બોલો!'

'બોલને તારું નામ, મને તારું નામ કહેને?' કૃષ્ણકાંત પાસે જઈ, લીલા બોલી. 'તું પહેલાં, આ સોટી ફેંકી દે, પછી કહું.'

'ના, સોટી ના ફેંકું. આ સોટી નથી, પણ વાંસળી છે, કૃષ્ણ ભગવાન વગાડતા હતા ને!' બોલતાં એણે પગની આંટી મારી, સોટીને વાંસળીની જેમ હોઠ આગળ આડી રાખી, વાંસળી વગાડતી હોય, એમ લીલા સોટી પર હાથનાં આગળાં ફેરવવા લાગી. કૃષ્ણકાંત મુગ્ધભાવે એને જોઈ રહ્યો. મનોમન બબડ્યો. 'આને કોણ ગાંડી કહે? આ ગાંડી છે કે, એને ગાંડી કહેનાર ગાંડાં છે?'

'કૃષ્ણ ભગવાન વાંસળી વગાડતા હતા, અને ગોપીઓ નાચતી હતી.' લીલા અસલ સ્થિતિમાં આવી જતાં બોલી. પછી હાથમાંની સોટી, કૃષ્ણકાંત તરફ લંબાવતાં બોલી 'લે, તું વાંસળી વગાડ, હું નાચું'. કૃષ્ણકાંત બાઘો બની લીલા સામે જોઈ રહ્યો. લીલા એની નજીક આવી, બોલી 'તું કૃષ્ણ, હું લીલા.' પછી કૃષ્ણકાંતની છાતી પર લીલા એનો હાથ મૂકતાં બોલી કૃષ્ણલીલા. કેવું લાગે, હેં!' અને ખીખી હસવા લાગી. કૃષ્ણકાંત આભો બની ગયો.

'લ્યા ભાઈ લે, ચાલ મોડું થશે, પેલો એનો બાપ આવી જશે તો, ભવાડો કરશે.' ગંગા કૃષ્ણકાંતને ટપારતાં બોલી.

'બા, મારા બાપુ, આજે ઘેર નથી, બહારગામ ગયા છે, આથી હું આ કૃષ્ણને મળવા જ આવી. તમે ચિંતા ના કરશો.' લીલા બોલી.

'બેન, આવું ના બોલશો, તમારા બાપુ જાણશે, તો તમને તો, કશું કરતાં કરશે, પણ પહેલાં મારા આ છોકરાને, અને મને અમને બેયને જીવતાં સળગાવી મૂકશે' ફફડતા અવાજે ગંગાએ કહ્યું.

'તમારી ભેગું હું પણ સળગી મરીશ.' લીલા સ્વસ્થ સ્વરે બોલી. ગંગા ભય અને ગ્લાનિ મિશ્રિત, આશ્ચર્યભાવે લીલાને જોઈ રહી.

'મારાં માબાપને દહેજમાં મોટી રકમ અને સોનું આપવું પડે, આથી મને ગાંડી બનાવી દીધી. ગાંડી ગાંડીથી મને વગોવી, મને પરણાવાનું ટાળી દીધું. મારી મા અમારા ખેતરના રખેવાળ પાસે ક્યાંકથી કશી વનસ્પતિનાં પાંદડાં મંગાવી મને ખોરાક-પાણીમાં અમુક દિવસે આપે છે, એની અસરમાં હું મારી જાત પરનો કાબૂ ગુમાવી દઉં છું, અને મારી ચાલમાં, બોલવામાં અને બીજા હાવભાવમાં એની અસર થાય છે, અને એ જ વખતે મારા બાપુ મને ગામમાં કે, ખેતરમાં ફરવાના બહાને લાવે છે, જેથી જોનારા મને ગાંડી સમજે.' લીલાએ કૃષ્ણકાંતને કહ્યું. સાંભળી કૃષ્ણકાંત સ્તબ્ધ થઈ ગયો. 'આવું વધારે વખત ચાલશે તો, કાં તો હું બિલકુલ પાગલ થઈ જઈશ, અથવા જીવથી જઈશ.' વ્યથિત અવાજે લીલા આગળ બોલી.

'પણ મને આ બધું કહેવાનો મતલબ? મને કેમ તેં કહ્યું?'

'મેં તને પ્રથમવાર જોયો, ત્યારથી તું મારા મનમાં વસી ગયો છે, મને તારી પર ભરોસો છે, તું મને આ દોજખમાંથી ઉગારી લઈશ, હિંમત રાખી, તું આગળ વધ, તું જ્યાં લઈ જઈશ, ત્યાં હું તારી સાથે આવીશ' લીલા બોલી. કૃષ્ણકાંત ફફડી ગયો. 'તું જાણે છે, મારા માટે આ આગ સાથે રમવાનું સાબિત થશે, એમાં બચવા કરતાં સળગી મરવાની શક્યતા વધારે છે, લીલા મારાથી આ નહીં બને.'

'તો હું આમ દિવસે દિવસે મોતના મોંમાં ધકેલાતી રહું, એવું તું ઈચ્છે છે? મેં તને મારો કૃષ્ણ માન્યો છે, કૃષ્ણ એટલે કોણ, એની તો તને ખબર છેને?'

'મને બધી ખબર છે, અને તને ખબર છેને તારી અને મારી વચ્ચે ધરતી-આસમાન જેટલો ફરક છે? જે દિવસે તારા બાપને ખબર પડે કે, આપણી વચ્ચે પ્રેમસંબંધ છે, અને આપણે ભાગી જવાનાં છીએ કે, તરત મને અને મારી માને તારો બાપ જીવતાં સળગાવી દે. ના, ના, બીજી કોઈ મદદ તારે જોઈતી હોય તો, હું તૈયાર. 'પણ'.

'બસને, બેસી ગયોને પાણીમાં? સારું એટલું કહે હું તને ગમું છું?'

'હાઆઆઆ....!'

'તું મને પ્રેમ કરે છે?'

'હા, પણ અત્યાર સુધી એકતરફી હતો. મનોમન મેં તને મારી સ્વપ્ન સુંદરી માની હતી.' કૃષ્ણકાંત સ્ફૂર્તિથી બોલ્યો.

'પણ હવે તો, તને તારો પ્રેમ એકપક્ષીય નથી લાગતોને? મારામાં વિશ્વાસ રાખ, હું તને પૂરા દિલથી ચાહું છું, અને દુનિયાની કોઇ તાકાત મને તારી ચાહતમાંથી અલગ કરી નહીં શકે.' લીલા મક્કમ અવાજે બોલી. કૃષ્ણકાંત નિઃશબ્દ લીલા સામે જોઈ રહ્યો. થોડીવાર પછી બોલ્યો પણ ધાર કે, તારા બાપુને આપણા સંબંધની જાણ થઈ જાય, અને ક્રોધમાં સળગતા, બંધૂક, લઈ આવી ચઢે, પછીના પરિણામને કલ્પના કરી છે તેં?'

'હત્ રે ગાંડા, લોક મને ગાંડી કહે છે, પણ ખરેખર ગાંડો તો તું છે. ખાણિયામાં માથું મૂક્યા પછી એના ધમકારથી ડરી જવાતું હશે? મારા બાપુ પાસે બંધૂક છે, અને આપણા સંબંધની જાણ થતાં, અહીં બંધૂક લઈને આવે તો, પહેલી ગોળી મારી છાતીમાં વાગશે.' લીલા બોલી.

બન્ને હવે નિયમિત મળવા લાગ્યાં. મુખીના ખેતરના એક ખૂણે ઘટાદાર આંબાની ઓથે, બન્ને કલાકો સુધી એકબીજામાં ખોવાઈ જતાં. અહીં કોઈ, એમને જોનાર-ટોકનાર ન હતું. આંબાના વિશાળ થડની ઓથે, લીલા કૃષ્ણકાંતના ખોળામાં માથું મૂકી, કૃષ્ણકાંતની આંખોમાં ટગરટગર જોઈ રહેતી. 'શું જોઈ રહે છે, આમ મને?' કૃષ્ણકાંત પૂછતો. 'તને, મારા પ્રેમને!' લીલા કહેતી. 'મને લાગે છે, ગયા જનમમાં આપણે જીવનસાથી હોઈશું, તને નથી, લાગતું?'

'લાગે છે, બધુંય લાગે છે, અને હવે થાય છે કે જખ મારે છે દુનિયા, તારા બાપુનેય જે કરવું હોય એ, કરી લે, પણ હવે મને જિંદગીમાં મળેલી આ અણમોલ ચીજ મારે ખોવી નથી.' બોલતાં કૃષ્ણકાંતે લીલાનો ચહેરો હાથમાં લઈ, ચૂમી લીધો. લીલા આવેશમાં બેઠી થઈ, કૃષ્ણકાંતને વળગી પડી. હવે, તારામાં હિંમત આવી, હવે મને પાકી ખાત્રી થઈ, મારી પસંદગી એળે નથી જવાની.' લીલા કૃષ્ણકાંતનો ચહેરો ચૂમી લેતાં કહ્યું.

'તારા પ્રતાપે, લીલા. તેં મને હિંમત અને હૂંફ આપી ના હોત તો, મારી જીગર ક્યાં હતી, વાઘની બોડમાં હાથ નાખવાની!'

'તો, ચાલ આપણે ભાગી જઈએ, અહીંથી દૂર, દૂર જ્યાં કોઈનો ભય ના હોય, આપણી વચ્ચે કોઈની દખલ ના હોય, ચાલ ઊઠ.' લીલા ઊભી થઈ કૃષ્ણકાંતનો હાથ પકડી ખેંચતાં બોલી.

'અરે! આમ ઊઠ્યાં ઊઠ્યાં જવાતું હશે? થોડી ધીરજ ધર, હું નોકરીની તપાસમાં છું સારી નોકરી મળે કે, તરત.'

કૃષ્ણકાંત એનું વાક્ય પૂરું કરે, એ પહેલાં જાણે હવામાંથી પ્રગટ થયા હોય, એમ મુખી કૃષ્ણકાંત સામે બંધૂક તાણી ઊભા રહ્યા. કૃષ્ણકાંત આખા શરીરે ધ્રૂજી ઊઠ્યો. 'સાલ્લા, હરામી!' મુખી બરાડ્યાં, આવેશમાં ટ્રિગર પર આંગળી મૂકી, ટ્રિગર દબાવે એ પહેલાં લીલા ધસી આવી, કૃષ્ણકાંત આગળ કૃષ્ણકાંતની ઢાલ બની ઊભી રહી, બોલી 'બાપુ મારા કૃષ્ણને ગોળી મારતાં પહેલાં મને મારો. કૃષ્ણ વગર લીલા અધૂરી ગણાશે, કૃષ્ણને મારશો તો, એની પાછળ લીલા પણ ઝૂરીઝૂરીને મરી જશે.' લીલા બોલી. મુખી સ્તબ્ધ થઈ ગયા. 'તું લીલા મારી દીકરી, બેટા તું ગાંડી હતીને? તારામાં આવું ડહાપણ ક્યાંથી.'

આ કૃષ્ણના પ્રતાપ બાપુજી. એણે મને પ્રેમ આપ્યો, હૂંફ આપી, અને તમે મારાં માવતર છતાં મને ઇરાદાપૂર્વક, તમારે દહેજનો ખર્ચ કરવો ના પડે, આથી મને ગાંડી બનાવી, બધાંને ગાંડીથી જ મારી ઓળખ આપી.' લીલી બોલી ગઈ, મુખીએ હાથમાંની બંધૂક ફેંકી દીધી, કૃષ્ણ લીલા પાસે આવ્યા, બંનેને બગલમાં દબાવતાં બોલ્યા. 'તમે આજે મારી આંખ ઉઘાડી. સમાજની ઊંચનીચની બદીમાં કેટલાંય કજોડાં બને છે, અને એમાં ઘણી બદી જન્મ લે છે. પણ તમે કહેવાતા સવર્ણ સમાજને જાગૃત કરવાનું ઉમદા કામ કર્યું છે. હું તમને બેમાંથી કોઇને મારવા કે, મારી નાખવા આવ્યો નથી.' બોલતાં મુખીએ બૂમ પાડી, ગોરધન રખાને બોલાવ્યો, ગોરધન આવ્યો એની પાસેની બેગ લઈ લીલાને આપતાં મુખી બોલ્યા 'બેટી, મારે તને દહેજમાં જે કંઈ આપવાનું હતું, એ આ લે, એમાં થોડા રૂપિયા અને સોનાના દાગીના છે,' પછી કૃષ્ણકાંત સામે જોઈ મુખી બોલ્યા તમારે નોકરી મળે, ત્યાં સુધી રાહ જોવાની નથી, જાવ તમને નજીકના રેલવેસ્ટેશને મારી કારમાં ગોરધન મૂકી જશે, જાવ બંને સુખી રહો.'

બંને ગળગળાં થઈ ગયાં, મુખીના પગમાં પડ્યાં, મુખીએ બંનેને ઊભા કરી આશિષ આપી, વિદાય કર્યાં. ■

નિર્સગનો નિનાદ (આઠમા પાનાનું ચાલુ)

અંતે સ્વ. નિબંધકાર શ્રી જનક ત્રિવેદીના નિબંધની (અમારા સૌના આશરે મોટી થયેલી) કાબરના લાલિત્યને માણીએ . . .

''ખરી બપોરે કોસ છટ્યા પછી પીંપર, આમલી અને લીમડાને છાંયે કૂવાના થાળાનાં ખાબોચિયાંમાં નાહવા માટે પોપટના જૂથ સાથે બાઘેડુ પડોશણની જેમ ઝઘડતી કાબરો જેમણે નથી જોઈ તેમણે કુદરતની કેટલીક ઉમદા ક્ષણો માણવાનો આનંદ ગુમાવ્યો છે.

જોકે એ મજાનાં દૃશ્યો હવે જોવા મળવાનાં નથી. કોસ અને ધોરિયા જ ક્યાં રહ્યા છે કે ધોરિયાનાં ખાબોચિયાંમાં છબછબિયાં કરતી અથવા ધોરિયાની પોચી માટીમાંથી અળસિયાં ખેંચી કાઢી ઑહિયા કરતી જતી કાબરો જોવા મળે! ગાય-ભેંસ સાથે મલપતી ચાલે ચાલી જતી કે ભેંસની પીઠ પર પ્રયાસ કરતા કાબરનો ઠરસો તો વળી ઓર હોય.''

બપોરે વૃક્ષની ડાળે (વૃક્ષમાંયે ખાસ તો લીમડો જ એને પ્રિય) નિરાંતવા એકલી બેઠી કો ખાંસાહેબની અદાએ અવનવા સ્વરોમાં રાગસંગીત આરંભી, એક રાગમાંથી બીજા રાગમાં તાનપલટા અને રાગમિશ્રણ કરતો અને ઝીણા સ્વરે કેટલાંય પંખીઓના અવાજની નકલ કરતી કાબરના ગળાની મીઠપ અને ઠાવકાઈ તો એની જ. જાણે કહેતો હોય જુઓ, માત્ર કકળાટ જ નથી કરતી, નિરાંત રહેવા દો તો ગીતોય કેવાં મજાનાં ગાઈ જાણું છું ! ગામડામાં બોલકણી છોકરીને 'કાબર'ના ઉપનામે બોલાવાય છે.''

કઈ કાબર સાચી - ઝઘડાખોર કર્કશા કાબર કે આ મજાનું, ગાતી કાબર ? પંખીનેય વળી આંતર-બાહ્ય! - એમ વિચારતા હોઈએ ત્યાં તો કાબરબાઈ એનાં ગીત લીમડાની ડાળે લટકાવી ઊડી ગયાં હોય.

પંખીને ઓળખવું આમેય સહેલું નથી. તેમાંયે કાબરની વાત જ જુદી. પુસ્તકોમાં ચીતરેલી ને વર્ણવેલી કાબર અથવા બાઈનોક્યુલરમાં દેખાતી કાબર તો ચિત્રકારે ચીતરેલી અથવા પક્ષીવિદે ડિફાઈન કરેલી કાબર - રંગીન પાંખ-પીછાંવાળું કાબર નામનું પંખી માત્ર. તેમાં કજિયાળી - ગીતડાં ગાતી અલ્હડ છોકરી સરખી કાબરબાઈ નો આત્મા ક્યાં હોય છે!

પંખીના આત્માને અનુભવવો હોય તો પંખી સરખું હૈયું રાખી તેને આપણો વિશ્વાસ કરતાં કરવાં પડે. ■

વીક-એન્ડ

કવર સ્ટોરી

feedback@bombaysamachar.com
મનીષા પી. શાહ.

અસલી વકીલ નકલી જજ

'ધ સ્માર્ટેસ્ટ ચોર, સુપર માઇન્ડ' ભારતનો ચાર્લ્સ શોભરાજ, સુપર નટવરલાલ ગ્રેટેસ્ટ ઠગ. આ બધા વિશેષણો એક જ વ્યક્તિને મળ્યા છે. ને મોટાભાગની પ્રશસ્તિ વર્દીધારીઓએ જ કરી છે. એના અમુક કારનામા તો વિશ્વના ગુનાખોરીની ઇતિહાસમાં અજોડ કહી શકાય એવા છે. નામ ધનીરામ મિત્તલ.

આ સુપર સ્માર્ટ ઠગ-ચોરની વિશિષ્ટતા જોઇએ. અભ્યાસ કર્યો કાયદાનો અને કાયમ રહ્યો કાનૂનની સામેની બાજુ. એક હજારથી વધુ વાહનોની મોટાભાગની કારની, ચોરી કરી. એક-એક ચોરી દિવસમાં અજવાળામાં વાહન ચોરે ખોટા દસ્તાવેજ બનાવે અને વેચી નાખે. લગભગ આ બધી હાથ ચાલાકી દિલ્હી, હરિયાણા, પંજાબ અને રાજસ્થાનમાં અજમાવે. એ મોટે ભાગે સલામતી-સુરક્ષાવાળી આધુનિક યંત્રણા ન બેસાડેલા વાહનને નિશાન બનાવે.

ધનીરામ મિત્તલમાં ચાલાકી, ચપળતા, લુચ્ચાઇ અને ગુનાખોરીનું માનસ ભારોભાર પણ એને સફળ-સરળ બનાવવા માટે તેણે ઉઠાવેલી જહેમત અને કરેલા આયોજન માટે માન ઉપજે. કોઇ જન્મથી તો ગુનેગાર હોતું નથી. એ જ રીતે ધનીરામને સપનાં હતાં. એને સાકાર કરવા હરિયાણાના ભિવાની શહેરના યુવાને એલ.એલ.બી. પાસ કર્યું. પછી ખૂબ મહેનત કરવા છતાં લાંબા સમય સુધી ન કોઇ કામ મળ્યું કે ન નોકરી મળી.

આ નિરાશા, હતાશા અને લાચારી વચ્ચે ધનીરામ મિત્તલના મગજમાં એક ચમકારો થયો. પછી આકરી મહેનત કરીને હસ્તાક્ષર નિષ્ણાત (હા, હેન્ડરાઇટિંગ એક્સપર્ટ) બન્યો. સાથોસાથ કેલીગ્રાફી શીખ્યો. ગ્રાફોલોજીની ડિગ્રી મેળવી. બસ, આ બધા આયુધોથી સજ્જ થયા બાદ ધનીરામ મિત્તલે ક્યારેય પાછું વળીને ન જોયું.

પોતાની બહુલક્ષી આવડતનો પહેલો પરચો બતાવ્યો રેલવે વિભાગને. બનાવટી કાગળોને આધારે તે સ્ટેશન માસ્ટરની નોકરીએ લાગી ગયો. માત્ર થોડા દિવસો કે મહિના નહીં, છ-છ વર્ષ આ નોકરીમાં ટકી રહ્યો, પગાર લીધો અને મજા કરી.

પરંતુ આટલાથી ધનીરામને સંતોષ ન થયો. એ વાહનચોરીની દુનિયામાં પહોંચી ગયો. અહીં ગાડી ચોરીને એના બનાવટી પેપર્સ બનાવીને એ વેચી નાખે. ઘણીવાર પકડાઇ જાય, કોર્ટ સજા કરે અને જેલમાંય જાય. પણ બહાર આવીને કરોળિયાની જેમ પોતાના જૂના વ્યવસાયમાં જોતરાઇ જાય. એક અંદાજ મુજબ એકાદ હજાર ગાડી ચોરવામાંથી માત્ર ૯૪ કેસમાં પકડાયો અને જેલ ગયો હતો. જાણે સરકારી નોકરી હોય એમ પૂરેપૂરી નિષ્ઠ, ધગશ અને પ્રમાણિકતાથી એ કાર-ચોરી કરતો રહ્યો. કહેવાય છે કે એક હજારથી વધુ વાહનોની ચોરીઓ ધનીરામનો વિશ્વ વિક્રમ હોઇ શકે. પરંતુ મોટર ચોરવી, બોગસ દસ્તાવેજ બનાવવા અને એને વેચી નાખવાનું તો ઘણાં કરી શકે.

બાજ નજરવાળા ધનીરામ મિત્તલ ભણેલો હતો. અદાલતમાં અવરજવરનો અનુભવ હતો. જેલના કેદીઓ સાથે દોસ્તી હતી. ગુનેગાર હોવા છતાં માનસિક રીતે એ એકદમ સજ્જ હતો. ભલભલા શિક્ષિતોને ભૂ પાઇ દેવાની ક્ષમતા હતી.

સને ૧૯૮૦માં એમણે એક એવું 'પરાક્રમ' કર્યું કે જેની કોઇને કલ્પના સુધ્ધાં ન આવે. ઠગી બનાવટ અને ચીટિંગની દુનિયામાં તેણે ભાગ્યે જ કોઇ ક્યારેય સ્પર્શી શકે એવું કામ કરી બતાવ્યું.

થયું એવું કે અખબારમાં એક સમાચાર વાંચીને ધનીરામ મિત્તલના મગજમાં એક શૈતાની સપનું આવ્યું. સમાચાર કંઇક એવા હતા કે પંજાબ-હરિયાણા હાઇકોર્ટે ઇજ્જરના એડિશનલ સિવિલ જજ સામે વિભાગીય તપાસના આદેશ આપવાની છે. આના પરથી ધનીરામ હાઇ કોર્ટના રજિસ્ટ્રાર વતી ઇજ્જરના એડિશનલ સિવિલ જજને બનાવટી સત્તાવાર પત્ર લખ્યો કે આપની વિરુદ્ધની તપાસ પૂરી ન થાય ત્યાં સુધી બે મહિનાની રજા પર ઉતરી જાઓ. આ પત્ર મળતા જ જજસાહેબ તો રજા પર ઉતરી ગયા.

ધનીરામ મિત્તલનો ખેલ પૂરો ન થયો, બલ્કે અહીંથી શરૂ થયો. તેણે સિવિલ કોર્ટને હરિયાણા-પંજાબ હાઇ કોર્ટના રજિસ્ટ્રાર વતી બીજો પત્ર મોકલાવ્યો કે જજસાહેબ બે મહિનાની રજા પરથી પાછા ન આવે ત્યાં સુધી આ પત્ર લાવનારા જજ એટલે કે ધનીરામ મિત્તલ અદાલતમાં ફરજ બજાવશે.

લાગે છે ને એકદમ કલ્પનાતીત, ફિલ્મી કે અતિ નાટકીય? પણ, ધનીરામ માટે એવું નહોતું. કાયદાના અભ્યાસ, કોર્ટમાં હાજર રહેવાનો અનુભવને જોરે એ તો કરવા માંડયો જજનો રોલ. ૪૦ દિવસ ફરજ બજાવી એ દરમિયાન હત્યા, બળાત્કાર અને અન્ય ગંભીર બાબતના ગુના સિવાયના અપરાધીઓને એ ધડાધડ જામીન પર છોડી મૂકવાના આદેશ આપવા માંડયો.

નવા જજની ફટાફટ ન્યાય આપવાની નીતિની ચર્ચા થવા માંડી. આટલી ઝડપથી જામીન અગાઉ ક્યારેય અપાયા નહોતા. જેલના કેદીઓમાં પણ નવા જજ માટે માન વધવા માંડયું. અરે હદ તો ત્યારે આવી ગઇ કે પોતાના વિરુદ્ધમાં એક કેસમાં તેણે પોતાની વિરુદ્ધના એક કેસમાં તેણે પોતાની તરફેણમાં ચુકાદો આપી દીધો. ગણતરીના દિવસોમા બે હજાર કેસમાં જામીન-ચુકાદા આપી દીધા. આની બધે નોંધ લેવાઇ. ૪૦ દિવસની ફરજ બજાવ્યા બાદ તેણે કોર્ટમાં આવવાનું બંધ કર્યા બાદ તપાસ શરૂ થઇ. એ ફરી પકડાઇ ગયો.

સુપર ચોર, બનાવટી જજ કે અદ્‌ભુત ભેજું જે કહો એ પણ ધનીરામ મિત્તલની તોલે આવે એવા કેટલા? હવે કદાચ ૮૫ વર્ષની ઉંમર પસાર કરી ચૂકેલો ધનીરામ મિત્તલ ક્યાં છે એ કોઇ જાણતું નથી. ■

મસ્તરામની મસ્તી

feedback@bombaysamachar.com
મિલન ત્રિવેદી

સખણા રહેવું તે પણ એક કળા છે...

કળા અને કલામાં ઘણો ફરક છે. જેટલો ફર્ક કળાકાર અને કલાકારમાં હોય એટલો છે. એકટીવામાં બુલેટનું સાઇલેન્સર નાખવાથી તે બુલેટ નથી થઈ જતું. તે જ રીતે લાંબા ઝબ્ભા પહેરી અને સ્ટેજ પર બોલવાથી કળાકાર કલાકાર નથી થઈ જતો.

વાહ વાહ વાહ વાહ... આવા બધા ગતકડાં હાલ ચૂંટણીના માહોલમાં ઉમેદવારો- એના ટેકેદારો અને વજનદાર નેતાઓ બોલે છે અને સામે બેઠેલા અભિભૂત શ્રોતાઓ તાળીઓ સાથે 'વાહ..વાહ' કરે છે.

શું બોલવું,ક્યાં બોલવું,કેટલું બોલવું એનું આ નવજાત ગોળાકાર કે નવજાત કલાકારને ભાન રહેતું નથી. માનસિક તકલીફવાળાઓ બોલી જાય પછી એને ઈલેક્ટ્રીક શોક દેવાતા હોય છે, પરંતુ અમુક લોકોએ તો બોલતા પહેલાં ઈલેક્ટ્રીક શોક લઈ લેવા જોઈએ.

બોલ્યા પછી વીડિયો વાયરલ થાય એટલે ખબર પડે કે ભાઈની જીભ લપસી ગઈ તો પછી નાસ્તામાં કેળા ખવાય નહીં ને?!

એક ગલીથી લઈ અને દેશભરમાં હાહાકાર મચાવી દે તેવા કળાકારો ચૂંટણીના મેદાનમાં અચૂક જોવા મળે છે,પણ મારે તો કેટલાક નવજાત કલાકારોની વાત કરવી છે. કહે છે ને કે એક કલાનો સંગ થાય તો આજીવન આર્થિક ઉપાર્જન માટે ચિંતા ન રહે.

અમારા એક મિત્ર ચુનીલાલ સવારના પોરમાં આવી અને મને કહે કે મારે હાર્મોનિયમ શીખવું છે, જેથી કરી આર્થિક ઉપાર્જન ચાલુ થાય. મેં એને સમજાવ્યું કે ભાઈ, અઘરું છે અને બે વર્ષ તું પ્રેક્ટિસ કરીશ પછી આજીવિકાનું વિચાર જે.... પરંતુ ત્રીજા દિવસે આવીને મને કહે કે આવક ચાલુ થઈ ગઈ....! એટલે મેં એને તરત જ કહ્યું કે મારા માન્યામાં નથી આવતું તો એ મને કહે માન્યામાં તો મને પણ નહોતું આવતું , પરંતુ બે દિવસ પ્રેક્ટિસ કરી તો આજુબાજુવાળા પાડોશીઓએ આવીને કહ્યું કે આજથી પ્રેક્ટિસ ન કરો તો રોજ ૫૦૦ રૂપિયા અમે આપી જશું...!

હમણાં કાર્યક્રમ પૂરો થયો ત્યારે એક ગાયક કલાકારને એક ભાઈ મળવા આવ્યા ને પૂછયું કે હું કહું તો તમે કાર્યક્રમ કરો કે નહીં ?કલાકાર ખુશ થઈ ગયો : હા , તારીખ આપો એટલે હું આવી જાઉં....તો પેલો કહે કે ચાલો ઘરે... રાતના ૧:૦૦ વાગે ઘરે લઈ ગયો. પૂરું પેમેન્ટ આપ્યું પછી બારી ખોલી સોફા પર ઊંઘો બેસાડીને કહ્યું કે 'માંડો ગાવા....' પેલો કલાકાર કહે : આ કેવું ? આવી રીતે કેમ કાર્યક્રમ થાય...? તો પેલા ભાઈ કહે : ગઈકાલે બાજુવાળા ના કુતરાએ આખી રાત ભસી ભસીને મને સૂવા દીધો ન હતો...હવે એને પણ ખબર પડે કે રાતની ઊંઘ બગડે એટલે શું થાય ? તમે ચાલુ કરી દો....!

મારા મિત્ર દિલાના ઘરવાળાએ જીદ પકડી કે મારે પણ કોઈ વાજિંત્ર શીખવું છે એટલે દિલાએ એને હાર્મોનિયમ અપાવ્યું. બીજા દિવસે હાર્મોનિયમ પરત આપી અને ફ્લ્યુટ લઈ આવ્યો. મેં કહ્યું કે આ તો વધારે અઘરું પડે તો મને કહે, હાર્મોનિયમ મને અઘરું પડે છે એ હાર્મોનિયમ વગાડતાની સાથે સાથે ગાવા પણ માંડે છે....ફ્લ્યુટમાં એ તો શાંતિ....!

અમારા એક ભાઈબંધે સંગીતનાં વાજિંત્રો વેચવાની દુકાન શરૂ કરી તો બાજુમાં એક બંદૂક વેચવાવાળાએ દુકાનની ખરીદી કરી એટલે હું ડાયો થયો કે જ્યાં કલાનાં સાધન વેચાતા હોય ત્યાં આવાં હિંસક સાધનોનો ધંધો ક્યારેય ચાલે નહીં....તો પેલો મને કહે આજે જે તમારી દુકાનેથી હાર્મોનિયમ લઈ જાય એ બીજા દિવસે જો એનો પડોશી મારી પાસેથી બંદૂક ન લઈ જાય તો મને કહેજો...!

હાર્મોનિયમ શબ્દ હવે મગજમાં એવો ચડી ગયો છે તો એક ઘટના મને યાદ આવે છે . એક ભાઈ સવારના પોરમાં મારી બાજુના ફ્લેટમાં આવ્યા પછી બાજુવાળા ભાઈને કહે કે ગઈકાલે હું સરસ મજાનું હાર્મોનિયમ લઈ આવ્યો છું... આખી રાત મેં પ્રેક્ટિસ કરી તો આ મીઠું મોઢું કરો... આ સાંભળીને બાજુના ફ્લેટવાલા પેલા ભાઈ ગુસ્સે થઈ ગયા. એ કહે : તમે હાર્મોનિયમ વગાડતા હતા તો મને એમ કે મારા હીંચકામાંથી અવાજ આવે છે તો હું આખી રાત એમાં તેલ પૂરતો રહ્યો...!

આ તો વાત થઈ નવજાત કલાકારોની, પરંતુ રાજકારણમાં તો જૂના પેધી ગયેલા લોકો પણ બોલીને બગાડે છે એ પણ કળાકાર કહેવાય. ૩૫ એ પહોંચેલી એક બટકબોલીની સગાઈ થતી નહોતી. 'મૂંગા મરજો' એવું કહી અને એક અજાણ્યા મહેમાનને ગાળિયામાં લેવા માટે એને ઘરે બોલાવ્યા. વાત ફાઇનલ લગી પહોંચી ગઈ હતી, પરંતુ ચા -પાણી - નાસ્તો કરી લીધા બાદ મહેમાનને પૂછયું : દીકરી તો બહુ ઓછું બોલે છે નહીં? એને કહો કે કાંઈક બોલે તો તરત જ ઓલી બટકબોલી ઉછળી : નાસ્તો પાણી કરી લીધા હોય તો સૌ સૌના ઠામડા ઉટકી નાખો...! તમારી જાણ સહજ હાલ એ ૪૦ એ પહોંચી છે...!

સખણા રહેવું તે પણ એક કલા છે, જે દરેકને હસ્તગત નથી હોતી. નિર્ણાયક ઘડીએ ભાંગરો વાટે ને આખા કુટુંબને નુકસાન કરે.

રાજકારણમાં આવા કળાકારો ખાસ કરીને ચૂંટણી વખતે પક્ષને નુકસાન કરે છે, પણ કદ મોટું હોય તો એમને કહેવું કેમ કે સખણા રહેજો, રાજ...! '

પુત્રનાં લક્ષણ પારણામાંથી, વહુનાં લક્ષણ બારણામાંથી' આ કહેવત કેમ પડી તે મને ખબર નથી , પરંતુ એવું બન્યું હોય કે ઘોડિયામાં હીંચકતા હીંચકતા પાટા મારી લીધાં હોય, ધાન ભરેલા કળશને એક જ ઠેબે ઉલાળી સાસુના લમણે ઝિક્યો હોય તો પણ પહેલું વાક્ય એ જ નીકળે કે 'હવે સખણા રહેજો' ■

વિચારવાયુ

દરેક પક્ષની હાલત એવી જ છે કે કોણ કોને કહે કે 'થોડાં સખણા રહેજો. '

અરાઉન્ડ ધ વર્લ્ડ

pratiksha.thanki@bombaysamachar.com
પ્રતીક્ષા થાનકી

બેસાલુ-મધ્યયુગીન મેટલ ખુરશીઓથી જડેલું કાટાલાન ગામ...

લા એસ્કાલામાં રહીને જિરોના રિજનનાં જોવાલાયક સ્થળો પર રોજ નીકળી પડવાની આદત પડવામાં વાર નથી લાગતી. આમ પણ કહેવાય છે કે ત્રીજા દિવસથી કોઈ પણ પ્રવાસની નવીનતા રૂટીનમાં ફેરવાઈ જાય છે. નવું જોવાની અને કરવાની ઇંતેજારી તો હોય જ છે, પણ હવે તેની પણ જાણે આદત પડી ગઈ હોય. જોકે જ્યારે પણ લા એસ્કાલાના પ્રોમોનાડ પર નીકળતાં ત્યારે સૂર્યોદય અને આકાશના રંગો અને દરિયાનો મિજાજ જ્યારે જુઓ ત્યારે નવો અને અનોખો લાગતો હતો. ત્રીજી સવારે પણ અમે પહેલા દિવસ જેટલા જ ઉત્સાહથી દરિયા કિનારે મોર્નિંગ વોક કરી, હોટલ પર પાછાં આવીને બ્રેકફાસ્ટ કર્યો. ત્યાં સ્ટાફ અંગ્રેજી નહોતો બોલતો, પણ હવે અમારી સાથે સરળતાથી કઈ રીતે સાઇન અને સ્માઇલ સાથે વાતો કરવી તેની આદત પડી ગઈ હતી. તે દિવસે મેઇન જિરોના સિટી જવાનું હતું તે નક્કી હતું, પણ રસ્તામાં બેસાલુ નામે એક ગામ પર જરા નજર નાખતાં જઈશું એવી વાત થઈ. સ્વાભાવિક છે, ગામ કેટલું બેસાલુ છે તે વાત પર મજાકો પણ થઈ.



સિટી ટ્રિપ માટે બેકપેક લઈને અમારી નાનકડી ટોળકી જિરોનાના રસ્તાઓ પર ફરી એકવાર નીકળી પડી. હવે દરરોજ દિવસમાં ચાર વાર જોવા મળતાં લા એસ્કાલાનાં શિલ્પો પણ નવા નહોતાં લાગતાં. એવામાં બેસાલુ ગામ અને જિરોના સિટી તરફ જતો રસ્તો જરા દરિયાથી દૂર જતો હતો. અહીં સતત ઘણી ગરમી રહેતી. મારા સાન્ટ કુગાટનાં કોલિગ્સ પણ સતત ગરમીની ફરિયાદો કરતાં. તેમાંય છેલ્લાં ઘણાં વર્ષોથી અહીં દુકાળ જેવું પણ છે અને માંડ વરસાદ પડે છે, પણ અમારી મુલાકાત દરમ્યાન વચ્ચે વચ્ચે વરસાદ પડ્યા કરતો હતો, તેના કારણે દિવસનું વેધર ઘણું સહ્ય બની જતું. બેસાલુ અમારા મેપ પર તો દેખાવા લાગ્યું હતું. નવું વસેલું બેસાલુ તો અમે પાર કરી લીધું પણ મધ્યયુગીન ઓલ્ડ ટાઉન માટે અમારે બહાર નજર રાખવાની હતી. એક ખાસ બ્રિજ આવશે, ત્યાંથી ગામની મુખ્ય એન્ટ્રી અને સુંદર વ્યુ છે એવી માહિતી હતી. થોડાં ચક્કર લગાવ્યા પછી તે બ્રિજ દેખાયો. નજીકમાં જ પાર્કિંગ મળી ગયું અને અણધારી મજા ચાલુ થઈ.

મધ્યયુગીન ગામડાંઓમાં લટાર મારવાનું પણ હવે જરાય નવું ન હતું, પણ બેસાલુ અમને જાણે સરપ્રાઇઝ કરવા માટે ખુરશી નાખીને બેઠું હતું. ખાસ તો બ્રિજથી દેખાય તે રીતે અને ગામની અલગ અલગ દીવાલો પર અહીં મેટલની ખુરશીઓ જડેલી હતી. થોડી તો દીવાલ પર આડી રાખવામાં આવેલી. બ્રિજની બીજી તરફ જાણે કોઈ અલગ જ સમય અમારી રાહ જોઈ રહ્યો હોય તેવું પણ લાગ્યું.

જાણે બધું આધુનિક અમે આ તરફ છોડીને જઈ રહ્યાં હોઈએ તેમ અમે બ્રિજ પર કૂચ ચાલુ કરી. મજાની વાત છે કે એક જમાનામાં આ બ્રિજને ઘોડા પર ક્રોસ કરવાનો અને પગપાળા જવાનો પણ ચાર્જ આપવો પડતો હતો. ત્યારે એવું લાગે કે આજે નવા બનાવેલા હાઇવે કે બ્રિજ પર આપવો પડતો ટોલ આપવાનું પણ અંતે તો મધ્યયુગીન સમયથી ચાલ્યું આવે છે. બ્રિજ નીચે આમ તો નદી હોવી જોઈએ પણ તેમાં માંડ જરાક પાણી દેખાતું હતું. આ બ્રિજ છેલ્લાં પાંચ સો વર્ષોમાં ઘણી વાર તૂટ્યો અને ફરી બન્યો છે. તેની ક્રોસ કરતી બીજી તરફ જાણે મધ્યયુગીન સમયમાં જ કેદ કરીને રખાયું હોય તેવું ગામ જોવા માટે તે દિવસે ઘણાં લોકો હતાં.

ગામમાં પ્રવેશતાં જ જાણે ત્યાંની ગલીઓ કોઈ ઓપન એર મ્યુઝિયમ હોય તેમ જુનવાણી શિલ્પો અને તેને સમજાવતી તખતીઓ દેખાવા લાગી હતી. અહીં જુનવાણી ઘરોમાં સુવિનિયર શોપ્સ, કાફે અને હોટલો વચ્ચે લોકલ રહેણાક વિસ્તાર પણ હતો. એક જમાનામાં બ્રિજની અંદર તરફનું ગામ એક વોલ્ડ સિટી હતું. આજે પણ અહીંની મોટાભાગની જૂની ઇમારતો કાં તો એમની એમ છે અથવા રિસ્ટોર કરવામાં આવી છે. અહીંના ગોલ્ડન પથ્થરો વચ્ચે બસ ચાલ્યા કરવામાં કોઈ અલગ જ પૌરાણિક દુનિયાનો હિસ્સો બની ગયાં હોઈએ તેવું લાગવા માંડેલું. ખાસ તો ત્યાં દર થોડા થોડા અંતરે દેખાતી ખુરશીઓનું રહસ્ય પણ જાણવા મળી ગયું હતું. અહીં ભૂતોને દૂર રાખવા માટે રાત્રે ત્યાં ખુરશીઓ એવી પ્રતીકાત્મક રીતે રાખવામાં આવતી કે ભૂતોને લાગે કે ત્યાં ચોકીદાર બેઠા છે. એક સમયે તે ખુરશીઓ પર લાંબા કાળા રોબ્સવાળાં માણસોનાં શિલ્પો પણ હોઈ શકે તેવું માનવામાં આવે છે.

શહેરના ખાસ આર્કિટેક્ચરને સેલિબ્રેટ કરવા માટે અંદરની તરફ એક મહાકાય ખુરશી પણ બનાવવામાં આવી છે. મોડર્ન કલાકારોએ શહેરના પ્રતીક તરીકે આ ખુરશી શા માટે પસંદ કરી તે પણ હવે સમજી શકાતું હતું. અમે જરા સુવિનિયર શોપિંગ અને આઇસક્રીમ સ્ટોપ કરીને ગામના ઘણા ફોટા પાડ્યા. છતાંય ત્યાં જે અલગ જ અનુભૂતિ થઈ રહી હતી તેને ફોટામાં કેદ કરવાનું શક્ય બન્યું હોય તેવું ન લાગ્યું. બેસાલુની જ્યુઇશ કોમ્યુનિટી સાથેનાં પણ અહીં ઘણાં ઐતિહાસિક સ્મારકો છે. વચ્ચે એક હજાર વર્ષ જૂની મોનાસ્ટરી પણ ઊભી છે. બ્રિજની બીજી તરફથી આખા ઓલ્ડ સિટીનો પેનોરમા જોઈને કોઈ પેઇન્ટિંગ જ જોઈ રહ્યાં હોય તેવું લાગે. બ્રિજની બીજી તરફ લુવિયા નદીમાં જરા પાણી પણ દેખાયું.

એક રીતે તો આ ગામ કોઈ હિસ્ટોરિકલ ફિલ્મનો સેટ હોય તેવું પણ કહી શકાય. અને તેમાંય અહીં અવારનવાર સ્થાનિક લોકો મધ્યયુગીન પોશાકોમાં પરેડ અને નાટકો કરે છે તે જાણીને તો લાગ્યું કે તે સમયનો માહોલ બરાબર કોઈ ફિલ્મ સેટ જેવો જ લાગતો હશે. કાટાલાન રિજનમાં બેસાલુ નાનકડું હોવા છતાં ઘણું મહત્ત્વનું છે. આડા દિવસે ત્યાં ટૂરિસ્ટની સંખ્યા જોઈને એ તો જોઈ જ શકાતું હતું. હવે જિરોનાનું મુખ્ય શહેર અમને શું બતાવશે તેની ઇંતેજારી હતી. ■

ભાત ભાત કે લોગ

feedback@bombaysamachar.com
જવલંત નાયક

જાત પર આંધળો વિશ્વાસ રાખીને આ અંધ લોકો ઈતિહાસ રચી ગયા!

ફિલ્મ તો આમ એક વિઝ્યુઅલ મીડિયમ છે. તમે આંખો બંધ કરીને સંગીત સાંભળી શકો, પણ ફિલ્મ ન માણી શકો. ટોમી એડિસન ગમે એટલું ઈચ્છે તો ય ફિલ્મ જોઈ શકે એમ નથી, કેમ કે એ અંધ છે, છતાં આ વિરલો ગમતી ફિલ્મો ટેસથી 'જુએ' છે અને એ ફિલ્મનાં વિવિધ પાસાઓ વિષે ચર્ચા કરતો વીડિયો પોતાની યુ-ટ્યુબ ચેનલ પર પબ્લિશ પણ કરે છે!

ઠેઠ ૨૦૧૧ થી એ આ રીતે કામ કરી રહ્યો છે. જન્મથી અંધ ટોમીએ પોતાની મર્યાદાઓને સ્વીકારી લીધી છે. ફિલ્મનાં દૃશ્યો એને દેખાતા નથી માટે એ ક્યારેય કોઈ ફિલ્મને વિઝ્યુઅલી ક્રિટીસાઈઝ નથી કરતો. ફિલ્મમાં સિનેમેટોગ્રાફી બહુ મહત્ત્વની છે એ સાચું, પણ એ સિવાયના ય મહત્ત્વના પાસાઓ છે જ ને! દાખલા તરીકે, લેખન. ટોમી હંમેશાં ફિલ્મની કથા-પટકથા વિષે વાત કરવાનું પસંદ કરે છે. એ ઉપરાંત કલાકારો દ્વારા થતી ડાયલોગ ડિલીવરી પણ એક્ટિંગનો મહત્ત્વનો ભાગ ગણાય. ટોમી એક્ટર્સના વોઇસ મોડ્યુલેશન, ટોન વગેરે વિષે વાત કરવાનું પણ પસંદ કરે છે. ક્યારેક આપણેય આંખે પાટા બાંધીને ફિલ્મ જોવાનો અનુભવ લેવા જેવો છે. સિનેમેટોગ્રાફીને સ્પર્શ્યા વિના, માત્ર સાઉન્ડ્સ અને નેરેશન દ્વારા ફિલ્મ માણવાનો અનુભવ કેવો હોય, એ પણ જાણવું જોઈએ!

ફિલ્મ રિવ્યૂઝ સિવાયનું એક વધુ મહત્ત્વનું કામ ટોમી પોતાની બીજી યુ-ટ્યુબ ચેનલ દ્વારા કરી રહ્યો છે. આ બીજી ચેનલ પર તે દર્શકો દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નોના એ ઉત્તર આપે છે. એક અંધ માણસ દુનિયાને કઈ રીતે અનુભવે છે, એક અંધ બાળકને હસતાં કઈ રીતે શીખવી શકાય, આંધળાઓ રંગો-ઋતુઓ વચ્ચેનો ભેદ કઈ રીતે પારખે છે... વગેરે વાત પર ટોમી ચર્ચા કરે છે. આવી ચર્ચાઓથી નોર્મલ વ્યક્તિઓ કોઈક અંધ વ્યક્તિના ભાવવિશ્વને સરળતાથી સમજી શકે છે. કેટલાક લોકો પોતાની મર્યાદાઓને વળોટીનેય ગજબનું કામ કરી જાણે છે... જે જન્મથી જ અંધ હોય, એમની બીજી ઇન્દ્રિયો (સેન્સિસ) સામાન્ય વ્યક્તિઓ કરતાં જુદી રીતે ટેવાયેલી હોય છે, પણ જે જીવનને મધ્યાહ્નને દૃષ્ટિ ગુમાવે, એનું શું? પોતાની આંખો દ્વારા જે દુનિયા માણી હોય, એ અચાનક જ દેખાતી બંધ થઇ જાય તો કેવી ગૂંગળામણ થાય! આ લોકો જીવનના અણગમતા બદલાવ સાથે કઈ રીતે એડજસ્ટ થતા હશે-પોતાની જાતને કઈ રીતે ગોઠવતા હશે?!

જાણીતી સંસ્કૃત કહેવત છે : 'પંગુ લંઘયતે ગિરિમ'. સાદી ભાષામાં કહીએ તો 'મન હોય તો માળવે જવાય.' , જેનું મન મજબૂત હોય એવા લોકો શારીરિક રીતે અપંગ થઇ ગયા હોવા છતાં માળવા તો શું, ઠેઠ દક્ષિણ ધ્રુવ સર કરી બતાવે! એરિક વિનમેયર નામનો અંધ સાહસિક એવરેસ્ટનું શિખર સર કરી ચૂક્યો છે. રોયલ નેવીમાં કામ કરી ચૂકેલો એલન એલન લોક પણ આવો જ એક વિરલો છે. એલનનું સપનું તો બ્રિટિશ નેવી માટે સબમરીન હાંકવાનું હતું. આ માટે એણે આકરી તાલીમ શરુ કરી, કમનસીબે એમાં અકસ્માત થયો અને એલનને આંખે કાયમી અંધાપો આવી ગયો...આમ જુઓ તો એરિક સંપૂર્ણ અંધ નહોતો થયો, પણ

આંખ પર કોઈએ ફ્રોસ્ટેડ ગ્લાસના ચશ્મા પહેરાવી દીધા હોય એવા - સાવ ધૂંધળા અને અસ્પષ્ટ દૃશ્યો એને દેખાતા. એમાં વળી વચ્ચે વચ્ચે બ્લાઈન્ડ સ્પોટ પણ હોય! લગભગ અંધાપા જેવી જ સ્થિતિ, પણ નેવીની ટ્રેનિંગને કારણે એલનનું શરીર ખડતલ અને મન મજબૂત. એટલે અંધાપાથી હારીને ઘરે બેસી જવાને બદલે એલને દોસ્તોના સહારે રખડપટ્ટી શરૂ કરી અને એ રખડપટ્ટી પણ કેવી? ૨૦૦૩ થી ૨૦૧૨ દરમિયાન એરિક ૧૮ મેરથોન દોડ્યો, પર્વતારોહણ કર્યું અને એટલાન્ટિક ઓશન પાર કરનારો પ્રથમ અંધ વ્યક્તિ બન્યો! આટલાથી સંતોષ ન હોય એમ એલન પોતાના બે તંદુરસ્ત મિત્રો અને ગાઈડને લઈને એન્ટાર્કટિકા ખંડના કિનારે જઈ પહોંચ્યો. પ્લાન હતો બરફ આચ્છાદિત વિસ્તારોમાં સ્કિઈંગ કરીને પૃથ્વીના દક્ષિણ ધ્રુવની સફર ખેડવી! ધ્રુવ પ્રદેશના બરફમાં સૂસવાટા મારતા પવન વચ્ચે શરીર પર ખોરાક સહિતની જીવન જરુરી ચીજોનું વજન (આશરે ૬૦ કિલોગ્રામ!) લાદીને સ્કિઈંગ કરવાનું હોય કે પગપાળા બરફ ખૂંદવાનો હોય, તો ભલભલા પહેલવાનના હાંજા ગગડી જાય...પણ અંધ એલન લોકે આવી વિષમ પરિસ્થિતિમાં પણ પોતાના સાથીદારોના સહવાસે ૯૬૦ કિલોમીટરનો દુર્ગમ પ્રવાસ માત્ર ૩૯ દિવસમાં પૂરો કરી બતાવ્યો! આ સાથે જ એ પૃથ્વીનો દક્ષિણ ધ્રુવ સર કરનારો પ્રથમ અંધ વ્યક્તિ બન્યો! ઈનામરૂપે ૨૫,૦૦૦ ડોલર્સ જીત્યો એ લટકામાં!

આ તો થઇ અંગત સિદ્ધિઓની વાત, પણ કેટલાક અંધ વ્યક્તિઓ એવી પણ છે, જેમની સિદ્ધિઓ આવનારી પેઢીઓને ય કામ લાગી.

થોડા સમય પહેલા જ આપણે આ કટારમાં આવી બે સ્ત્રી - લૌરા બ્રિજમેન અને હેલન કેલરની વાત કરેલી. ડો. જેકબ બોલોટિનનું નામ પણ આ શ્રેણીમાં જોડી શકાય. પોલેન્ડથી માઈગ્રેટ થઈને અમેરિકા આવી પહોંચેલા બોલોટિન પરિવારને ગરીબીની સાથે સાથે અંધાપાનો ય અભિશાપ! પરિવારમાં કુલ સાત પૈકી ત્રણ બાળક તો જન્મથી જ અંધ! એમાં ૧૮૮૮માં શિકાગો ખાતે જન્મેલો જેકબ પણ ખરો. દૃષ્ટિ નહોતી, પણ જેકબની બાકીની સેન્સિસ ગજબનાક! અંધ લોકો માટેની સંસ્થામાં શિક્ષણ લઈને એણે ગ્રેજ્યુએશન પૂરું કર્યું. એનું સપનું તો ડોક્ટર બનવાનું હતું, પણ કઈ મેડિકલ કોલેજ કોઈ અંધ વિદ્યાર્થીને એડમિશન આપવા રાજી થાય? ઊલટાનું લોકો જેકબને ઘેલો ગણીને હસી કાઢતા. ઉપહાસ અને અવગણના વચ્ચેય કોણ જાણે કઈ આંતરિક શક્તિએ જેકબનું સપનું જીવતું રાખ્યું . અનેક શિક્ષણ સંસ્થાઓના ધક્કા ખાધા પછી નસીબ આડેનું પાંદડું ખસ્યું હોય એમ 'શિકાગો કોલેજ ઓફ મેડિસિન' આ અંધ વિદ્યાર્થીનેલ એડમિશન આપવા તૈયાર થઇ. સામે જેકબ પણ સંઘર્ષ માટે તૈયાર હતો. ધગશ-મનોબળ અને ઈશ્વરદત્ત ઈન્દ્રિયઓને પ્રતાપે જેકબ વિશ્વનો પ્રથ અંધ ડોક્ટર બન્યો! ફિઝિશિયન તરીકેનું લાઈસન્સ લઈને તબીબી પ્રેક્ટિસ પણ શરૂ કરી, પણ કોઈ અંધ ડોક્ટર પેશન્ટને તપાસે કઈ રીતે?

જેકબ ભલે જોઈ નહોતો શકતો, પણ હૃદયના ધબકારા સહિતનું ઘણું માત્ર સ્પર્શના આધારે સમજી શકતો. આથી એણે હૃદય અને ફેફસાંના ડોક્ટર તરીકે પ્રેક્ટિસ ચાલુ કરી. પેશન્ટને પણ આ અંધ ડોક્ટરમાં ગજબનો વિશ્વાસ... એક ઘટના બહુ જાણીતી છે ભણતરના ભાગરૂપે જ્યારે ડો જેકબ ઇન્ટર્નશીપ કરતો હતો, ત્યારે એક યુવતી ઈલાજ માટે એની પાસે આવી. આ યુવતીના ધબકારા માપીને જેકબે જાહેર કર્યું કે યુવતીના હૃદયનો વાલ્વ ખામીયુક્ત છે... વધુ તપાસ કરતા જેકબની વાત સંપૂર્ણપણે સાચી સાબિત થઇ. એ ઘટનાએ ડો. જેકબને ખાસ્સી પ્રસિદ્ધિ અપાવી અને પેશન્ટ્સ એક અંધ ડોક્ટર પપર આંધળો વિશ્વાસ કરતા થઈ ગયા ! ડોક્ટર તરીકે સફળતા મેળવનાર જેકબે પછી તો ઘણા દેશનો પ્રવાસ કર્યો અને પોતાના પ્રવચનો દ્વારા અંધાપા અંગે લોકોમાં જાગૃતિ આણવાનું કામ કર્યું. ડો. જેકબે વિશ્વની પ્રથમ એવી સ્કાઉટ ટુકડી બનાવી, જેના તમામ સભ્ય અંધ હોય! ઉમદા ડોક્ટર તરીકે લોકોનો પુષ્કળ પ્રેમ પામનાર ડો. જેકબ માત્ર ૩૬ વર્ષની વયે અંધારા- અજવાળાની દુન્યવી રમત છોડીને સદા માટે પવિત્ર રોશનીમાં વિલીન થઇ ગયા. કહે છે કે વિશ્વના આ પ્રથમ અંધ ડોક્ટરની અંતિમ યાત્રામાં ૫,૦૦૦ લોકો ઊમટી પડેલા!

અહીં જે દાખલા જોયા એ પરથી જણાય છે કે આ તમામ અંધ વ્યક્તિઓએ પોતાની જાત પર આંધળો વિશ્વાસ હતો. અને આ વિશ્વાસ મક્કમ મનોબળ તેમજ અથાક સંઘર્ષને પ્રતાપે પેદા થયો હતો. ■

ઊડતી વાત

feedback@bombaysamachar.com
ભરત વૈષ્ણવ

હેં...ખુરશીની ખેતીમાં લાખના કર્યા બે હજાર.? !

'આ વાત ગળે ઊતરતી નથી. ભલે એ શીરા જેવી મુલાયમ કે પોચી હોય!' આટલું કહી અમારા રાજુ રદીએ બે હાથથી માથું પકડ્યું પછી માથું નકારમાં જોરથી હલાવ્યું. કદાચ ટ્રેનની જેમ માથું ખડી જશે કે શું?રાજુની દશા ટુ બી ઓર નોટ ટુ બી' જેવી હતી. રાજુ દ્વિધાનું પોટલું બની ગયો હતો.

'રાજુ, આપણે રશિયાને લાલ આંખ કરીને કહ્યું છે. ઇનફ ઇઝ ઇનફ.. બાળકો ઘર ઘર રમે એમ યુદ્ધની રમત બહુ થઇ. ડાહ્યાડમરા થઇ સમાધાન કરી લો. યુદ્ધ એ કોઇ પણ સમસ્યાનું સમાધાન નથી. આમાં ન માનવા જેવું શું છે?' વિપક્ષની જેમ મેં રાજુને કાઉન્ટર કવેશ્ચન-પ્રતિ પ્રશ્ન કર્યો. 'ગિરધરભાઇ,હું એની વાત કરતો નથી. મારું કહેવાનું અલગ છે.' રાજુએ સ્પષ્ટતા કરી. 'રાજુ, પાકિસ્તાનની ચૂંટણીમાં સૈન્યે જીતેલ ઉમેદવારને હરાવ્યા,હારેલ ઉમેદવારને જીતાડ્યા. અપક્ષો બહુમતીમાં હોવા છતાં સૈન્યની કઠપૂતળી એવા શાહબાજ શરીફને પ્રધાનમંત્રી બનાવ્યા. ઇમરાન જેલમાં હાથ ઘસતો રહી ગયો.' મેં આત્મવિશ્વાસથી છલકાતા અવાજે કહ્યું.

'અરે ઓ મેકિયાવેલી. ઓ એરિસ્ટોટલ, પ્લુટો! હું એની પણ વાત કરતો નથી.'રાજુ મારા પર જોરથી બરાડ્યો. 'રાજુ , તું સવાલ કરે છે અને તું જવાબ કરે છે. તું રોબોટ છે કે શું?પહેલિયા બુઝાવ્યા વિના જે કહેવું હોય તે સ્પષ્ટ કહે મને ઉખાણાં-બુખાણામાં રસ નથી.' મેં રાજુને પાણીથી પાતળો કરી નાખ્યો.

'ગિરધરભાઇ, મોસમ છલકેની માફક ચૂંટણી છલકી રહી છે. પિતળ પર સોનાનો ગિલેટ ચડાવે છે. સ્ટીલ પ્લેટિનમની માફક ચમકી રહ્યું છે.દરેકને સેવા કરવાની ચળ-ખંજવાળ ઊમટી છે એટલે વચનોથી પ્રજાને વલૂરી રહ્યા છે. શ્વાન હાડકું ચૂસે તેમ સત્તાને બોટવાની હોડ મચી છે.સેવા-મેવા માટે ચૂંટણીની વૈતરણી પાર ઉતરવી પડે છે. લગ્નના વરરાજાની જેમ સજીધજીને ઘોડા,બગી, બળદગાડું , હાથી ,સાઇકલ જે વાહન મળે તે લઇને રાજપૂત યોદ્ધાની માફક ચૂંટણીયા કરવા દોડે છે! 'ચુનાવસ્ય કથા રમ્યાઃ' એમ રાજુએ સમજાવ્યું, 'રાજુ, ખુરશીદેવીને પામવા જે ચૂંટણીબંકાંઓ ઝંપલાવે છે તે 'નો યોર કસ્ટમર' એટલે કે 'કેવાયસી-ગ્રાહકને ઓળખો ઝુંબેશ' હેઠળ વ્યવસાય, અભ્યાસ (કયા ધોરણમાં કોના લીધે કેટલી ડાંડી મારી તેની વિગતો પણ વિગતવાર કહેવી પડે!) પત્ની ,પતિ, મિલકત, ઘરેણા, જમીન, મકાન(દુકાન, ફ્લેટ, શેર, ડિબેન્ચર, ધંધા, ખેતી, વ્યવસાય વગેરેની માહિતી ઉમેદવારીપત્રમાં આપવી પડે. જમીનની બજાર કિંમતને બદલે જંત્રી કિંમત દેખાડી મિલકતની રકમમાં ઘટાડો કરી શકે. ઘણા ઉમેદવારોના કિસ્સામાં એક ચૂંટણી લડ્યા પછી બીજી ચૂંટણી લડે તે ગાળામાં ઘરવાળીની સંખ્યામાં ધરખમ વધારો થાય. કેટલાકના કિસ્સામાં ખરતા તારાની જેમ ઘરવાળી પણ ખરી પડે...' ઉમેદવારે ચૂંટણી લડવા માટે શું શું રજૂ કરવાનું તેની યાદી મેં સંભળાવી. 'ગિરધરભાઇ,ચૂંટણીના ફોર્મમાં મિલકતોની વિગતે રજૂ કરવામાં આવે છે.એમાં દર પાંચ વરસે સતત વધારો જ થતો હોય છે. માનો કે રાજા શાહીની રાજકુમારી.રાતે વધે નહીં તેટલે દિવસે વધે. અત્રે કચરાનું ઉદાહરણ પણ તમને ગમશે નહીં. રાજકુમારી અસાધારણ રીતે વધે એ તો સમજ્યા ભૈ! કોઇ વાર્તામાં રાજાનો કુંવરને આ રીતે વધતો દેખાડતા નથી તો એનો વિકાસ નહીં થતો હોય? રાજુ રદીએ સટીક સવાલ કર્યો. 'રાજુ,આજ સુધીમાં ઉમેદવારના પરિવારની આવકમાં તોતિંગ વધારો થાય છે. ક્યારેય રતિભાર ઘટાડો થતો નથી. શેરબજારની ભાષામાં શેરબજાર તૂટે ત્યાર અબજો-કરોડો રૂપિયાની સંપત્તિ ધોવાઇ જતી હોય છે. એક ચૂંટણી બાદ બીજી ચૂંટણી દરમિયાન એક પણ ઉમેદવારની સંપત્તિ કૃષ્ણ પક્ષના ચંદ્રકળાની જેમ ઘટતી નથી! ઉમેદવારની પાંચે (વાસ્તવમાં ચાર આંગળી હોય છે. પાંચમી આંગળી નહીં પણ અંગૂઠો હોય છે. જે ઠેંગો બતાવવાનાં કામમાં આવે છે. ઠેંગો બતાવવા માટેના કામમાં આંગળી કેમ કામ આવતી નથી તે મોટો પ્રશ્ન છે!) ઉમેદવારની પાંચે આંગળી ઘીમાં નહીં, પણ પનીરમાં હોય છે!કેમ કે, રાજકારણ મૂડી રોકાણ વગરનો પારકી મૂડીને પોતાની સમજીને લૂંટવાનો ધંધો છે. જેમાં હંમેશાં મુનાફા હી મુનાફા હૈ, કયા સમજે, ભીડું?' મેં રાજુને ધંધાકીય રહસ્ય શેર કર્યું! 'ગિરધરભાઇ, ગજબ થઇ ગયો. નામુમકીન, મુમકીન થઇ ગયું .લૂંગી ફાડ કે રૂમાલ નહીં, પણ રૂમાલ જોડ કે જોડ કે લૂંગી થઇ ગઇ! આપણા એક ઉમેદવારની ૨૦૧૭ની આવક સામે ૨૦૨૨ માં આવકનું ધોવાણ થઇ ગયું .આવક મીણબત્તીની જેમ પીગળી ગઇ!એક,બે, ત્રણ નહીં પણ સાડા અગિયાર કરોડ રૂપિયાનું ધોવાણ થઇ ગયું .લાગે છે કે કળયુગનાં વળતા પાણી છે અને સતયુગ પાછલા પગે-ચોરપગલે આગમન કરી રહ્યો છે!'રાજુએ વૃતાંત નિવેદક(ટપ્પો ન પડ્યો?ગુજરાતીમાં ન્યુઝ રિપોર્ટર!)ની જેમ અહેવાલ આપ્યો. ખેતી કે ધંધામાં લોકોની ગણતરી ખોટી પડે તો લાખના બાર હજાર થયા એવું કહેવાય છે. આ તો ખુરશીની ખેતીમાં લાખના બે હજાર કર્યા... શું કહો છો તમે ?આવા ઉમેદવારની સંખ્યા વધવી જોઇએ કે ઘટવી જોઇએ એ વિચારમાં રાજુ સ્વગૃહ જવાને બદલે ફરી પાછો મારા ઘરે ટપકી પડયો...! ■

નિસર્ગનો નિનાદ

feedback@bombaysamachar.com
ધર્મેન્દ્ર ત્રિવેદી

પક્ષી નિરીક્ષકોને મૂર્ખ બનાવવામાં પાવરધું પંખી - કાબર

કિશોરાવસ્થામાં પક્ષી-નિરિક્ષણના પાગલપનના કારણે અનેક પંખીઓ ઓળખતા તો આવડી ગયેલું, પરંતુ પછી પંખીડાઓને તેમના અવાજ એટલે કે બર્ડકોલના આધારે ઓળખતા શીખવાનું ઝનૂન પણ ચડેલું. કાળા બપોરે ઘરમાં અભ્યાસક્રમના પુસ્તક વચ્ચે સંતાડેલું અરેબિયન નાઈટ્સ વાંચતો હોઉ અને બહારથી કાળિયો કોશી બોલે એટલે દોડીને બહાર જાઉ. તો પાણીની નિકના લીધે ભીની થયેલી માટીમાંથી કાબર અળસીયા ખાતી હોય. માંડ ઘરમાં જાઉ અને દૈયડનો અવાજ સાંભળીને ફરી દોડું તો એક બે હોલા અને કાબરો સિવાય કોઈ ન દેખાય. પછી ખબર પડી કે કાબરબેન મોજમાં હોય તો કેટલાંય પંખીડાઓના અવાજની આબેહૂબ નકલ કરી જાણે. કાગડાના હુમલાથી બચાવેલું કાબરનું એક નાગુંપૂગું બચ્ચું અમારે આશરે ઉછરીને મોટું થયેલું. તેની સાથેના સંભારણા આજે પણ અમારી આંખો ભીની કરી દે છે.

પ્રાથમિક શાળામાંથી સાતમું પાસ કરીને આઠમા ધોરણમાં અમે હાઈસ્કૂલમાં બઢતી પામ્યા ત્યારે રસ્તામાં આવતા એક ઘર બહાર એક ડોસીમા કાયમ છોકરીઓનું ટોળું નીકળે ત્યારે બબડે આ ''કાબરું હાલી નિહાળે'' અને પાછળ પાછળ છોકરાઓના ટોળાં માટે કહે આ 'કાગડા'ય ઉપડ્યા. છોકરીઓનાં જૂથનો વાર્તાલાપ સૌએ સાંભળ્યો જ હશે પરંતુ કાબરોનો કલરવ સાંભળો ત્યારે સમજાય કે આ સમાનતા કેવી છે. પરંતુ આજે આપણે કાબરના કલરવ કે

કકળાટની જ વાતો નથી કરવાની, પરંતુ કાબર વિષેના થોડા વાસ્તવિક મુદ્દાઓને જાણીએ. વિશ્વમાં કાબરોની લગભગ ચાલીસેક જેટલી જાતિઓ છે, અને આશ્ચર્ય થશે કે માત્ર ભારતમાં જ કાબરોની કુલ બારેક જેટલી જાતિઓ છે. બોલો, આપણે મન તો કાબર એટલે કાબર . . . પણ ના દોસ્તો કાબર એ સ્ટારલિંગ' જાતિનું જ એક પક્ષી છે. હવે આપણને થાય કે આ કાબર તો જાણે સમજ્યા, પરંતુ સ્ટારલિંગ કોણ આહે? તો આપણે ઘણીવાર સૂરજ આથમવાના સમયે હજારો પક્ષીનાં ટોળાને એકસાથે ઝૂંડમાં લયબદ્ધ રીતે ઉડતાં જોઈને વશીભૂત થઈ જઈએ છીએને . . . બસ એ પક્ષી એટલે સ્ટારલિંગ. સ્ટારલિંગનું ગુજરાતી નામ છે 'વૈયું'. આ વૈયા, આંગણે મળતી કાબર અને મસ્ત મજાની ચોટલી વાળી લટકમટક ચાલતી ઇસ્ટાઈલીશ કબર જેને આપણે બ્રાહ્મણી મૈના કહીએ છીએ તે સૌ એક જ કુળનાં પંખીડાં છે. ભારતના જુદા જુદા પ્રાંતમાં જુદી જુદી જાતિની કાબરો જોવા મળે છે. (૧) કોમન સ્ટારલિંગ (વૈયું), (૨) કાબર, (૩) બ્રાહ્મણી મેના, (૪) રોઝી સ્ટારલિંગ -વૈયાની બીજી જાત, (૫) ચેસ્ટનટ ટેઈલ્ડ સ્ટારલિંગ, (૬) આંદામાનમાં જોવા મળતું સફેદ માથા વાળુ સ્ટારલિંગ, (૭) માલાબાર સ્ટારલિંગ, (૮) ઇન્ડિયન મેના, (૯) એશિયન પાઈડ મેના, (૧૦) કોમન હિલ મેના, (આ હિલ મેનાને જોખમ હોવાથી તેને પાળી શકાતી નથી), (૧૧) બેન્ક મેના (ઉત્તર ભારત અને દક્ષિણ એશિયા), (૧૨) વ્હાઈટ વેન્ટેડ મેના (બુલબુલનું પાછવાડું લાલ હોય એમ આ કાબરનું પાછવાડું સફેદ હોય છે).

મેના શબ્દનો અર્થ થાય છે નટખટ અથવા મોજીલું પંખી. આ પક્ષી એશિયા અને ભારતનું મૂળનિવાસી હોવાથી આપણા વાતાવરણમાં ગોઠવાઈને પોતાનું કાર્ય કર્યા કરે છે. તેના બે ત્રણ મુખ્ય કામ છે, ફૂલોની પરાગરજનું વહન કરવું અને માખી, તીડ જેવી અનેક પ્રકારની જીવાતનું ભક્ષણ કરીને પેસ્ટ કંટ્રોલરની નોકરી પણ કાબરબાઈ વગર પગારે કરે છે. હવે એક અચરજભરી વાત જાણીએ. સન ૧૮૮૦માં ઓસ્ટ્રેલિયામાં તીડનું મહાઆક્રમણ થયેલું. ત્યારે ભારતથી કાબરોને લઈ જઈને ઓસ્ટ્રેલિયામાં મેલબોર્નમાં છૂટી મૂકેલી, અને ત્યાં તીડને મારવાનો અખતરો સફળ થતાં બાદમાં ક્વીન્સલેન્ડમાં બિટલ્સ અને તીતીઘોડાને નાથવા માટે લઈ જવાઈ હતી. પરંતુ ત્યારબાદ ઓસ્ટ્રેલિયન સત્તાવાળાઓ માટે આપની નાનકડી કાબરબાઈઓ માથાનો દુખાવો બની ગઈ હતી. છે ને કાબરો જબરી ?

કાબરોનાં થોડા મજેદાર ભારતીય નામો જાણવાં જેવાં છે.

કલહપ્રિયા - કકળાટ જેને પસંદ છે તેવું પક્ષી

ચિત્રનેત્રા - જેની આંખો ખૂબ સુંદર છે તેવું પક્ષી

પિતનેત્રા - જેની આંખો પીળી છે તેવું પક્ષી

પિતપાદ - જેના પગ પીળા છે તેવું પક્ષી

(જુઓ પાનું ૬) ▶▶

વિશેષ

feedback@bombaysamachar.com
હેમુ ભીખુ

બ્રહ્મ એ ચિંતનનો વિષય છે

...તેઓ બ્રહ્મસમાન નિર્દોષ છે એમ જણાવી અહીં બ્રહ્મ માટેની સમજ વિકસાવવાનો પ્રયત્ન થયો છે. બ્રહ્મ માટે કોઈપણ પ્રકારનું વિશેષણ વાપરવું એ એક અસંભવ ઘટના છે. એને નથી સત કહી શકાતું કે નથી અસત કહી શકાતું. બ્રહ્મ એ ચિંતનનો વિષય છે, ઓળખનો નહીં. બ્રહ્મને સમજવાની જરૂર છે, માણવાની નહીં. બ્રહ્મપણું એ અનુભૂતિની વાત છે, પૂજવાની નહીં. બ્રહ્મને વર્ણવવાની કે સાબિત કરવાની ચેષ્ટા ના થવી જોઈએ, માત્ર તેનું હોવાપણું સ્વીકારી લેવું જોઈએ. બ્રહ્મ એ તર્કબદ્ધ - બુદ્ધિસંગત બાબત નથી, તે તો કારણભૂત અસ્તિત્વ છે. બ્રહ્મના ગુણધર્મો ક્યારે વ્યાખ્યાયિત ન થઈ શકે.

માતા ઘઉં સાફ કરતી હોય ત્યારે નાનું બાળક મુઠ્ઠી ભરી ઘઉં લઈ જઈ બહાર આંગણામાં નાખે ત્યારે તે બાળક કંઈ ઘઉં ઉગાડવાનો પ્રયત્ન નથી કરતું કે પક્ષીને ચણ આપવાનું પણ તેનું આયોજન નથી હોતું. માતાને ગુસ્સે કરવા માટે પણ આ ચેષ્ટા નથી થતી કે ઘઉંનો બગાડ થાય તેવી પણ તેની ઈચ્છા નથી હોતી. માતાને ઘઉંનો જથ્થો ઓછો કરી મદદ કરવાનો પણ તેનો ભાવ નથી હોતો. આ તો માત્ર બાળ સહજ નિર્દોષતાની લીલા માત્ર છે. બ્રહ્મ દ્વારા કરાયેલા સર્જન પાછળ પણ કંઈક આવી જ નિર્દોષતા જણાય છે. બાળક બ્રહ્મસમાન નિર્દોષ છે. સંત મહાત્મા પણ આવા જ છે.

જો બ્રહ્મની વિભાવના એક ગુણધર્મ પ્રત્યે સ્થાપવામાં આવે તો તેનાથી વિપરીત બ્રહ્મથી ભિન્ન કંઈક છે તેવું સ્થાપિત થાય. બ્રહ્મ દરેક પ્રકારના ગુણધર્મથી પર છે. પૂર્ણતામાં વિચારતા એમ પણ જણાશે કે બ્રહ્મનું નિરાકાર તરીકેનું આલેખન પણ એક રીતે બ્રહ્મને બાધિત કરવાનો પ્રયાસ છે. છતાં પણ આ પ્રયાસ સ્વીકાર્ય છે. કોઈક તો સંપર્ક સ્થાન હોવું જોઈએ - કોઈક તો પ્રારંભિક તબક્કાનું સૂચન હોવું જોઈએ - ક્યાંક તો સંભાવનાની શક્યતાઓ દેખાવી જોઈએ : આશાનું કિરણ જરૂરી છે. ભિન્ન ભિન્ન વ્યક્તિઓને ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાંથી આશાનું કિરણ દેખાય છે. અવ્યક્તની - બ્રહ્મની ઉપાસના કરનાર માટે આવા કઇંક પ્રતીક - ઉદાહરણ - સંભવિત સામ્યતાથી આશાનું કિરણ બંધાતું જણાય છે.

અહીં બ્રહ્મને વિશેષણ આપવાને બદલે જેમને વિશેષણ આપી શકાય તેવા છે, તેમને બ્રહ્મસમાન કહ્યા છે. આમ વિશેષણ તો આપી દેવાયું છે પણ પરોક્ષ રીતે. સાકર મીઠાશ યુક્ત છે એમ કહેવાને બદલે મીઠાશ યુક્ત તત્ત્વ સાકર જેવું છે તેમ કહેવાયું છે. બ્રહ્મ પ્રકાશ સ્વરૂપ છે તેમ કહેવાને બદલે દૈદીપ્યમાન અસ્તિત્વ બ્રહ્મસમાન છે તેમ જણાવ્યું છે. બ્રહ્મ નિર્દોષ છે તેવું સ્થાપિત નથી કરાયું પણ જેવો નિર્દોષ છે તે બ્રહ્મ સમાન છે, તેમ જણાવ્યું છે. આધ્યાત્મની આ એક અનેરી ઘટના છે. જેનું નિરુપણ ન થઈ શકે તેનું સામાન્ય જન સમાજ માટે નિરુપણ કરવાનો આ પ્રયાસ છે. જેને બાધિત ન કરી શકાય તેની વ્યાખ્યા કરવાનો આ પ્રયત્ન છે. જે નિરાકાર છે

તેની માટે કઈ સમજ બંધાય તેવો આશય અહીં દેખાય છે.

ગીતાના બારમા અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે અવ્યક્તની આરાધના દેહધારી માટે મુશ્કેલ છે. કદાચ અહીં આ મુશ્કેલી દૂર કરવાનો પ્રયત્ન છે. અવ્યક્તની આરાધના થઈ તો શકે જ, તે અસંભવ નથી, પરંતુ પ્રાથમિક તબક્કામાં માનવીને કોઈક અવલંબનની જરૂર રહે છે. આગળ જતા આ અવલંબન છૂટી જાય, પણ તેનું મહત્ત્વ તો છે. તેટલા જ માટે આપણાં શાસ્ત્રોમાં વચગાળાનું અવલંબન સ્થાપવાનો પ્રયત્ન સતત દેખાય છે.

બ્રહ્મ અવ્યક્ત હોવાથી તેનું ચિંતન થઈ શકે. કોઈ ચોક્કસ પ્રકારની પરિકલ્પના દ્વારા તેને સમજવાનો પ્રયત્ન થઈ શકે. તે નિરાકાર છે તેમ જાણ્યા પછી પ્રત્યેક આકારની બાદબાકી કરવાની પ્રક્રિયા શરૂ થાય, પણ આ માટે પ્રત્યેક આકારની પ્રતીતિ હોવી જરૂરી છે. જેનું વર્ણન ન થઈ શકે તેની માટે તેની પરિકલ્પના એક વચગાળાનું સાધન બની શકે. જ્યાં મન અને ઇન્દ્રિયો પહોંચી ન શકે ત્યાં - તે દિશાનું પહેલું પગલું મન અને ઇન્દ્રિયો દ્વારા જ ભરાતું જોવા મળે છે. ડગલું જરૂરી છે, પણ દિશા ખબર નથી. આકાર ખબર નથી પણ નિરાકારતા માટે શ્રદ્ધા છે. ત્યાં શબ્દ પહોંચી નથી શકતો પણ પ્રતીકાત્મક ૐ કારની શક્તિની આપણને જાણ છે.

ઇશ ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે તે સ્થિર હોવા છતાં તેની ગતિ સૌથી વધુ છે. મજાની વાત એ છે કે સ્થિરતા સમજવા માટે ગતિનું જ્ઞાન હોવું જોઈએ. પ્રકાશને સમજવા માટે જિંદગીના કોઈક તબક્કે અંધકારની પ્રતીતિ થયેલી હોવી જોઈએ. સત્યનું મૂલ્ય ત્યારે જ સમજાય જ્યારે અસત્યથી વ્યક્તિ ત્રસ્ત હોય. માયા અને અવિદ્યાના પ્રપંચથી ઘેરાયા પછી જ મુક્તિનું મહત્ત્વ સમજાય. એમ જણાય છે કે અહીં બ્રહ્મની સમજ માટે અ-બ્રહ્મનો સહારો લેવાયો છે. જોકે વાસ્તવમાં અબ્રહ્મ જેવું અસ્તિત્વ જ નથી, જે છે તે બધું બ્રહ્મ છે અને બ્રહ્મમય છે .

પંડિતો, જ્ઞાની, ભક્તજનો, યોગી - આ બધા સમદ્રષ્ટા છે. તેઓને બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન કે શ્વપાકમાં કોઈ ભેદ વર્તાતો નથી. તેમને તો નિરાકાર અને આકારમાં પણ ભેદ વર્તાતો નથી. તેમની માટે અંધકાર પણ તેટલો જ પ્રકાશમય છે અને પ્રકાશ પણ અંધકારનો પર્યાય છે. જીવન અને મૃત્યુના સમીકરણથી તેઓ પર તો છે જ પણ સાથે સાથે મોક્ષ અને બંધનની ધારણાઓથી પણ તેઓ મુક્ત છે. છે અને નથીનો દ્વંદ્વ પણ તે

ટૂંકી વાર્તા

feedback@bombaysamachar.com
રમણ મેકવાન

કૃષ્ણલીલા

કૃષ્ણકાંત હમણાં જ ગ્રેજ્યુએટ થઇને, ગામ આવ્યો હતો.

કૃષ્ણકાંત ગરીબ વિધવાનું એકનું એક સંતાન હતું. સરકારી મદદથી ગ્રેજ્યુએટ થયો હતો. અને હવે નોકરી મળે, ત્યાં સુધી મા સાથે ગામમાં રહી, માને ખેતીકામમાં મદદ કરતો હતો. ગામની નજીક, દોઢેક વીઘું જમીન હતી, કૃષ્ણકાંત અને એની વિધવા માની જીવાદોરી હતી, આ જમીનનો ટુકડો. એના સંઘોડી ત્રણ વીઘા ગામના મુખી જશભાઈની જમીન હતી. એમાં મુખીએ કૂવો કર્યો હતો, કૂવા પર પંપ હતો, પંપ માટે મઝાની સુંદર ઓરડી હતી, ઓરડી આગળ ઘટાદાર રાયણનું ઝાડ હતું. કાળા ઉનાળામાંય અહીં શીતળ વાતાવરણ રહેતું. નવરાશમાં મુખી અહીં આરામ અને મોજમજા કરતા. કૃષ્ણકાંતની મા વહેલો-મોડો વરસાદ થાય, ત્યારે મુખીના કૂવાનું પાણી લઈ, ઊભા પાકને હરિયાળો રાખતી, અને મુખી પણ પાણી માટે એને કદી આઘીપાછી કરતા નહીં. વિધવા સાથે સારા સંબંધ બની રહે, એવા પ્રયત્ન કરતા. ઘણીવાર કૃષ્ણકાંતની મા એના ખેતરમાં કામ કરતી જોઈ, મુખી એની પાસે આવી બેસતા, વાતે વળગતા. આમ તો, એ વિધવા ગંગા હલકી વણ્યની હતી, અને એની સાથે વાતો કરતાં મુખી નનાપો અનુભવતા, કોઈ જોઈ જશે તેનો ભય ગંગા સાથે વાત કરતાં મુખી અનુભવતા. છતાં સાવધાની રાખી, ગંગા સાથે વાતો કરવા આવતા. પણ એમાં મુખીનો સ્વાર્થ હતો. મુખીના સંઘોડે ગંગાની દોઢ વીઘું જમીન હતી, મુખી એને લઈ લેવા માગતા હતા, આ અંગે એમણે ગંગાને દાણો ચાંપી જોયો હતો, પણ ગંગા એમ જમીન આપે, એવી શક્યતા ખૂબ ઓછી જણાતાં મુખીએ ગંગાને બીજી રીતે સમજાવવા પ્રયત્ન કરવા માંડ્યા. 'હવે તો, ગગલી, તારો છોકરો ભણી રહ્યો, હવે નોકરીએ લાગશે, પછી તો, દર મહિને ગજવું ભરીને એને પગાર મળશે, પછી ખેતી કોણ કરશે? તારો ભણીને સાહેબ બનેલો છોકરો હવે થોડો અહીં ખેતી કરવા આવવાનો છે?'

'મુખી મોટા, છોકરો ભણ્યો, અને મોટો સાહેબ થશે, પણ આની વેડેને! આ અમારી જીવાદોરી છે, એણે અમને જીવાડ્યાં છે, છોકરાને ખેતી કરવી હશે તો, કરશે, પણ હું તો છુંજને! હું જીવીશ, અને મારા ટાંટિયા મને અહીં દોરી લાવશે, ત્યાં સુધી આ મારું ખેતર વેચવાની નથી.' ગંગાએ કહ્યું, મુખીને આમાં એમનું અપમાન લાગ્યું. પણ બીજો કોઈ રસ્તો નહોતો, બળજબરીથી ગંગા પાસેથી આંચકી લેવા જેટલી મુખી હિંમત કરી શકે, એમ નહોતા. લોકોનો, અને હવે સરકારી કાયદાનો ડર હતો. પણ ચોરામાં બેસતા મુખીના હજૂરિયા દરરોજ મુખીને પીન મારતા, વિધવા ગંગાનું ખેતર પડાવી લેવા ચઢાવતા. અને મુખીને શૂરાતન ચઢી જતું, પણ પાછો બીજો ડર મનને સતાવતો, મુખી વિચારતો હવે ગંગાનો કિશનિયો શહેરમાં રહીને ભણ્યો, ખાસ્સું ભણ્યો છે, આથી કાયદા-કાનૂનની સમજણ મારા કરતાં એને વધારે, અને સરકારમાં પણ એનું ભણેલાનું વધારે ઉપજે. ગંગા રાજીખુશીથી જમીન આપી દે તો, ઠીક, પણ બળજબરી નથી કરવી, ભલે જેને જે કહેવું હોય, એ કહે. અને ગંગાની જમીન મેળવવાનો વિચાર જ મુખીએ મનમાંથી કાઢી નાખ્યો.

નોકરી માટે ખૂબ પ્રયત્ન છતાં ઠેકાણું ના પડ્યું, નોકરી મળતી, ઘણે દૂર અજાણ્યા વિસ્તારમાં, એવા કે, કદી નામ પણ સાંભળ્યું ના હોય, કૃષ્ણકાંત જવા તૈયાર થતો, પણ એની મા એને જવા દેતી નહીં, 'ભાઈ, એટલે આઘે નથી જવું, ત્યાં તું એકલો, અહીં હું, તને ત્યાં કંઈ થઈ જાય તો... નથી જવું અહીં નજીકમાં મળશે, તું સવારમાં જા, અને સાંજે મને તારું મોં જોવા મળે, એવી નોકરી મળે, ત્યારે જજે.'

કૃષ્ણકાંત ખેતરમાં એની મા, ગંગા સાથે ડાંગરમાં નીંદતો હતો, ચોમાસામાં દિવસો હતા, થોડા દિવસોથી વરસાદ થંભી ગયો હતો, આખી ધરતી નવોઢા જેવી લીલી ચૂંદડીમાં સોહતી હતી, ચોતરફ હરિયાળી નજર આવતી હતી, કૃષ્ણકાંત લાંબો સમય શહેરના ધમાલિયા, ઘોંઘાટિયા વાતાવરણમાં તંગ આવી ગયો હતો, અને હવે ગામડાના શાંત, ચોખ્ખા મનભાવન વાતાવરણને મનભરીને માણવાની મઝા લૂંટતો હતો, એક વિચાર એને એવો પણ થતો હતો, નથી જવું કશેય, નથી કરવી નોકરી-બોકરી, બસ અહીં, મા સાથે ધરતીમાતાની ગોદમાં જ રહેવું છે.

'અલ્યા ફાવે છે, ખેતરાંનું કોમ?' અવાજ આવ્યો, કૃષ્ણકાંતના વિચાર તૂટ્યા, અવાજની દિશામાં જોયું, મુખી સામા શેઢે ઊભા હતા, એમની આંગળી પકડી સોળ-સત્તર વર્ષની એક છોકરી પણ સાથે હતી, સાથે કામ કરતી ગંગાએ એના કાનમાં ધીમેથી કહ્યું 'મુખીની છોકરી છે લીલા, ગાંડી.'

કૃષ્ણકાંતને કંઈ સમજણ ના પડી, છોકરી સામે જોઈ રહ્યો. છોકરી થેકડા ભરતી હવામાં આમતેમ હાથ વીંઝતી ચપટી વગાડતી હતી. કુતૂહલભરી નજરે કૃષ્ણકાંત છોકરીને જોઇ રહ્યો. મુખી એનું ધ્યાન ખેંચતાં ફરી બોલ્યાં ભણેલો ગણેલો, અને આવી ધૂળ ઉલેચવી ગમે છે?' પણ કૃષ્ણકાંત પેલી છોકરી જોવામાં તલ્લીન હતો, સાંભળ્યું ના સાંભળ્યું કર્યું, આથી ગંગા બોલી 'નોકરી ના મળે, ત્યાં સુધી ઘેર બેસી રહે પાલવે મોટા! પેટ ટાઇમે માગેજને! કશી નોકરી મલશે પછી ધૂળ ઉથામવી બંધ થઈ જશે.' પણ ગંગાનું બોલેલું મુખીને ખૂંચ્યું કે, કૃષ્ણકાંત એમની છોકરીને જોઈ રહ્યો હતો, એ ખૂંચ્યું કે, મુખી છોકરીને ખેંચીને ચાલતા થયા, જતી છોકરીને કૃષ્ણકાંત જોઈ રહ્યો હતો. છોકરી ધબધબ પગ પછાડતી, એક ઉત્તરમાં, બીજો દક્ષિણમાં નાખતી એના બાપ પાછળ ઢસડાતી જતી હતી.

'મુખીની છોકરી ગાંડી છે, મા?'

'ગાંડી જ છેને! જનમથી એવી જ છે, પહેલાં તો, એને લૂઘડાંનુંય ભાન રહેતું નહોતું. હમણાં જરીક સુધારો થયો.' ગંગાએ કહ્યું.

'મુખી કશી દવા-બવા કરાવતા નથી?' 'ભગવાન જાણે ભઈ, દવાબવા, કરાવે છે કે નથી કરાવતા.' ગંગાએ કહ્યું 'છોકરી ખરીને! આથી મોટી થાય, અને પરણાવે ત્યારે દહેજમાં કેટલાય રૂપિયા અને અધમણ જેટલું સોનું આપવું પડે, આથી મરી જાય તો, મુખીને ટાઢા પાણીએ ખસ જાય, આથી છોકરી જીવે, એટલું ખરું, મરી જાય તો, મરી જાય, એમને કશી અસર ના થાય.'

માના મોંએ છોકરી માટે મુખીનો વર્તાવ જાણી, કૃષ્ણકાંત ખિન્ન થઈ ગયો. એણે આજે મુખીની એ છોકરીને જોઈ, જતાં જતાં છોકરી એની સામે હસી હતી. ખૂબ નિર્દોષ લાગતી હતી, રૂપાળી હતી, સામાન્ય ઘાટીલી, માંજરી આંખો, ટૂંકા ગરદન પર ઝૂલતા માથાના વાળ, ઢીંચણ ઢાંકતું એણે ફરાક પહેર્યું હતું. થેકડા મારતાં ફરાકની ફડક એના સાથળ સુધી ઊંચે ચઢી ગઈ હતી, એના ઉજળા સુંવાળા સાથળ પર કૃષ્ણકાંતની નજર ચોંટી ગઈ હતી. એ મુખીની નજરે ચઢી ગયું હશે, આથી છોકરીને લઈને ચાલ્યા ગયા. છોકરી કૃષ્ણકાંતના મનમાં વસી ગઈ, બીજા દિવસે ગમે એ, હિસાબે એણે છોકરીને એકલા મળવાનું મનથી નક્કી કરી નાખ્યું.

બીજા દિવસે એની મા ગંગાને શરીરમાં સારું લાગતું નહોતું, આથી ગંગાએ જ એને ખેતરે મોકલ્યો. 'ભઈ! ડાંગરમાં જોઈ લેજે, વરસાદ ખેંચાયો છે, આથી પાણી લેવું પડશે? લેવું પડે એવું લાગે તો, મુખીને કહી પંપ ચાલુ કરાવજે.' એ ઘરમાંથી નીકળતો હતો, અને માએ કહ્યું. મુખીના પંપે જવાનું બહાનું મળી ગયું, પણ ડાંગરમાં પાણીની જરૂર છે, એની ખબર કેમની પડશે? એ ખેતરના રસ્તે પડ્યો, ત્યાં સુધી મન પર આ જ વિચારે કબજો જમાવી રાખ્યો, એમાં મુખીની છોકરીને મળવાની તાલાવેલી મંદ પડી ગઈ. છેક ખેતરના છીંડામાં દાખલ થયો, ત્યારે મુખીની છોકરી યાદ આવી ગઈ, 'કદાચ છોકરીને બોલાવવાની તક મળે, તો એને શું કહીને બોલાવું? એના નામની તો ખબર નથી, કાલે ખેતરમાં માએ એનું નામ કહ્યું હતું પણ અત્યારે યાદ આવતું નથી.' વિચારતો એ મુખીની છોકરીનું નામ યાદ કરવાની માનસિક કસરતમાં પડ્યો, ખાસ્સી મગજમારી કરી પણ છોકરીનું નામ યાદ ના આવ્યું, અને નામ યાદ કરતો, કરતો એના ખેતરમાંથી મુખીના ખેતરમાં ક્યારે આવી ગયો, એની ખબરેય ના પડી.

ઓરડી આગળ રાયણના ઝાડ નીચે નાખેલી ખાટલી ખાલી હતી, અને પંપની ઓરડીનું બારણું બંધ હતું. એ હતાશ થઈ ગયો. એણે મુખીના રખાની તપાસ કરી, મુખીએ પંપ અને ખેતરની રખેવાળી માટે, ગોરધન નામે એક માણસને રાખ્યો હતો, પણ એ પણ હાજર નહોતો. નિરાશ થઈ, કૃષ્ણકાંત પાછો એના ખેતર તરફ વળ્યો, ખેતરમાં આવી, ડાંગરના ચાસે ચાસે ફરવા લાગ્યો, એની મા ગંગાએ ડાંગરમાં પાણીની જરૂર છે એ જોઈ મુખીને પાણીનું કહેવાનું કહ્યું હતું, આથી ચાસે ચાસે ફરી, ડાંગરને પાણીની જરૂર છે કે, કેમ? એ જોતો હતો. અરધા ખેતરમાં ફર્યો, અને મુખી એમની છોકરીને આંગળીએ તેડી, એમના ખેતરના શેઢે ઊભા રહેલા એણે જોયા. મુખીની છોકરીને જોઈ, એ હરખાઈ ઊઠ્યો, એની પાસે જવાની, મનમાં જાગેલી બળવતર ઇચ્છાને પરાણે દબાવવાનો પ્રયત્ન કરતાં એણે ખેતરના ચાસે ચાસે ફરવાનું ચાલુ

(જુઓ પાનું ૬) ▶▶

સ્થાપત્યનું વાઈ-ફાઈ

feedback@bombaysamachar.com
હેમંત વાળા

સ્થાપત્ય અને શિસ્તબદ્ધતા

આમ તો પ્રત્યેક કળામાં શિસ્તનો ભાવ રહેલો હોય છે. સામાન્ય સમજ પ્રમાણે એમ માનવામાં આવે છે કે વિજ્ઞાન અને ઇજનેરી શાખામાં જ શિસ્ત હોય. પણ કળાનું પણ વિજ્ઞાન છે, કળાની રજૂઆતમાં પણ વૈજ્ઞાનિક અભિગમ હોય છે, કળામાં પણ નિયમો છે - કળામાં પણ શિસ્ત છે.

કળાનું એક બંધારણ હોય. જુદી જુદી શૈલી પ્રમાણે આ બંધારણમાં તફાવત હોય. આ બંધારણ તેમ જ તફાવતની શિસ્ત પ્રમાણે કળાની જે તે શૈલી નિર્ધારિત થાય અને તે શૈલી પ્રમાણે કળા સ્વીકૃત તથા અસરકારક બને. તે ઉપરાંત કળામાં વપરાતી સામગ્રીના ઉપયોગ માટે પણ નિયમો હોય છે. સાહિત્યમાં ભાષાના બંધારણની શિસ્ત હોય. લાકડામાંથી શિલ્પ બનાવતી વખતે તે લાકડાની ક્ષમતા તથા નબળાઈનું ધ્યાન રાખીને જ આકૃતિ ઊભારી શકાય. કાચ પર ચિત્રકામ કરતી વખતે કાચ તથા જે તે રંગોનું વિજ્ઞાન સમજવું પડે. જે પ્રકારનું ચિત્રકામ કાગળ પર થઈ શકે તે પ્રકારનું ચિત્રકામ કાચ ઉપર ન થઈ શકે. સામગ્રીનો ઉપયોગ પણ કળામાં શિસ્ત સાથેની આવડત લાવે છે. આ બધી બાબતોમાં સ્થાપત્ય એ એવું ક્ષેત્ર છે કે જેમાં અભિવ્યક્તિ માટે વપરાતી સામગ્રી સૌથી વધુ ભૌતિક રહે છે. આ બધી બાબતો કળા પર શિસ્તની ચોક્કસ છાપ છોડે છે.

સ્થાપત્યમાં માળખાકીય રચના મહત્ત્વની હોય છે. આ માળખાકીય ભારવાહક રચના દીવાલ, સ્તંભ કે બીમ અને સ્લેબની ગોઠવણી નિર્ધારિત થાય છે. આ બધાની ગોઠવણ પાછળના નિયમો છે. આમાં છૂટછાટ લેવી અર્થાત મકાનના અસ્તિત્વ બાબતે પ્રશ્નો ઊભા કરવા. સ્થાપત્યમાં નિર્ધારિત થતાં સ્થાનોની - ઓરડાઓની ઉપયોગીતા તેમાં પ્રકાશ તથા હવાની ગુણવત્તા અને હાજરી પર આધાર રાખે છે. પ્રકાશ તથા હવાનું એક વિજ્ઞાન છે. આ વિજ્ઞાનને અનુસરવાથી જ જે તે ઓરડામાં જરૂરી માત્રામાં હવા ઉજાસ આવી શકે. સ્થાપત્યમાં આનાથી પણ એક પ્રકારની શિસ્ત આવી જાય. વળી મકાનમાં પાણી પુરવઠાની વ્યવસ્થા હોય કે ગંદા પાણીના નિકાલની યોજના, વરસાદી પાણીના સંગ્રહનું આયોજન હોય કે ભેજની માત્રા ઓછી કરવાની વ્યવસ્થા; આ બધામાં પણ નિયમબદ્ધ તકનીકી આયોજન જરૂરી છે.

મકાનના બાંધકામ પર લાગુ પડતા સ્થાનિક કાયદાઓથી પણ મકાનની રચનામાં ચોક્કસ પ્રકારની શિસ્ત વણાઈ જાય. આગળ - પાછળ - બાજુમાં - વચમાં બાંધકામ મુક્ત જમીનની જરૂરિયાત, મંજૂરી પામે શકે તે પ્રકારનું બાંધકામ તથા તેનું ક્ષેત્રફળ, જુદી જુદી સવલતોના સમાવેશ માટેના નિયમો, ન્યૂનતમ ધારાધોરણનું માળખું, મકાનની ઊંચાઈ બાબતે લાગુ પાડવામાં આવતી મર્યાદા - આ અને આ બધી બાબતો પણ મકાનમાં શિસ્તબદ્ધતા લાવે છે.

મકાનમાં શિસ્ત લાવનાર આવી બાબતો હોવા છતાં સ્થાપત્યના ક્ષેત્રમાં જે વિવિધતા જોવા મળે છે તે સામાન્ય જન માનસ પર આગવી અસર છોડી જાય છે. આ વિવિધતા પાછળ મુખ્યત્વે સ્થપતિની વ્યક્તિગત સંવેદનશીલતા તથા સર્જનાત્મકતા ભાગ ભજવી જાય છે. એક જ પરિસ્થિતિને જુદા જુદા સ્થપતિ પોતાની રીતે મૂલવે છે તેને પ્રતિભાવ આપે છે. સ્થપતિની વિચારધારાને કારણે પણ વિવિધતા

ઉદ્ભવતી હોય છે. તે ઉપરાંત મકાનના લાભાર્થી પણ ક્યાંક પોતાની અભિવ્યક્તિ મકાન સાથે સાંકળી લે છે. વળી બાંધકામની પ્રાપ્ય સામગ્રી તથા તેના ઉપયોગમાં રહેલી વિવિધતાને કારણે પણ સ્થાપત્યમાં એક પ્રકારની શિસ્ત હોવા છતાં વિવિધતા શક્ય બને છે.

સ્થાપત્યની રચનામાં સ્થાનિક શૈલીને પ્રાધાન્ય આપવાનો આગ્રહ રખાતો હોય છે. જે તે સ્થાન તથા સમયની સાંસ્કૃતિક, સાંજોગિક અને પરંપરાગત બાબતોને પ્રતિબિંબિત કરવાથી સ્થાપત્યની સ્થાનિક શૈલી - ઓળખ બંધાય છે; જે અન્ય ઓળખથી ભિન્ન હોવાની. આબોહવાની વિવિધતાને હકારાત્મક પ્રતિભાવ આપવાથી પણ સ્થાપત્યમાં વિવિધતા આવી જાય. મકાનની રચના ચોક્કસ નિર્ધારિત સમયગાળા સુધીના ઉપયોગ માટે કરાતી હોય છે. આ સમયગાળામાં બદલાવ આવે તો સ્થાપત્યની રચનામાં પણ બદલાવ સંભવી શકે.

વિવિધતા પાછળની આ બધી સંભાવના પાછળ એક વાત સમજી લેવા જેવી છે. માનવી, માનવીની ક્ષમતા તથા તેની સંવેદનશીલતામાં એક પ્રકારનું સાતત્ય જોવા મળતું હોવા છતાં દરેક વ્યક્તિ વિવિધતા માટે આગ્રહી હોય છે. માનવીની ક્ષમતા સમાન હોય તો પણ તેમના સપનામાં ભિન્નતા રહેલી હોય. સમાન જરૂરિયાત વાળી વ્યક્તિ પણ પોતાની આગવી ઓળખ ઊભી કરવા પ્રયત્ન કરે. વ્યક્તિ સામાજિક પ્રાણી હોવા ઉપરાંત વ્યક્તિગત ઓળખ પણ તેની માટે મહત્ત્વની છે .

સમાજ એટલે શિસ્તબદ્ધતા. એક માનવી અન્ય સાથે કેવો વર્તાવ કરે તેના નિયમો હોય છે. આવું જ મકાન માટે પણ કહી શકાય. એક મકાન બીજા મકાનના અસ્તિત્વને કઈ રીતે અનુકૂળ બની રહે છે તે સમજવું જરૂરી છે. સ્થાપત્ય રૂપી સમાજમાં પણ પરસ્પર સંવેદનાઓ હોય. મકાન અલાયદું અસ્તિત્વમાં ન આવી શકે, કાં તો તે અન્ય મકાનોની વચ્ચે હોય અથવા કુદરતી માહોલ સાથે ગોઠવાયું હોય. બંને સંજોગોમાં પ્રતિભાવ તો હકારાત્મક હોવો જોઈએ.

આ સમય વૈશ્વિક પરિબળોનો છે. આજના સમયમાં બધું જ વૈશ્વિક સ્તરે અને વૈશ્વિક ધોરણે જોવાય છે. સ્થાનિક પરિબળો ક્યાંક નજર અંદાજ થતા જાય છે જે ઇચ્છનીય નથી. આજે વપરાતી મોટાભાગની ચીજ વસ્તુમાં સ્થાનિક સાંસ્કૃતિક કે પરંપરાગત મૂલ્યો જણાતાં નથી અને વૈશ્વિક બાબત અગત્યની બની રહે છે. વિશ્વ એક વિશાળ સમાજ તરીકે ઊભરી રહ્યું છે જ્યાં બધું એક જ ધારાધોરણ પ્રમાણે નિર્ધારિત થતું જાય છે. માનવી એક વિશાળ વ્યવસ્થાનો ભાગ બની રહ્યો છે, જેના કારણે તેમની વ્યક્તિગત સંવેદનશીલતા પ્રત્યે ઉદાસીન વલણ લેવાતું જાય છે. એમ જણાય છે કે હાલના તબક્કે માનવી નહીં પણ વિશાળ માનવ-સમૂહ કેન્દ્રમાં છે. જોકે આનાથી સ્થાપત્યમાં વૈશ્વિક કક્ષાની શિસ્ત વણાતી જાય છે. આવી હવે વૈશ્વિક ડિઝાઇન મહત્ત્વની બની રહી છે - હાવી થઈ રહી છે. મકાનો પણ મોબાઇલની જેમ એકધારા - શિસ્તમય બનાવાઈ રહ્યા છે. ■

ઝાકળની પ્યાલી

feedback@bombaysamachar.com
ડૉ. એસ. એસ. રાહી

ફલક કે પાર હોતી હૈ, કલેજે મેં ઉતરતી હૈ, હમારી એક-એક ફરિયાદ દો-દો કામ કરતી હૈ

ઉર્દૂ ગઝલના ઈતિહાસમાં ઓગણીસમી સદીના અંતિમ ભાગને મિરઝા 'દાગ' (ઈ.સ. ૧૮૩૧-૧૯૦૫)ના યુગ તરીકે ઓળખવામાં આવે છે. 'નૂહ'નારવી 'દાગ'ના ખાસ શિષ્ય હતા. 'નૂહ' પોતે વર્ષો સુધી હૈદરાબાદમાં રહ્યા હતા અને તેમના ગુરુ 'દાગ'ની સેવાચાકરી કરી હતી. આથી 'દાગ'ની શાયરીમાં રંગીની અને ચંચળતાનાં જે તત્ત્વો છે તે 'નૂહ'ની શાયરીમાં પણ જોવા મળે છે. કદાચ તેથી જ 'નૂહ' પોતાને 'દાગ'ના જાનશીન એટલે કે ઉત્તરાધિકારી તરીકે ઓળખાવતા હતા. 'નૂહ'ના ૪૦૦ શિષ્યો હતા. આ શાયર-શિષ્યો તેમની રચનાઓ 'નૂહ'ને મઠારવા માટે આપતા. આ શિષ્યોમાંથી શ્રી સુખદેવપ્રસાદ 'બિસ્મિલ' ઈલાહાબાદી તેમના માનીતા શિષ્ય ગણાય છે. ઈલાહાબાદ જિલ્લાના નારા નામના ગામમાં ૧૮ સપ્ટેમ્બર૧૮૭૬ના રોજ 'નૂહ'નો જન્મ થયો હતો. આથી તેમણે તેમનું તખલ્લુસ 'નૂહ'નારવી રાખ્યું હતું. ઈ.સ. ૧૮૫૭ની ક્રાંતિમાં અંગ્રેજ સરકારને મદદ કરવા બદલ આ ગામ 'નૂહ'ના પિતાને ભેટમાં મળ્યું હતું. તે જમાનામાં 'નૂહ'ના પિતાની વાર્ષિક આવક આશરે દસ હજાર રૂપિયા હતી. 'નૂહે' તેમનું પ્રાથમિક શિક્ષણ આ ગામમાં જ લીધું હતું. તેમણે અરબી-ફારસી ઉપરાંત અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કર્યો હતો. તેમના 'સફીનએ-નૂહ' અને 'તૂફાને-નૂહ' નામના ગઝલ-સંગ્રહો પ્રકાશિત થયા છે.

'નૂહ'ની ગઝલો તગઝ્ઝુલ (પ્રણયરંગ-રસ)થી ભરપૂર છે. તેમાં માધુર્ય અને ઊર્મિશીલતાનો સમન્વય છે. માશૂકા, સનમ, સજનીની પ્રશંસા કરતા તેમજ તેની સાથે ફરિયાદ કરતા કેટલાયે શે'ર તેમની પાસેથી મળ્યા છે. ભાષાનું સૌષ્ઠવ, ધારદાર રજૂઆત અને વ્યંજના તેમની શાયરીની આગવી લાક્ષણિકતાઓ છે.

તેમની વિવિધરંગી શાયરીનો હવે રસાસ્વાદ કરીએ.

જબ તબીઅત કિસી પે આતી હૈ,
મૌત કે દિન કરીબ હોતે હૈ.

જ્યારે કોઈ (સનમ)ના પર દિલ લાગી જાય ત્યારે સમજી લેવું (જરૂરી) છે કે હવે મૃત્યુનો દિવસ નજીક આવી ગયો છે.

ક્યૂં કર બસર હુઈ શબે-ફુરકત ન પૂછિયે,
સબ મુઝ સે પૂછિયે, યે હકીકત ન પૂછિયે,

વિરહની રાત્રિ કેવી રીતે પસાર થઈ એ વિશે મને પૂછશો નહીં. તમે મને બીજું કોઈ પણ પૂછી શકો છો, પણ આ ઘટના વિશે મને કોઈ સવાલ કરશો નહીં.

ફલક કે પાર હોતી હૈ, કલેજે મેં ઉતરતી હૈ,
હમારી એક-એક ફરિયાદ દો-દો કામ કરતી હૈ.

અમારી બધી જ રાવ-ફરિયાદ બબ્બે વખત કામ કરે છે. તે આકાશ વિંધીને તેની પેલે પાર પ્હોંચી જાય છે તો વળી તે (તમારા) કાળજામાં પણ ખૂંપી જાય છે.

અદા આઈ, જફા આઈ, ગરૂર આયા, હિજાબ આયા,
હઝારો આફતે લે કર હસીનો કા શબાબ આયા.

હાવભાવ-નખરા આવ્યા, અત્યાચાર આવ્યો, અહંકાર આવ્યો, તો સંકોચ પણ આવ્યો. આવા પ્રકારની હજારો આફતોને સાથે લઈને રૂપસુંદરીઓની જુવાની પણ આવી ચડી.

આપ હૈં, હમ હૈં, મય હૈં, સાકી હૈં,
યહ ભી ઈક અમ્ર ઈતિફાકી હૈ.

તમે છો, હું છું, સુરા છે અને વળી (અધૂરામાં પૂરું) સાકી (પીવડાવનારી) પણ છે. આવો સુઅવસર પણ એક યોગાનુયોગ છે!

ઈશ્ક ને દિલ કો પુકારા ઈસ તરહ,
મૈં યે સમઝા આપ કી આવાઝ હૈ.

આ મોહબ્બતે દિલને એવી રીતે સાદ આપ્યો કે હું તો તેને તમારો અવાજ (પ્રતિસાદ) સમજી બેઠો.

ઉન સે મિલ કર મૈં ઉન્હીં મેં ખો ગયા,
ઔર જો કુછ હૈ, વો આગે રાઝ હૈ.

હું એમને મળ્યો અને એમનામાં (પૂરેપૂરો) ખોવાઈ ગયો. તે પછી જે કંઈ બન્યું તે વિશેનું રહસ્ય હવે પછી પ્રગટ થશે.

અરે ચૌંક યે ખ્વાબે-ગફલત કહાં તક?
સહર હો ગઈ ઔર તૂ સો રહા હૈ?

તું સાવધાન થઈ જા અને જાગી (ઊઠી) જા. તું ક્યાં સુધી ગફલત (બેદરકારી-નાદાની)નાં સ્વપ્નાં સેવ્યાં કરીશ? સવાર થઈ ગઈ છે અને હજુ તું સૂતો રહ્યો છે?

ઔર તો ઉલ્ફત ન નિભને કા સબબ કોઈ નહીં,
યા બુરાઈ આપ મેં હૈ, યા બુરાઈ હમ મેં હૈ.

પ્રેમને ન નભવાનું અન્ય કોઈ કારણ દેખાતું નથી. માટે જો ખરાબી-બુરાઈ હોય તો તે કાં તો તમારામાં છે યા તો મારામાં છે.

બાદ મરને કે ભી દિલ લાખોં તરહ કે ગમ મેં હૈ,
હમ નહીં દુનિયા મેં લેકિન એક દુનિયા હમ મેં હૈ.

મૃત્યુ પછી પણ શાંતિ ક્યાં છે? મૃત્યુ પછી યે આ દિલ લાખો પ્રકારનાં દુઃખોમાં સંડોવાયેલું રહે છે. હું ભલે આ દુનિયામાં રહ્યો નથી પણ બીજી એક દુનિયા મારામાં વસેલી છે.

મયકદે મેં કભી તૌબા કો જો આતે દેખા,
એક દીવાર ખડી હો ગઈ પૈમાનોં કી.

સુરાપાન કરનાર મયકશ જ્યારે સુરા ન પીવાની કસમ (સોગંદ) ખાય છે તેને ''તૌબા'' કહેવામાં આવે છે. આ સંદર્ભ લઈને શાયરે સરસ વાત કરી છે. એક વખત એમોએ આ તૌબાને સુરાલય તરફ આવતી જોઈ! એ પછી તો પ્યાલીઓની એક (આખી) ભીંત ચણાઈ ગઈ!

'તૂહ' કી આંખો સે નિકલે સૈકડો તૂફાને-અશ્ક,
ઉન કા રોના ભી હૈં તો દરિયા દિલી કે સાથે હૈ.

શાયરની આંખોમાંથી સેંકડો આંસુઓનાં તોફાન વહી ગયાં. તેમનું આમ રડવું પણ દરિયાની ઉદારતા જેવું છે.

ન ખટકા ઉસ કો દોજખ સે, ન ખ્વાહિશ ઉસ કો જન્નત કી,
ખુદા રખ્ખે અલગ દુનિયા સે, હૈ દુનિયા મોહબ્બત કી.

તેને નરક (જહન્નમ)ની ચિંતા નથી કે તેને સ્વર્ગની પણ કોઈ ઈચ્છા નથી તેનું જગત તો પ્રેમનું છે. ખુદા આ આ પ્રેમીને દુનિયાદારીથી સાવ અલગ રાખે તે જ ઈચ્છનીય છે.

ખુદા કે ડર સે તુમ કો હમ ખુદા તો કેહ નહીં સકતે,
મગર લુત્ફે-ખુદા, કહરે-ખુદા, શાને-ખુદા તુમ હો.

ખુદાના ભયને લીધે અમે તમને ખુદા કહી શકીએ તેમ નથી પણ ખુદાની કૃપા (મજા-આનંદ) તમે જ છો, ખુદાનો ક્રોધ પણ તમે જ છો અને ખુદાની શાન (વૈભવ) પણ તમે જ છો. આટલું કહીને શાયરે માશૂકાની અને ખુદાની-બંનેની કેવી અને કેટલી પ્રશંસા કરી છે તે જોઈ શકાય છે. ગઝલનો જન્મ પ્રિયતમા સાથેની ગુફતગૂમાંથી થયો છે તે વાતનો નક્કર પુરાવો આ શે'ર આપી દે છે.

ખારે-સહરા ખુદ કફે-પા સે અલગ હો જાયેંગે,
આપ વો કાંટા નિકાલે જો હમારે દિલ મેં હૈ.

રણના કંટકો તો આપમેળે જ પગના તળિયામાંથી નીકળી જશે, પરંતુ અમારા દિલમાં જે ભોંકાયેલો છે તે કાંટો તો તમે કાઢી આપો. (જેથી અમને થોડી રાહત થાય.)

અસીરાને-કફસ કો વાસ્તા ક્યા ઈન ઝમેલોં સે?
ચમન મેં કબ ખિઝાં આઈ, ચમન મેં કબ બહાર આઈ?

જે પિંજરામાં કેદ છે તેને બગીચામાં ક્યારે પાનખર આવી અને ક્યારે વસંત બેઠી તેવી વાતો સાથે ક્યાં કશો સંબંધ હોય છે?

વફા-ઓ-મેહર કે બાદ આપ કા મગરૂર હો જાના,
યે ઐસા હૈ કિ જૈસે પાસ હો કર દૂર હો જાના.

તમારી વફાદારી અને કૃપા (મેળવ્યા) પછી તમારું આમ ઘમંડી થઈ જવું એ એવું લાગી રહ્યું છે કે તમે મારી નજીક હોવા છતાં ય તમે જાણે મારાથી દૂર થઈ ગયા છો!

વો નાદિમ હુવે કત્લ કરને કે બાદ,
મિલી ઝિન્દગી મુઝકો મરને કે બાદ.

મને કતલ કર્યા પછી તેઓ જે રીતે શરમ અનુભવતાં હતાં તે પરથી મને લાગ્યું કે મરણ પછી મને જાણે ફરીથી નવું જીવન મળી ગયું.

હમ ઉન કો ક્યૂં કહેં આઝારે-દુનિયા મુલ્તવી કર દો,
તબીઅત રફ્તા રફ્તા ખૂગરે-ગમ હોતી જાતી હૈ.

મને દુનિયાનાં દુઃખો આપવાનું મોકૂફ રાખો એમ હું એમને શા માટે કહું? કારણ કે ધીમે ધીમે મારી પ્રકૃતિ આ દુઃખોથી ટેવાતી જાય છે.

કબ્રોં કે મનાઝિર ને કરવટ ન કભી બદલી,
અન્દર વહી આબાદી, બાહર વહી વીરાના.

કબરોનાં દૃશ્યોએ ક્યારેય પણ પડખું બદલ્યું નહીં. કબરની અંદર તો એ જ વસ્તી છે અને કબરની બહાર તો એ જ પ્રકારની વેરાની છે! ■

૪. ધાર્મીક સંબંધી

જોષી મયુરભાઈ - ચાંદોદ (વડોદરા)
પિતૃદોષ - કાલસર્પ દોષ નારાયણબલી વગેરે દરેક પ્રકારની ધાર્મિક વિધિ નર્મદાજીને કિનારે કરાવી આપનાર - 09879857350. (૧૪૨૮૨-એ)

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરણ વિધિ માટે ફોન કરો - 9820718979. (બી-૧૪૦૩૩)

૯. લગ્ન સંબંધી

ગુજરાતી બેચલર્સ
યોગ્ય જીવનસાથી માટે લગ્ન સંસ્થા છોકરીઓ માટે મફત રજિસ્ટ્રેશન. સંપર્ક: 09152021575. (દહેજ નહીં). (બી-૧૪૦૪૦)

■ ''રજિસ્ટર્ડ મેરેજ'' જુના/ નવા કાયદેસર (કોઈપણ મેટર) (વકીલ મારફત) 9137725086. (દહેજ નહીં). (બી-૧૪૦૮૮)

રૂપેશ મુલજીભાઈ
ચર્ચગેટવાળા ૬૩ વર્ષોથી લોકપ્રિય ઈન્ડિયા એબ્રોડનાં પાત્રો 9324534747. (દહેજ નહીં). (૧૪૩૩૮-એ)

વૈષ્ણવ કન્યા
જુલાઈ 1985, 5'.2", અંધેરીસ્થિત સુખી પરિવારની સુંદર, સંસ્કારી પોસ્ટગ્રેજ્યુએટને નોન ડીવોર્સી સમકક્ષ યુવક આવકાર્ય. સંપર્ક - 9892614948. (દહેજ નહીં). (એસડીબી-૧૮૪૯)

પરિચય મિલન મેળાવડો
શ્રી લોહાણા સમાજ, નવી મુંબઈ દ્વારા ૧૩મો પરિચય મિલન મેળાવડો, બુધવાર તારીખ ૧ મે ૨૦૨૪ના રોજ, ફોર્મ મહારાષ્ટ્રના તમામ મહાજનોમાં મળશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૩ એપ્રિલ. સંપર્ક :- 9833314514 / 9221238188. (દહેજ નહીં). (૧૪૩૫૨-એ)

રીદ્ધી સીદ્ધી
સાયનમાં 1985, એમ.બી.એ. માર્કેટિંગ સ્માર્ટ જૈનને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીદ્ધી સીદ્ધી
બેંગ્લોરમાં 1990, બી.ટેક., એમ.એસ., સ્માર્ટ બ્રાહ્મણને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીદ્ધી સીદ્ધી
અમેરિકામાં 1992, બી.ઈ. એમ.એસ., સ્માર્ટ વૈષ્ણવને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીદ્ધી સીદ્ધી
ચોપાટીમાં 1980, બી.ઈ., એમ.બી.એ, બિઝનેસ ધરાવતા સંસ્કારી કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીદ્ધી સીદ્ધી
અમેરિકાથી 1980, માસ્ટર આર્ટસ પ્રોગ્રેસી બ્યુટીફૂલને એજ્યુકેટેડ યુવક આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીદ્ધી સીદ્ધી
પાર્લામાં 1978, બી. ઈ., એલ. એલ. બી., સ્માર્ટ વેલસેટ કપોળને કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીદ્ધી સીદ્ધી
મુંબઈ 1981, અમેરિકાથી એમ. એસ., કરેલ હેન્ડસમને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીદ્ધી સીદ્ધી
બી.ઈ. ઈલેક્ટ્રોનીક, 1983, 5'3" સ્માર્ટ જૈનને કન્યા આવકાર્ય -9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીદ્ધી સીદ્ધી
પાર્લામાં 1984, એલ.એલ.બી., 5' દેખાવડીને જૈન એજ્યુકેટેડ યુવક આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

રીદ્ધી સીદ્ધી
ઘાટકોપરમાં 1992, સી.એ. 5'6" દેખાવડીને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૧૧૨)

મુંબઈ સમાચાર
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

૯. લગ્ન સંબંધી

■ અમેરિકન સીટીઝન CALIFORNIA, oct - 1975 યુવકને USAની / INDIAની ડિવોર્સી / કુંવારી કન્યા આવકાર્ય રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૪૧૧૪)

■ બેંગ્લોર જોબ ભાટીયા કન્યા 1997 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૪૧૧૫)

યુવક MBA
કાંદીવલી સ્થિત, 44, 5'8", MBA, કુંવારા (વાર્ષિક 20,00,000/- + કમાતા) યુવકને 39, વર્ષ સુધીની કુંવારી યુવતી આવકાર્ય. 9022412333. (દહેજ નહીં) (૧૪૩૬૭-એ)

SAPTPADI
Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (14294-A)

JAIN GIRL
Unmarried 45 years, Well Educated, MNC Job, 5'5", Fair. Contact 9323268284. (No Dowry) (14363-F)

૧૦. મહિલાઓ માટે

કાનનાં મોટાકાણાં
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૪૦૪૬)

કાનનાં મોટાકાણાં
એક જ સીટીંગમાં પુરાવો. દવા, હોમ વિઝિટ મળશે. - 9930744752. (બી-૧૪૧૦૧)

■ ''1 ગ્રામ સોનાના દાગીના'' એટલે ''દેવી જ્વેલર્સના'' અંધેરી - પનવેલ - 8850549930. (૧૪૩૫૬-સી)

મહેમાનોનો ઉતારો
રોજના ધોરણે બર્થડે, સગાઈ, પાર્ટી કલાસીસ, બોરીવલીમાં બાપલી બંગલો 9821112796. (૧૪૩૬૧-એફ)

૧૨. યાત્રા સહેલગાહ

નિઃશુલ્ક જાત્રા
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના લોકો માટે એક દિવસીય જૈન દેરાસર પંચતિર્થી જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા 7304472581. (એસડીબી-૧૮૬૩)

■ ચારધામ 36000/- ટ્રેનમાં, 45000/- પ્લેનમાં, 54000/- કસ્ટમાઈઝ, ગ્રુપ સ્પેશ્યલિસ્ટ. 9833009445. (૧૩૪૯૧-ડી)

શ્રી ગણેશ યાત્રા
અયોધ્યા, કાશીવિશ્વનાથ, પ્રયાગ, ચિત્રકૂટ, સાથે / સિવાય નેપાળ પશુપતિનાથ, દિવસ 8/13 Deluxe હોટેલ, અષ્ટવિનાયક, દિવસ 3. ગ્રુપ બુકિંગ આવકાર્ય. 9820164007, 9892268667. (૧૪૩૫૦-એ)

■ ચિરાગ-ચારધામ, દહેરાદુનથી, 4 સ્ટાર હોટેલ, હેલીકોપ્ટરમાં, 6 દિવસ. 9833009445. (૧૩૪૯૮-એ)

■ ચિરાગ-અયોધ્યા, વારાણસી, પ્રયાગરાજ, 8 દિવસ, જગન્નાથપુરી, ભુવનેશ્વર, ગંગાસાગર. 9833009445. (૧૩૪૯૮-બી)

૧૪. નોકરી ખાલી છે

■ **જૈન સમુદાયના અગ્રણી ચેરિટેબલ ટ્રસ્ટને બોરીવલી (વેસ્ટ) ખાતે કન્યા છાત્રાલય માટે અનુભવી રહેણાંક ગુજરાતી લેડી વોર્ડનની જરૂર છે. કૃપા કરીને તમારો બાયોડેટા educationjainjagruti@gmail.com અથવા What's App નંબર - 8779695306 પર મોકલો. (બી-૧૪૦૭૩)**

MANAV MANDIR HIGH SCHOOL
(AFFILIATED to CBSE)
10,Manav Mandir Road, Malabar Hill, Mumbai-400006
WALK IN INTERVIEW
TEACHERS
Pre-Primary
(ECCE is Compulsory)
Eligible Fresher / Experienced & fluent in English only attend interview on 16/04/2024 from 9.00 to 10.30 am
Send resume at
mmschool19631@gmail.com
Cont:23635034/23670811
(B-14107)

માર્કેટિંગ મેનેજર
ઈન્ડ્રીયલ સ્ટીલ માટે પ્રા. લિ.કું.માં સેલ્સ મેનેજર વિશ્વાસુ, ખંતીલા, યુવાન તથા અનુભવી યુવાનની સારા પગાર સાથે જરૂર છે. MOBILE 7021734143. email - alloysteel3@gmail.com (એસડીબી-૧૮૪૧)

■ શ્રી બોરીવલી ગુજરાતી સેવા મંડળ મેડિકલ સેન્ટરને તાત્કાલિક જરૂર છે, 1) એકાઉન્ટન્ટ 2) રિસેપ્શનિસ્ટ 3) નર્સ 4) પ્યુન રસ ધરાવતા ઉમેદવારોને તેમના બાયોડેટા મેઈલ કરવા વિનંતી કરવામાં આવે છે. Email.sbgsm1967@gmail.com ફોનઃ 9137978050, 8591397706. (બી-૧૪૧૧૭)

૧૪. નોકરી ખાલી છે

REQUIRED
Field Sales Executive (Local & Outstation) for a Leading Import Firm of Premium Decorative Hardware and Laminates. Candidates should possess sufficient relevant experience. Age limit 25-40 yrs. Candidates may WhatsApp CV on Mob: 9594930001.(14298-A)

REQUIRED
OFFICE ON SALE ₹1.31 Cr. to ₹1.51 Cr. onwards
OFFICE ON RENT ₹100/- psf
Site: Suren Road, Nr. W.E. Highway, Airport, Metro Stn. 2 min.
CALL Site: 73030 79779
(B-14105)

■ જોઈએ છે જાણીતી કોર્પોરેટ કંપનીને A ગ્રેડની ઈમારતમાં 50000' કોમર્શીયલ જગ્યાની જરૂર છે : વર્લી, લોઅરપરેલ, પરેલ, પ્રભાદેવી, કાલીના, BKC, બાંદ્રા, W.E. હાઈવે, એરપોર્ટ નજીક. વેચાણ/લીઝથી. (Mandate) ''મુકેશ તુલસીયાની'' 9321110202 / 9821136275. (૧૪૩૬૨-ઈ)

Masjid Bunder/ Nagdevi Street:
2 Prime Shop/ Office, ground floor, each 600 sq.ft, total 1200 sq.ft avl. for outright sale. Single or Combined. Wide Frontage, strong building, self-contained, old rent, ready possession.
Contact Owner
9821024344 / 9821477477
(14366/B)

લીવ એન્ડ લાઈસન્સથી મળશે
વાલકેશ્વર રીધ્ધી સીધ્ધી બિલ્ડીંગમાં દુકાન લીજેન્ડ ટાવરની સામે ૯૮૨૧૬૬૯૭૭૯. (૧૮૧)

LOWER PAREL
1200 sqft Office & 1700 sqft Godown available for Leave and Licence. Only WhatsApp 73044 72581 (Owner). (SDB-1844)

SALE / LEASE
Available 2500 Sq.ft of Commercial Space
On 1st Floor with Independent Lift/Staircase with Access from Ground Floor Shop
Ideal For : Showrooms, Offices, Gyms, Parlour & Saloons
at Kasturpark, Shimpoli Road, Borivali (W)
USD UNIQUE SHANTI DEVELOPERS
CONTACT : 98201 22892
(B-14116)

ગોદામો, મસ્જિદબંદર (વેસ્ટ)
દરિયાસ્થાન સ્ટ્રીટ, કાઝીસૈયદ સ્ટ્રીટ, એરિયા ૧૫૦૦ થી ૨૫૦૦ RCC મકાનમાં ભાડેથી/ લીવલાયસંસથી લેવા મળો મહેશ શાહ ૯૮૨૦૨ ૫૩૦૨૬, ૨૩૪૨૨૨૬૧/ ૨૩૪૩૭૭૭૭. (જી-૨૪૯૨-બી)

ઓપેરા હાઉસ
દુકાન (૨૫૦ + ૨૫૦) (જૂના ભાડે) (રોડ ટચ) ૧૨૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૧૮૫૬)

OFFICE SALE
Borivali (West) area 338' to 4800' Rs. 1.18 Cr. onwards New Tower, Glass Facad, Rooftop Amenities @ S. V. Road, Near Station & Mc'Donalds, best for Investment M. G. Realtors - 9820964062. (JP/4906-C)

૨૩. મનોરંજન

''બજેટ મુજબ''
''દાંડિયા'', ''લગ્નગીત'', ''સંગીતસંધ્યા'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૪૩૪૦-ઈ)

૨૪. વાહન/મોટરકાર સંબંધી

■ તમારી મનગમતી પેટ્રોલ - ડીઝલ ગાડી લેવા-વેચવા. શ્રીજી - 9545741755. (બી-૧૪૧૦૮)

૩૧. નાણાંકીય

''લોન-ડીફોલ્ટર્સ''
બેંકથી સેટલમેન્ટ (કોઈપણ-મેટર) (વકીલ મારફત પોસીબલ). 9137725086. (બી-૧૪૦૮૯)

ખોવાઈ
ગયેલા શેરો પાછા મેળવવા અને ફિઝિકલ શેર ડિમેટ કરવા. 9820197333. (જેપી-૪૯૧૩-સી)

૩૧. નાણાંકીય

ભારતમાં સૌ પ્રથમ વાર
SEMI ALGO INTRADAY SOFTWARE
MCX સીલ્વર & ગોલ્ડમાં ઈન્ટ્રાડે ટ્રેડ
૧ મહીનો ફ્રિ ટ્રાયલ
ટ્રાયલ દરમિયાન નુકશાનીમાં ૫૦% ની ભાગીદારી
માસિક રીટર્ન ૨૫ થી ૩૦%
કોન્ટેક ફક્ત શનિવાર અને રવિવાર
9879898795
(૧૪૨૯૯-બી)

''શેરનાં...''
ડીમેટની / IEPF / ડુપ્લીકેટની / ટ્રાન્સમીશનનાં ''શેરની'' સર્વિસ આપશું. / ખરીદશું. -9619315362, 8291225710. (૧૪૩૭૦-એ)

૩૨. જમીન-મિલકત

રાજકોટમાં જમીન
રાજકોટ તથા આજુબાજુનાં ગામમાં નાના - મોટા પ્લોટ લેવા/વેચવા. દિલીપ ઠક્કર 9324076621. (૧૪૩૭૪-એ)

''400 કરોડમાં''
''નેપેંસી રોડ પર 1500 સ્કવેર મીટરનો પ્લોટ વેચવાનો'', સંપર્કઃ 9767114455. (૧૪૩૭૧-એ)

૩૩. ધંધાદારી

''મેડીકલેમ''
''600% બોનસ આપતી પોલીસી, કોઈપણ પોલીસી ટ્રાન્સફર, નો રૂમ રેન્ટ, નો કેપીંગ, કેશલેસ સુવિધા'', ''હંસા મોતા'' - 9821485719/9324040850. (૧૪૩૪૦-બી)

સર્ચ રીપોર્ટ
ઓલ્ડ એગ્રીમેન્ટ
ઓલ્ડ OC પ્લાન્સ
એરીયા સર્ટીફિકેટ
પોઈંટ એડવાઈઝરી
9029077715
(બી-૧૪૦૫૫)

''પાણીની ટાંકીઓ''
''મશીનથી કૂવા-સોસાયટીની-ઘરની ટાંકીઓની સફાઈ'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583 / 9892298963. (૧૪૩૫૦-સી)

કબૂતરની જાળી
ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડનેટ સર્વિસ. નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ. ''જીતુભાઈ'' - 7900191232. (બી-૧૪૦૫૩)

એકાઉન્ટ
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ- 9869587290. (બી-૧૩૯૫૦)

એકાઉન્ટ
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ- 9869587290. (બી-૧૪૦૯૨)

એકાઉન્ટન
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર તાત્કાલિક તૈયાર કરીને આપીશું. જીએસટી/ ઈન્કમટેક્ષ/ ટીડીએસ રીટર્ન/ બેન્ક લોન. ડેટા એન્ટ્રી ફાઈનલાઈઝેશન સુધી. પાર્થઃ ૯૯૨૦૩૪૮૨૫૮ / 40047681. (બી-૧૩૭૪૮)

સર્જીકલ મોલ
Vissco / Tynor 30% ડિસ્કાઉન્ટ. વીલચેર/હોસ્પીટલબેડ/ બાયપેપ/ સીપેપ / વોકિંગ સ્ટીક વેચાણથી / ભાડેથી. એડલ્ટ ડાઈપર / બાથ ટોવેલ /ગ્લોવ્સ / કોટન હોલસેલ ભાવથી મળશે. - 9869337720. (એસડીબી-૧૮૬૫)

■ ગોદરેજ લોખંડની સુકનવંતી તીજોરી 30"x 30"x 30" વેચવાની છે. મોબાઈલઃ 9833483913. રાજુભાઈ સાયન. (કેપી-૨૫૨૨-એ)

"PROBATE OF WILL",
"Succession" and "Letter of Administration", "Transfer of Companies Share", Advice and Guidance for "Legal Matter" Also Contact for "Finance" : Contact: 76669 48197. (G/2493-A)

GOLDEN OPPORTUNITIES. Require Developers, Corporates. Big Plot. Malad (West), Mumbai. Ideal + Profitable for Many Projects. Rich Surroundings. 9320166788. (B-14108)

૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

કબાટ
ઈલેક્ટ્રોનિક તિજોરી નવા લેવા, જૂના, કલર, રીપેરીંગ, ફેક્ટરીમાંથી-9820689880. (૧૪૩૪૦-આઈ)

૩૫. જ્યોતિષ ભવિષ્ય

શ્રીચામુંડા જ્યોતિષ
લગ્નમાં રૂકાવટ, ખવડાવેલુ, પિવડાવેલુ, જૂની બીમારી, સંતાન ચિંતા, લવમેરેજ, પતિદુખ, છુટાછેડા, શત્રુથી પરેશાન. પારસ નગર, જૈન દેરાસર પાસે, શંકરગલી કાંદિવલી (વેસ્ટ). 9157999811/022-31970731. (૧૪૩૩૪/બી)

પોઝિટીવ રિઝલ્ટ
આર્થીક, માનસીક, સામાજીક, શારીરિક, લગ્નવિષયક, સંતાનસુખ, અથવા અન્ય કોઈપણ સમસ્યાના સચોટ સમાધાન માટે સંપર્ક - એસ્ટ્રોલોજી એક્સપર્ટ, વાસ્તુ કન્સલ્ટન્ટ, આધ્યાત્મિક ગુરૂ શ્રી અંકિત આચાર્યઃ એપોઈન્ટમેન્ટઃ 7021070218. (કન્સલ્ટેન્ટસી ચાર્જ 5100/=). (૧૩૪૯૮-સી)

૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

FREE DESIGNING
[Flats, Offices, Restaurants] Civil, Furniture, Plumbing, Electrical, Ceiling, Painting. 8879430789. (14254-A)

૪૪. પેસ્ટ કન્ટ્રોલ

ડીપી પેસ્ટકન્ટ્રોલ
(1997) કોક્રોચ 560/-, માકડ 660/-, ઉધઈ 760/-, ફ્લેટ, ઓફિસ, સોફા ક્લિનિંગ- 9322504177 / 8080575877. (જેપી-૪૯૧૨-ઈ)

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૩૫૪-સી)

એસ પેસ્ટીસાઈડ
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૨૭૮-સી)

૪૬. વોટર પ્રુફિંગ

લિકેજ બંધ
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ ટેરેસ, આઉટસાઈડ કેક, છજ્જા, ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ, પેઈન્ટીંગ - 9769735633 - 7977683538. (બી-૧૪૦૬૫)

વોટર પ્રુફીંગ
છજ્જા, બિલ્ડિંગ, રીપેરિંગ, પેઈન્ટિંગ, ખાત્રીથી કરાવો. 7718032111/ 7718809123/7045025782. (૧૪૩૪૯-એ)

SWAMINARAYAN WATERPROOFING
ટેરેસ, સોસાયટી, બંગલો, છજ્જા, આઉટ-ઈન વોલ, કેક ફીલીંગ, પ્લાસ્ટર, પેન્ટીંગ, બાથરૂમ, વોટરપ્રુફીંગ. 9321784252/ 9967832871. (૧૩૪૯૫-એ)

૪૭. હેલ્થ અને ફિટનેસ

તંદુરસ્ત-ચુસ્ત-ખુશ રહો
(Be Healthier - Happier & fit...) વધુ વિગતાર્થે સંપર્કઃ 'હરીશ' - 9427516111. (૧૪૨૭૫-બી)

૫૨. કુરીઅર્સ

દુનિયાભરમાં પાર્સલ
મેંગો, નાસ્તો, મસાલા, કપડાં બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર, હોંગકોંગ. 9769691025 - 26822572. (બી-૧૪૦૩૫)

INTERNATIONAL PARCEL SERVICE..
USA | UK | CANADA | DUBAI
AUSTRALIA, SINGAPORE & ALL OTHER COUNTRIES
WESTERN AIR
INTERNATIONAL COURIER & CARGO
પરદેશ પાર્સલ સેવા
CALL NOW FOR BEST RATES.
97 23 75 8484
97 23 77 8484
NOW IN KANDIVALI (W)
(14336/A)

પરદેશમાં પાર્સલ
Western Air International, USA, UK, Canada, New Zealand, Dubai, Singapore તમામ દેશમાં પાર્સલ મોકલવા - 9820605632, 9820875632. (૧૪૩૩૬-ડી)

મનસ્વી પાર્સલ
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

ફોરેન પાર્સલ
લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

હરિયાણા સ્કૂલ બસ અકસ્માતની તપાસ માટે સમિતિની રચના

ચંદીગઢઃ હરિયાણાના મહેન્દ્રગઢમાં ગુરુવારે એક સ્કૂલ બસને સંડોવતા અકસ્માતના કારણોની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. અકસ્માતમાં છ બાળકના મોત થયા હતા અને વીસ જેટલા ઘાયલ થયા હતા. એક સત્તાવાર નિવેદન અનુસાર, મહેન્દ્રગઢના ડેપ્યુટી કમિશનર મોનિકા ગુપ્તા દ્વારા દુર્ઘટનાના કારણો અને સંજોગોની તપાસ કરવા માટે સમિતિની રચના કરવામાં આવી છે. આ સંદર્ભમાં, આ બાબતની તપાસ કરવા માટે અધિક ડેપ્યુટી કમિશનર, મહેન્દ્રગઢની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે અને તેના તારણો વહેલામાં વહેલી તકે રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે જેથી તે મુજબ આગળની જરૂરી કાર્યવાહી કરી શકાય, એમ આદેશમાં જણાવાયું છે.

સમિતિમાં સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, કનિનાનો પણ સમાવેશ થશે; નાયબ પોલીસ અધિક્ષક, કનિના અને જિલ્લા શિક્ષણ અધિકારી, નારનૌલ, તે જણાવ્યું હતું.

આ અકસ્માત મહેન્દ્રગઢના કનિનાના ઉન્હાની ગામ પાસે ત્યારે થયો જ્યારે બસ લગભગ ૪૦ બાળકને જીએલ પબ્લિક સ્કૂલમાં લઈ જઈ રહી હતી.

પોલીસે જણાવ્યું હતું કે ડ્રાઇવરને અકસ્માત સ્થળે પકડવામાં આવ્યો હતો અને તેની તબીબી તપાસમાં પુષ્ટિ થઈ હતી કે તે દારૂના નશામાં હતો. તેઓએ એમ પણ કહ્યું કે બસમાં ફિટનેસ સર્ટિફિકેટ અને અન્ય દસ્તાવેજો નથી.

પોલીસે ખાનગી શાળાના પ્રિન્સિપાલ તેમજ બસના ડ્રાઇવર સહિત ત્રણની ધરપકડ કરી હતી. ■

ચૂંટણી પંચ અરુણાચલ પ્રદેશમાં કેન્દ્રીય દળોની ૧૦ વધારાની કંપનીઓ કરશે તૈનાત

ઇટાનગરઃ ચૂંટણી પંચ અરુણાચલ પ્રદેશમાં લોકસભા ચૂંટણી માટે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ)ની ૧૦ વધારાની કંપનીઓ તૈનાત કરશે. એક વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે આ જાણકારી આપી હતી. રાજ્યમાં ૫૦ વિધાનસભા બેઠકો અને બે લોકસભા બેઠકો માટે મતદાન ૧૯ એપ્રિલે યોજાશે. અરુણાચલ પ્રદેશમાં ૬૦ સભ્યોની વિધાનસભા છે અને શાસક ભાજપે ૧૦ બેઠકો બિનહરીફ જીતી લીધી છે.

મુખ્ય ચૂંટણી અધિકારી પવન કુમાર સાઈએ જણાવ્યું હતું કે, ''ચૂંટણી પંચ રાજ્યમાં ગ્રાઉન્ડ રિપોર્ટનું મૂલ્યાંકન કર્યા પછી અર્ધલશ્કરી દળોની ૧૦ વધારાની કંપનીઓ તૈનાત કરશે.'' તેમણે કહ્યું હતું કે હાલમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સીએપીએફ, રાજ્ય સશસ્ત્ર પોલીસ અને આઇઆરબીએનની કુલ ૭૦ કંપનીઓ તૈનાત છે અને આગામી સપ્તાહ સુધીમાં વધારાના દળો તૈનાત કરાશે. સાઈએ કહ્યું હતું કે રાજ્યમાં ચૂંટણી માટે સુરક્ષા કર્મચારીઓની આ અત્યાર સુધીની સૌથી વધુ તૈનાતી છે. તેમનું મુખ્ય કાર્ય લોકોમાં વિશ્વાસ અને સુરક્ષાની ભાવના પેદા કરવાનું છે. ■

ઈટાલીમાં હાઈડ્રોઈલેક્ટ્રિક પ્લાન્ટના વિસ્ફોટમાં મૃતકોમાં વધારો

રોમઃ ઉત્તરી ઇટાલીમાં ડાઇવર્સેને વિસ્ફોટમાં માર્યા ગયેલા વધુ બે શ્રમિકોના મૃતદેહ મળી આવ્યા હતા. વિસ્ફોટના કારણે અંડરગ્રાઉન્ડ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્લાન્ટ ધરાશાયી થયો હતો અને તેમાં પાણી ભરાઇ ગયું હતું. વિસ્ફોટમાં માર્યા ગયેલા વધુ બે કામદારોના મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ સાથે આ વિસ્ફોટમાં મૃતકોની કુલ સંખ્યા વધીને સાત થઇ ગઇ હતી, એમ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું.

ઉત્તર બોલોગ્ના પ્રાંતમાં એનેલ ગ્રીન પાવર પ્લાન્ટમાં મંગળવારે વિસ્ફોટ લગભગ ૪૦ મીટર (૧૩૦ ફૂટ) ઊંડે થયો હતો. પ્રચંડ વિસ્ફોટમાં ઘાયલ થયેલા અન્ય ચાર કામદારો હૉસ્પિટલમાં દાખલ છે અને તેમાંથી બેની હાલત હજુ પણ ગંભીર છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પીડિતોના મૃતદેહોને શોધવા માટે છેલ્લા બે દિવસથી ડાઇવર્સે દ્વારા અભિયાન ચલાવવામાં આવી રહ્યું હતું. આ વિસ્ફોટ એનેલ ગ્રીન પાવરના બાર્ગી પ્લાન્ટમાં પ્લાન્ટની કાર્યક્ષમતા વધારવા દરમિયાન થયો હતો, કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું હતું કે સપાટીથી નીચે આઠમા માળે ટર્બાઇન ફાટતાં આગ ભભૂકી ઉઠી હતી. ■

(B-14041)

વ્યાપક વેચવાલીના મારા વચ્ચે સેન્સેક્સમાં ૮૦૦ પોઇન્ટનો કડાકો, નિફ્ટી ૨૨,૫૦૦ની નીચી સપાટી નિકટ પહોંચ્યો

રિટેલ ઇન્ફ્લેશન પાંચ મહિનાની નીચી સપાટીએ, ઔદ્યોગિક ઉત્પાદનમાં ૫.૭ ટકાનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાના ફુગાવાના આંકની જાહેરાત પાછળ વિશ્વબજારમાં શરૂ થયેલો નરમાઇનો દોર આગળ વધતા સપ્તાહના અંતિમ દિવસે સ્થાનિક બજારમાં પણ વેચવાલીનું દબાણ વધ્યું હતું અને સેન્સેક્સમાં ૮૦૦ પોઇન્ટનો કડાકો જોવા મળ્યો હતો, જ્યારે નિફ્ટી પણ ૨૨,૫૦૦ની નીચી સપાટીની નજીક ધકેલાઇ ગયો હતો. યુએસ સીપીઆઈ ફુગાવાના ડેટા દ્વારા રોકાણકારોનું સેન્ટિમેન્ટ ડહોળાયું હતું. ફેડરલ રિઝર્વ દ્વારા જૂન મહિનામાં વ્યાજ દરમાં કાપ મૂકાવાની આશા પર પાણી ફરી વળવા સાથે તેમ જ યુએસ ટ્રેઝરી બોન્ડ યીલ્ડમાં વધારો થવાથી સેન્ટિમેન્ટ ખરડાયું હતું. દરમિયાન રિટેલ ઇન્ફ્લેશન માર્ચ મહિનામાં ૪.૮૫ ટકાની પાંચ મહિનાની નીચી સપાટીએ ધકેલાયું છે, જ્યારે ઔદ્યોગિક ઉત્પાદન આંક ફેબ્રુઆરીમાં ૫.૭ ટકા વધ્યો છે.

સેન્સેક્સ અને નિફ્ટીએ ૧૨ એપ્રિલે વ્યાપક જોરદાર અને એકધારી વેચવાલીના દબાણને કારણે એક ટકાના નોંધપાત્ર ધોવાણનો ફટકો ખાધો છે. તમામ સેકટરલ ઇન્ડેક્સમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. કુલ ટ્રેડેડ શેરોમાં લગભગ ૧,૨૮૦ શેર વધ્યા, ૨,૦૧૭ શેર ઘટ્યા અને ૬૪ શેર યથાવત રહ્યા હતા.

સત્રને અંતે સેન્સેક્સ ૭૯૩.૨૫ પોઈન્ટ અથવા ૧.૦૬ ટકા ઘટીને ૭૪,૨૪૪.૯૦ પોઇન્ટની સપાટી પર અને નિફ્ટી ૫૦ ૨૩૪.૪૦ પોઈન્ટ અથવા ૧.૦૩ ટકા ઘટીને ૨૨,૫૧૯.૪૦ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો.

સન ફાર્મા, મારુતિ, પાવર ગ્રીડ, ટાઇટન, જેએસડબલ્યુ સ્ટીલ, ટેક મહિન્દ્રા, લાર્સન એન્ડ ટૂબ્રો અને સ્ટેટ બેન્ક ટોપ લુઝર્સની યાદીમાં હતા. જ્યારે ટાટા મોટર્સ, ટીસીએસ અને નેસ્લે ટોપ ગેઇનર્સ હતા. ભારતી હેક્સાકોમનો શેર શેરબજારની નબળી સ્થિતિ વચ્ચે ૩૨.૪૫ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા બાદ તેના રૂ. ૫૭૦ના ઇશ્યૂ ભાવ સામે ૪૩ ટકાના ઉછાળા સાથે રૂ. ૭૫૫.૨૦ની સપાટીએ પહોંચ્યો હતો.

વોડાફોન આઇડીઆ રૂ. ૧૮,૦૦૦ કરોડનો એફપીઓ લાવી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૦થી રૂ. ૧૧ નક્કી થઇ છે. દેશની આ સૌથી મોટા એફપીઓની ઓફર ૧૮મી એપ્રિલે ખૂલશે. ટીસીએસના શેર કંપની દ્વારા પરિણામની જાહેરાત અગાઉ ૧૨ એપ્રિલે એનએસઇ પર ૦.૫ ટકા વધીને રૂ. ૪,૦૦૩.૮૦ પર સ્થિર થયા હતા. એનસીએલએટીએ ડેક્કન ચાર્ટર્સ સામેની નાદારીને લગતી કાનૂની કાર્યવાહી સામે ૨૬ એપ્રિલ સુધી મનાઇ હૂકમ ફરમાવ્યો છે.

એચપી ઇન્ડિયાએ ભારતીય બજારમાં પહેલી વાર એઆઇ એન્હેન્સ્ડ ગેમીંગ અને ક્રીએશન લેપટોપ મૂકી રહી છે. આ ઓમેન ટ્રાન્સેંડ ૧૪ અને એચપી એન્વી એક્સ૩૬૦ ૧૪ લેપટોપ અદ્યતન ફિચર્સ ધરાવે છે. નવી સીરીઝના બંને લેપટોપ ઇન્ટેલ કોર અલ્ટ્રા પ્રોસેસર્સ ધરાવે છે. એચપી ઇન્ક ૧૭૦ દેશમાં હાદજરી ધરાવે છે.

નિફ્ટીમાં ડિવિસ લેબોરેટરીઝ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, નેસ્લે અને ટીસીએસ ટોપ ગેઇનર્સ શેરોની યાદીમાં રહ્યાં હતાં, જ્યારે સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝ, મારૂતિ સુઝુકી, પાવર ગ્રીડ કોર્પ અને ટાઇટન કંપની સૌથી વધુ ઘટનારા મુખ્ય શેરોની યાદીમં હતાં.

તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા હતા. નિફ્ટી ફાર્મા અને નિફ્ટી હેલ્થકેરને સૌથી વધુ નુકસાન થયું હતું કારણ કે તેમાં અનુક્રમે ૧.૮ ટકા અને ૧.૫ ટકાનો કડાકો હતો. નિફ્ટી મીડિયા, નિફ્ટી પીએસયુ બેન્ક અને નિફ્ટી એફએમસીજી એક ટકાથી વધુ ઘટીને બંધ થયા છે. એનએસઇ મિડકેપ ઇન્ડેક્સ પણ ૦.૪ ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૫ ટકા ઘટ્યો હતો.

અમેરિકાના ડેટા અને વૈશ્વિક બજારો પર તેની નકારાત્મક અસરને પગલે અહી મુંબઇ સમાચાર દ્વારા પાછલા અંકમાં પ્રકાશિત કરવામાં આવેલી ધારણાં અનુસાર સ્થાનિક બેન્ચમાર્ક શેરઆંકો શુક્રવારે નબળા ટોન સાથે ખૂલ્યા હતા. વૈશ્વિક બજારના નબળા સંકેતોની સાથે, ટીસીએસ ટીસીએસ તેના માર્ચ ક્વાર્ટરની કામગીરીની જાહેરાત સાથે કોર્પોરેટ સેકટરની માર્ચ ક્વાર્ટરની કમાણીની સિઝનની શરૂઆત કરે એ પહેલાંની બજારમાં સાવચેતીનો માહોલ રહ્યો હતો.

બજારના નિષ્ણાતો અનુસાર અપેક્ષા કરતાં વધુ ઊંચા યુએસ ફુગાવાને કારણે યુએસ બોન્ડની યીલ્ડમાં વધારો કર્યો છે. આ બાબત એફપીઆઈના પ્રવાહ માટે નકારાત્મક છે, પરંતુ તે ભારતીય બજારને અસર કરે તેવી શક્યતા નથી, કારણ કે ભારતીય બજાર સ્થિતિસ્થાપક છે. એ બાબત નોંધવી રહી કે પાછલા સત્રમાં બુધવારે વિદેશી ફંડોએ રૂ. ૨૭૭૮.૧૭ કરોડની લેવાલી નોંધાવી હતી. ગુરુવારે બજાર રમઝાન ઇદ નિમિત્તે બંધ રહ્યું હતું.

બીજી મહત્વની બાબત એ છે કે સ્થાનિક તેજી મુખ્યત્વે સ્થાનિક રિટેલ ઇન્વેસ્ટર્સ અને સંસ્થાકીય ફંડો (ડીઆઇઆઇ) દ્વારા ઠલવાતી પ્રવાહિતા મારફત સંચાલિત થઇ રહી છે અને બજારમાં ભરપૂર પ્રવાહિતા મોજૂદ છે. વાસ્તવમાં બજારના સાધનો માને છે કે, સંભવિત ઘટાડાથી બજારને મજબૂતી મળે તેવી શક્યતા છે. આ પરિસ્થિતિમાં રોકાણકારોને નિષ્ણાતો એવી સલાહ આપી રહ્યા છે કે,જ્યાં સલામતીનું માર્જિન ઊંચું હોય એવા ઉચ્ચ ગુણવત્તા ધરાવતા બ્લુ ચિપ લાર્જકેપ ખરીદવા માટે રોકાણકારો ઘટાડે લેવાલીનો ઉપયોગ કરી શકે છે.

વૈશ્વિક બજારોમાં એશિયન ઇક્વિટી બજારોની ગતિ શુક્રવારે ધીમી રહી હતી, કારણ કે રોકાણકારો અમેરિકાના અનિશ્ચિત ફુગાવાના વલણો વચ્ચે વ્યાજ દરમાં ઘટાડા અંગે ફેડરલ રિઝર્વના વલણ પર આશંકિત રહ્યા છે. બદલાયેલા સંજોગોમાં આ વર્ષે ફેડરલ હવે ઇન્ટરેસ્ટ રેટમાં માત્ર બે વખત કપાતની જાહેરાત કરે એવી શકયતા છે, જે અગાઉ ફેડ અધિકારીઓ દ્વારા અંદાજવામાં આવેલા ત્રણ રેટ કટ સામે ઘટાડો દર્શાવે છે.

નિક્કી ૨૨૫ ૦.૫% ના ઉછાળા સાથે એશિયા પેસિફિક ક્ષેત્રમાં જાપાન સકારાત્મક રીતે બહાર આવ્યું છે. યુ.એસ.ના બજારોમાં ઉછાળાને કારણે ટેક શેરોએ ઉછાળાની આગેવાની લીધી હતી. દરમિયાન, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ ૦.૩૯ ટકા અને સિંગાપોરનો સ્ટ્રેટ ટાઇમ્સ ઇન્ડેક્સ ૦.૧૨ ટકા ઘટ્યો હતો. બંને દેશોની કેન્દ્રીય બેંકોએ તેમની વર્તમાન નીતિઓ જાળવી રાખી છે. પ્રોપર્ટી શેરના દબાણને કારણે હેંગસેંગમાં ૧.૩૧ ટકાનો ઘટાડો થતાં હોંગકોંગે સૌથી વધુ નોંધપાત્ર ઘટાડો અનુભવ્યો હતો. બીજી તરફ મેઇનલેન્ડ ચીનની બ્લુ ચિપ્સ કંપનીઓના શેરોમાં સ્થિરતા જોવા મળી હતી. ■

ટીસીએસએનો ચોખ્ખો નફો નવ ટકા વધીને ₹ ૧૨,૪૩૪ કરોડ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આઇટી ક્ષેત્રની અગ્રણી ટાટા કન્સલ્ટન્સી સર્વિસે ૧૨ એપ્રિલે તેના ચ૪ નાણાકીય વર્ષ ૨૦૨૪ના માર્ચ ક્વાર્ટરના નાણાકીય પરિણામો સાથે ટેક કંપનીઓ માટે કમાણીની સીઝનની શરૂઆત કરી છે. કંપનીએ ૩૧ માર્ચના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે ૯.૧ ટકાના વધારા સાથે રૂ. ૧૨,૪૩૪ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. માર્ચ, ૨૦૨૪, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં રૂ. ૧૧,૩૯૨ કરોડથી વધુ છે.

માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ ૩.૫ ટકાના વધારા સાથે રૂ. ૬૧,૨૩૭ કરોડની રેવેન્યુ નોંધાવી છે. ટીસીએસે શેરદીઠ રૂ. ૨૮નું અંતિમ ડિવિડંડ જાહેર કર્યું છે. ઓપરેટીંગ માર્જિન ૧.૫૦ ટકા વધીને ૨૬ ટકા નોંધાયું છે. રેગ્યુલેટરી નોટમાં કંપનીએ આપેલી માહિતી અનુસાર રાજકોષીય વર્ષ ૨૦૨૩-૨૪માં કંપનીનો ચોખ્ખો નફો નવ ટકા વધીને રૂ. ૪૫,૯૦૮ કરોડની સપાટીએ રહ્યો હતો. ■

મથકો પાછળ દેશી અને વિશ્વ બજાર પાછળ આયાતી ખાદ્યતેલમાં નરમાઈ, વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૫૮ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં એક તબક્કે ૮૨ રિંગિટનો ઘટાડો આવ્યા બાદ અંતે ૩૯ રિંગિટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ અને ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો તથા કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. આમ વિશ્વ તથા સ્થાનિક બજારનાં નરમાઈતરફી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ દેશી-આયાતી તેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

દરમિયાન ગત તા. ૧થી ૧૦ એપ્રિલ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ગત માર્ચ મહિનાના સમાનગાળાના ૩,૮૨,૬૪૦ ટન સામે ૧૨.૬૯ ટકા વધીને ૪,૩૧,૧૯૦ ટનની સપાટીએ રહી હોવાનું કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસે પ્રાથમિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૧૦ કિલોદીઠ આયાતી તેલમાં સોયા ડિગમ અને સન ક્રૂડમાં રૂ. ૧૦, આરબીડી પામોલિનમાં રૂ. આઠ અને ક્રૂડ પામતેલ, સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં સિંગતેલ અને સરસવતેલના ભાવમાં રૂ. ૧૦ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. એકંદરે આજે ભાવમાં ઘટાડાતરફી વલણ ઉપરાંત ગઈકાલે બજાર રમઝાન ઈદ નિમિત્તે બંધ રહી હોવાથી સ્થાનિકમાં આરબીડી પામોલિનના સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૫૭ આસપાસના મથાળે તેમ જ રૂચી તથા અલાનાના ડાયરેક્ટ ડિલિવરી શરતે છૂટાછવાયા વેપાર થયાના અહેવાલ હતા. જોકે, આજે મોડી સાંજે ગોલ્ડન એગ્રી અને અલાનાના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૯૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૯૬૫ અને સનફ્લાવરના ૧૫થી ૩૦ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૬૦ અને મે ડિલિવરી શરતે રૂ. ૯૫૭ તથા સોયા રિફાઈન્ડના ૧૫થી ૩૦ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૬૨.૫૦ અને મે ડિલિવરી શરતે રૂ. ૯૫૭.૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૬૦, ક્રૂડ પામતેલના રૂ. ૯૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૯૬૦, સોયા ડિગમના રૂ. ૯૧૫, સન રિફાઈન્ડના રૂ. ૯૫૦, સન ક્રૂડના રૂ. ૮૭૦, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૯૦ અને સરસવના રૂ. ૧૦૪૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૨૫થી ૯૩૫માં અને રૂ. ૧૪૫૦માં તથા તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૩૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશના મથકો પર અંદાજે ૨.૬૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૬૦૦થી ૪૭૨૫માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૮૨૫થી ૪૯૨૫માં થયા હતા, જ્યારે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૫૫થી ૯૬૦માં થયાના અહેવાલ હતા. ■

વિકસીત ભારતમાં ટ્રેડરોની ભૂમિકા પર પરિસંવાદ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ ફેડરેશન ઑફ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (ફામ) અને ગ્રેઈન રાઈસ ઍન્ડ ઑઈલસીડ્સ મર્ચન્ટ્સ એસોસિયેશન (ગ્રોમા)નાં ઉપક્રમે આગામી રવિવાર તા. ૧૪ એપ્રિલના રોજ વિકસીત ભારતમાં ટ્રેડરોની ભૂમિકા વિષય પર એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

મુંબઈમાં કાંદિવલી પૂર્વમાં ઠાકુર કોમ્પ્લેક્સમાં કેમ્બ્રીજ સ્કૂલની સામે આવેલા તેરાપંથ ભવનમાં આ પરિસંવાદનું આયોજન નવી દિલ્હીમાં તેરાપંથ ભવનમાં આ પરિસંવાદ રાખવામાં આવ્યો છે, જેમાં મુખ્ય પ્રવક્તા તરીકે ફ્રાન્સ સ્થિત કેપજેમિનીના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિભાગના સીટીઓ અને ઉપપ્રમુખ મુકેશ જૈન વેપાર વૃદ્ધિમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ભૂમિકા અંગે વક્તવ્ય આપશે.

આ પરિસંવાદમાં વાણિજ્ય અને ઉદ્યોગ, ગ્રાહક બાબતો, અનાજ અને જાહેર વિતરણ ખાતા અને ટેક્સ્ટાઈલ ખાતાના પ્રધાન પિયૂષ ગોયલ અને નેશનલ ટ્રેડર્સ વેલફેર બોર્ડના અધ્યક્ષ સુનીલ સિંઘજી ઉપસ્થિત રહેશે. વધુમાં આ સેમિનારમાં વેપારી આલમને હાજરી આપવા ફામનાં પ્રમુખ જિતેન્દ્ર શાહ અને ડિરેક્ટર પ્રિતેશ શાહ તથા ગ્રોમાના પ્રમુખ શરદકુમાર મારુએ અનુરોધ કર્યો છે. ■

ટીન અને નિકલમાં નફારૂપી વેચવાલીએ ઘટાડો, અન્ય ધાતુમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં વિવિધ ધાતુઓના ભાવમાં આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું, જ્યારે ટીન અને નિકલમાં એકતરફી તેજી બાદ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯ અને રૂ. ૩૫નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને નિકલમાં એકતરફી તેજીનું વલણ રહ્યા બાદ આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯ ઘટીને રૂ. ૩૧૧૦ અને રૂ. ૩૫ ઘટીને રૂ. ૧૫૨૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૭૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે અન્ય તમામ ધાતુઓમાં આગેકૂચ જળવાઈ રહી હતી, જેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ વધીને રૂ. ૮૫૧, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૮૦૬, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૭૯૪, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૭૭૩, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૧૭ અને રૂ. ૫૫૦, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૨૪૯, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૫૧૫ અને રૂ. ૨૩૩ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૯૩ના મથાળે રહ્યા હતા. ■

વૈશ્વિક સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવ ઔંસદીઠ ૨૪૦૦ ડૉલરની નજીક, બજારમાં સ્થિરતા લાવવા વિયેટનામ ગોલ્ડ બારનો પુરવઠો વધારશે

શુદ્ધ સોનાએ ₹ ૧૩૫૧ની તેજી સાથે ₹ ૭૩,૦૦૦ની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત માર્ચ મહિનામાં અમેરિકામાં ફુગાવામાં વધારો થવાથી વ્યાજદરમાં વહેલી કપાતની શક્યતા ધૂંધળી બની હોવા છતાં મધ્યપૂર્વનાં દેશોમાં વધી રહેલા રાજકીય-ભૌગોલિક તણાવને કારણે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનામાં સલામતી માટેની માગ પ્રબળ બની હતી અને ભાવ ઔંસદીઠ ૨૪૦૦ ડૉલરની નજીક પહોંચ્યા હતા.

તેમ જ ચાંદીના ભાવ પણ ઔંસદીઠ ૨૯ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા. જોકે, બજારમાં સ્થિરતા લાવવા માટે વિયેટનામ સેન્ટ્રલ બૅન્ક બજારમાં ગોલ્ડ બારના પુરવઠામાં વધારો કરશે, એવા અહેવાલો વહેતા થયા હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૪૬થી ૧૩૫૧ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાએ રૂ. ૭૩,૦૦૦ની સપાટી કુદાવી હતી. તેમ જ ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૧૪૭૬ ઉછળીને રૂ. ૮૩,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા.

દરમિયાન આજે સ્થાનિકમાં સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતર વધી આવતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૪૬ વધીને રૂ. ૭૨,૮૮૧ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૫૧ વધીને રૂ. ૭૩,૧૭૪ના મથાળે પહોંચ્યા હતા. જોકે, આગઝરતી તેજીમાં રોકાણકારો, સ્ટોકિસ્ટો અને જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ હતો અને રિટેલ સ્તરની માગ પણ તળિયે બેસી ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તેમ જ આજે ચાંદીમાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની માગ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૭૬ વધીને રૂ. ૮૩,૮૧૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે જ્વેલરી ઉત્પાદકોની માગ શુષ્ક અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખફપૂરતી રહી હતી.

તાજેતરમાં મધ્યપૂર્વનાં દેશોમાં વધી રહેલા તણાવને કારણે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સોનામાં સલામતી માટેની વધેલી માગ ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ટેકે હાજરમાં એક તબક્કે ભાવ વધીને ઔંસદીઠ ૨૩૯૮.૪૯ ડૉલર સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે વધુ ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૨૩૯૫.૫૬ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૧.૮ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૨૪૧૪.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે બે ટકાની તેજી સાથે ઔંસદીઠ ૨૯.૦૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવર્તી રહેલા યુદ્ધના માહોલને કારણે હાલ રોકાણકારોની સોનામાં સલામતી માટેની લેવાલી પ્રબળ રહે છે અને સાથે સાથે કેન્દ્રવર્તી બૅન્કોની નીકળેલી લેવાલી તેજીને પ્રેરકબળ પૂરુ પાડી રહી હોવાનું એસીવાય સિક્યોરિટીઝના એનાલિસ્ટ લ્યુકા સેન્ટોસે જણાવ્યું હતું.

વધુમાં સિલ્વર બુલિયન ડીલર વિન્સન્ટ ટાઈએ જણાવ્યું હતું કે વૈશ્વિક સોનાએ ૪૨ મહિનાનો કોન્સોલિડેશનનો તબક્કો પસાર કર્યો હોવાથી આગામી બે મહિના સુધી ભાવમાં તેજીનો અન્ડરટોન જળવાઈ રહે તેવી શક્યતા છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં યુરોપિયન સેન્ટ્રલ બૅન્કે જૂન મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરવાનો અણસાર આપ્યો હતો. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

ઓપન ઈ-ટેન્ડર નોટિસ

ટેન્ડર નં. EL/TRD/Tender/23-24/31, ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ ટીઆરડી), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390004 દ્વારા નીચે જણાવેલ કામ માટે ટેન્ડર આમંત્રિત છે. **અ.નં. 1 ટેન્ડર નં. અને કામનું નામ: EL/TRD/Tender/23-24/31,**વડોદરા ડિવિઝનના વડોદરા - છોટાઉદેપુર, વડોદરા - ગેરતપુર અને આણંદ - ખંભાત સેકશનમાં પ્લેટફોર્મ વધારવાના સંદર્ભમાં નાયલોન નેટની જોગવાઈ સહિત OHE ફેરફારની કામગીરી. **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 42,56,399/- **બિડ સુરક્ષા:** ₹ 85,100/- **ટેન્ડર ડોક્યુમેન્ટ્સની કિંમત અને પૂર્ણ કરવાનો સમયગાળો:** પૂર્ણ કરવાનો સમયગાળો 12 મહિના, **ટેન્ડરનું શિડ્યુલ:** ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય: તા. 06.05.2024 ના રોજ 15:00 કલાકે. **વેબપેજની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે. અને માહિતી માટે ઓફિસનું સરનામું:** વેબસાઈટ @ **www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ ટીઆરડી), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390004

(EL/TRD/Tender/23-24/31 dtd. 08/04/2024) 378

અમને લાઇક કરો: facebook.com/WesternRly

ડૉલર સામે રૂપિયો સાત પૈસા ગબડ્યો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ, ડૉલર ઈન્ડેક્સમાં સુધારો તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તેજીનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત બુધવારના બંધ સામે સાત પૈસા ગબડીને ૮૩.૪૮ની સપાટીએ રહ્યો હતો. જોકે, ગત બુધવારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૭૭૮.૧૭ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતાં થોડાઘણાં અંશે ઘટાડો સિમિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ફોરેક્સ માર્કેટ રમઝાન ઈદ નિમિત્તે બંધ રહી હતી.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત બુધવારના ૮૩.૩૧ના બંધ સામે સાધારણ નરમાઈ સાથે ૮૩.૩૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૪૮ અને ઉપરમાં ૮૩.૩૬ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે સાત પૈસા ગબડીને ૮૩.૩૮ના મથાળે બંધ રહ્યો હતો.

અમેરિકા ખાતે ગત માર્ચ મહિનામાં ફુગાવામાં વધારો થયો હોવાના અહેવાલ સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૫૧ ટકા વધીને પાંચ મહિનાની ઊંચી ૧૦૫.૮૨ આસપાસની સપાટીએ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૭ ટકા વધીને બેરલદીઠ ૯૦.૬૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૯૩.૨૫ અને ૨૩૪.૪૦ પૉઈન્ટ ઘટીને બંધ રહેતા ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો. ■

શેરબજારમાં મંદીઃ તમામ સેકટરલ ઈન્ડેક્સ નેગેટીવ ઝોનમાં ધકેલાયા

મુંબઇઃ શેરબજારમાં મંદી

મહાયુતિમાં મનસેનું આગમન

એડવાન્ટેજ એકનાથ શિંદે

મનસેનો ટેકો ભાજપને છે, પરંતુ ફાયદો એકનાથ શિંદેની શિવસેનાને થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીની ધમાલ વચ્ચે મનસેએ મહાયુતિને બિનશરતી ટેકો જાહેર કરી દેતાં મહારાષ્ટ્રના રાજકારણમાં ગણિત બદલાઈ રહ્યાં હોવાનું જોવા મળી રહ્યું છે. મનસેના અધ્યક્ષ રાજ ઠાકરેએ નરેન્દ્ર મોદીને એટલે કે ભાજપને લોકસભાની ચૂંટણીમાં બિનશરતી ટેકો જાહેર કર્યો છે અને વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિમાં સામેલ થવાના સંકેત આપ્યા છે. રાજ્યના રાજકીય વિશ્લેષકોને મતે આવું થશે તો સૌથી વધુ ફાયદો એકનાથ શિંદેને થશે.

રાજ ઠાકરે દ્વારા લોકસભાની ચૂંટણીમાં વડા પ્રધાન પદ માટે નરેન્દ્ર મોદીને બિનશરતી ટેકો આપવાની જાહેરાત કરી દેવામાં આવી હતી. આ જાહેરાતને પગલે હવે મહારાષ્ટ્રમાં રાજકીય સમીક્ષકોમાં અનેક તર્કવિતર્ક (જુઓ પાનું ૪) ▶▶

હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી કાઢી

નિયમ અનુસાર શહીદની પત્નીને લાભ કેમ ન આપ્યા?

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારની ભૂતપૂર્વ સૈનિકો માટેની નીતિ હેઠળ જમ્મુ અને કાશ્મીરમાં શહીદ થયેલા આર્મી મેજરની પત્નીને લાભ આપવાનો નિર્ણય લેવામાં નિષ્ફળતા બદલ બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે નારાજગી વ્યક્ત કરી હતી. આ મામલાને સ્પેશિયલ કેસ તરીકે ગણવાનો આદેશ અદાલતે મુખ્ય પ્રધાનને આપ્યો હોવા છતાં સરકારના નિર્ણય નહીં લેવાના વલણ બદલ ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ ફિરદોશ પૂનીવાલાની ખંડપીઠે 'નારાજગી' અને 'આશ્ચર્ય' વ્યક્ત કર્યા હતા. અદાલત ૨૦૧૯ અને ૨૦૨૦ના બે (જુઓ પાનું ૪) ▶▶

સુનેત્રા પવારના પોસ્ટરમાં રાજ ઠાકરે, રાજકીય વર્તુળોમાં ચર્ચા ગરમ

બારામતીઃ લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્રમાં પ્રચાર ઝુંબેશ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. મનસેના વડા રાજ ઠાકરે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની પત્ની સુનેત્રા પવારના પ્રચારમાં ઉતર્યા છે. એનસીપીના નેતાનાં પત્ની સુનેત્રા પવારની પ્રચાર પત્રિકા પર પણ રાજ ઠાકરેની તસવીર જોવા મળી છે. બારામતી લોકસભા ચૂંટણી માટે એનડીએના ઉમેદવાર સુનેત્રા પવારની પ્રચાર પત્રિકા પર રાજ ઠાકરેની તસવીર જોવા મળ્યા બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

મનસેના રાજ ઠાકરેએ મહાયુતિને પોતાનું બિનશરતી સમર્થન આપ્યું છે, જે બાદ પ્રચારમાં તેમની તસવીરો દેખાવા લાગી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, (જુઓ પાનું ૪) ▶▶

પ્રોપર્ટી ટેક્સ પચીસ મે સુધી નહીં ભરનારા સામે દંડાત્મક કાર્યવાહીની પાલિકાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાઓને ૨૦૨૩-૨૪ના આર્થિક વર્ષ માટે તેમનો બાકી રહેલા પ્રોપર્ટી ટેક્સ વહેલામાં વહેલી તકે ભરી દેવાની મુંબઈ મહાનગરપાલિકાએ સૂચના આપી છે. ૨૫ મે, ૨૦૨૪ સુધીની મુદતમાં પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા સામે આકરા દંડાત્મક પગલા લેવાની ચીમકી પાલિકાએ આપી છે.

પ્રોપર્ટી ટેક્સ સમયસર નાગરિકો ભરી શકે તે માટે પાલિકા દ્વારા સોશિયલ મિડિયા, અખબાર સહિત અનેક માધ્યમથી અપીલ કરવામાં આવી હતી. પ્રોપર્ટી ટેક્સ લોકો ભરી શકે તે માટે સાર્વજનિક રજાના દિવસે પણ વોર્ડમાં તેમ જ નાગરી સુવિધા કેન્દ્ર ચાલુ કરવામાં આવ્યા હતા. છતાં હજી પણ અનેક મિલકતધારકોએ પોતાના પ્રોપર્ટી (જુઓ પાનું ૪) ▶▶

શું શરદ પવાર ખરેખર એનડીએમાં જોડાવા માગતા હતા?

પ્રફુલ્લ પટેલ બાદ હવે ભુજબળ પણ બોલ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ચૂંટણીના પ્રથમ તબક્કાનો પ્રચાર ચાલી રહ્યો છે ત્યારે બીજા તબક્કાની રાજકીય દાવા-પ્રતિદાવા અને નિવેદનોમાં વધારો થયો છે. એનસીપીના નેતા પ્રફુલ્લ પટેલના દાવા બાદ હવે છગન ભુજબળે પણ કહ્યું છે કે શરદ પવાર આ પહેલાં પણ એનડીએમાં જોડાવા માગતા હતા. આ અગાઉ પ્રફુલ્લ પટેલે એવો દાવો કર્યો હતો કે શરદ પવાર એનડીએમાં જોડાવા માટે ૨૦૨૩માં ૫૦ ટકા તૈયાર થઈ ગયા હતા

મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણીના વાતાવરણમાં અત્યારે એક નવી ચર્ચા શરૂ થઈ છે કે શું શરદ પવાર ખરેખર ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએનો ભાગ બનવા માંગતા હતા. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા પ્રફુલ્લ પટેલના દાવા બાદ પવારના એક સમયના અત્યંત નજીકના સાથી છગન ભુજબળે પણ તેને સાચો હોવાનું કહ્યું (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

હાફકિન વધુ ૧૬ દવાનું ઉત્પાદન કરશે

મુંબઈઃ રાજ્ય સરકારે હાફકિન ઈન્સ્ટિટ્યૂટને વધુ ૧૬ દવાના ઉત્પાદન માટે મંજૂરી આપી છે. આ નિર્ણયને પગલે હાફકિન દ્વારા ઉત્પાદન કરવામાં આવતી દવાની સંખ્યા ૨૫થી વધારે થઈ જશે. હાફકિન જીવ ઔષધ નિર્માણ મહામંડળ દ્વારા ઉત્પાદિત સર્પદંશ, વીંછી દંશ તેમજ પોલિયોની રસી અને તાવ - ઉધરસની દવાની માગણી વિશ્વભરમાં છે. ૨૦૨૩માં હાફકિને ૨૦૪ કરોડ રૂપિયાની દવાનું વિક્રમી વેચાણ કર્યું હતું. હાફકિન દ્વારા નિર્મિત સર્પદંશની રસીની શ્રીલંકા, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ભૂતાન, નેપાળ જેવા પાડોશી દેશમાં ભારે માંગ છે. પોલિયોની રસીની માગણી વિશ્વના ૪૫ દેશમાં છે. આ કારણસર ગયા (જુઓ પાનું ૪) ▶▶